અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

પલક તિવારીએ ઈબ્રાહિમ અલી સાથેના સંબંધો પર ખુલાસો...



પેજ-09

હરિયાણાના અંશુલે કેરળ સામે એક ઈનિંગમાં 10 વિકેટ ઝડપી

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 18.00 |
| વડોદરા | 33.00 | 19.00 |
| સુરત | 33.00 | 22.00 |

પેજ 5




લાંબા ગાળામાં સોના, FD અને પ્રોપર્ટી કરતાં ઈક્વિટીમાં વધુ વળતર : મોર્ગન...


17 NOVEMBER-2024 SUNDAY


અમેરિકામાં બેરોજગારીનું સંકટ..!: આ કારણે વિવેક રામાસ્વામીનો...



પેજ 10

.....સુવિચાર.....

ભુલો એ જીવનનો અહમ હિસ્સો છે, તેને સ્વિકાર કરવાનું સાહસ ખૂબ જ ઓછા લોકોમાં હોય છે!


વર્ષ-13 । અંક-359 । વિક્રમ સંવત-2081 । કારતક વદ-02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## ધારાવીની જમીન અદાણીને આપવા માગતા હતા, માટે મહારાષ્ટ્રમાં સરકાર પાડી હતી

# મોદી બંધ રૂમમાં બંધારણની હત્યા કરે છે : રાહુલ ગાંધી

(એજન્સી) મુંબઈ । તા. 16

કોંગ્રેસનેતા અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ શનિવારે કહ્યું - નરેન્દ્ર મોદી અને ભાજપના લોકો બંધ રૂમમાં બંધારણની હત્યા કરે છે. જ્યારે અદાણી, અમિત શાહ અને ભાજપના લોકો મહારાષ્ટ્ર સરકારને પાડવા માટે બેઠકમાં બેઠા હતા ત્યારે શું તેઓ બંધારણની રક્ષા કરી રહ્યા હતા? આજે આખું મહારાષ્ટ્ર જાણે છે કે તે સરકાર ધારાવીના કારણે પાડવામાં આવી હતી, કારણ કે ભાજપ-નરેન્દ્ર મોદી ધારાવીની જમીન તેમના મિત્ર અદાણીને આપવા માંગતા હતા. ખરેખરમાં, મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજિત પવારે હાલમાં જ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે 2019માં ભાજપ-એનસીપી વચ્ચે સરકાર બનાવવા માટે થયેલી ડીલ માટે ઘણી બેઠકો થઈ હતી. આ બેઠકોમાં ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પણ સામેલ થયા હતા. મહારાષ્ટ્રમાં 288 વિધાનસભા બેઠકો માટે 20 નવેમ્બરે મતદાન થવાનું છે. મહાવિકાસ આઘાડી ગઠબંધનમાં કોંગ્રેસ સૌથી વધુ 103 સીટો પર ચૂંટણી લડી રહી છે.



### ભાજપ- RSSને લાગે છે કે બંધારણનું પુસ્તક નકામું છે

બંધારણનું પુસ્તક દેશનું DNA છે. તેમાં શિવાજી મહારાજ, મહાત્મા ગાંધી અને આંબેડકરની વિચારસરણી છે, પરંતુ ભાજપ અને RSS ના લોકો આ સમજી શકતા નથી. તેમના માટે તે પુસ્તક નકામું છે. મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીના મતદાનના 4 દિવસ પહેલા પ્રચાર માટે અમરાવતી પહોંચેલા રાહુલ ગાંધીએ કહ્યું કે બંધારણની પુસ્તક અમારા માટે માત્ર એક પુસ્તક નથી. આ પુસ્તકમાં જે લખ્યું છે તેના માટે હજારો વર્ષોથી ભારતમાં લોકો લડી રહ્યા છે અને બલિદાન આપી રહ્યા છે.

## રાહુલે કહ્યું- PM મોદીને બાઈડેનની જેમ ભૂલવાની બિમારી : ભાષણ આપતી વખતે ભૂલી જાય છે કે શું બોલવાનું છે, પાછળથી યાદ અપાવવી પડે છે

(એજન્સી) અમરાવતી । તા. 16

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ શનિવારે મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તુલના અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે કરી હતી. રાહુલે કહ્યું- 'મોદીજીની યાદશક્તિ નબળી પડી રહી છે, અમેરિકન રાષ્ટ્રપતિ પણ ભૂલવાની બિમારીથી પીડિત છે.' રાહુલે કહ્યું કે મારી બહેને મને કહ્યું કે આ દિવસોમાં મોદીજી તેમના ભાષણમાં એ જ કહી રહ્યા છે જે આપણે કહીએ છીએ. કદાચ મોદીજી યાદશક્તિ ગુમાવી ચૂક્યા છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ પણ ભાષણ આપતી વખતે ભૂલી જતા હતા. કંઈક કહેવું હતું અને બીજું કહેતા હતા. પછી પાછળથી તેમને કહેવામાં આવ્યું કે આ ન બોલો. યુક્રેનના રાષ્ટ્રપતિ આવ્યા હતા, અમેરિકાના રાષ્ટ્રપતિએ તેમને રશિયાના રાષ્ટ્રપતિ પુતિન ગણાવી દીધા હતા. તેની પાછળ ઉભેલા લોકોએ કહ્યું કે તેઓ રશિયાના નથી, તે યુક્રેનના છે. તેમને ભૂલવાની બિમારી હતી. આ રીતે આપણા વડાપ્રધાને યાદશક્તિ ગુમાવી દીધી છે. રાહુલે કહ્યું- PM અમારા ભાષણની વાતોનું પુનરાવર્તન કરી રહ્યા છે રાહુલે કહ્યું કે કદાચ આગામી મિટિંગમાં વડાપ્રધાન મોદી તમને કહેશે કે મહારાષ્ટ્ર સરકાર સોયાબીન માટે પ્રતિ ક્વિન્ટલ 7 હજાર રૂપિયા આપે છે. મેં કહ્યું કે ભાજપ બંધારણ પર હુમલો કરી રહી છે, તેઓ કહે છે કે કોંગ્રેસ પાર્ટી બંધારણ પર હુમલો કરી રહી છે. હું દરેક ભાષણમાં સંવિધાનની કોપી લઈને આવું છું, બતાવું છું અને એક વર્ષમાં હું કહી રહ્યો છું કે ભાજપ તેના પર હુમલો કરી રહી છે. જ્યારે મોદીજીને ખબર પડી કે લોકો ગુસ્સે થઈ રહ્યા છે, ત્યારે મોદીજીએ કહેવાનું શરૂ કર્યું કે રાહુલ ગાંધી બંધારણ પર હુમલો કરી રહ્યા છે. હું દરેક ભાષણમાં કહું છું કે 50% આરક્ષણની દીવાલ તોડીને અમે કાર્યક્ષેત્રને વિસ્તૃત કરીશું. લોકસભામાં મેં મોદીજીની સામે કહ્યું હતું કે 50% અનામતની જે દીવાલને તમે તોડવાની કોશિશ કરી રહ્યા છો, અમે તેને લોકસભામાં તોડી નાખીશું. પરંતુ તેને યાદશક્તિમાં ઘટાડો થયો હતો. તેઓ કહે છે કે રાહુલ ગાંધી અનામતના વિરોધી છે. રાહુલ ગાંધી આગામી સભામાં કહેશે કે તેઓ જાતિ ગણતરીના વિરોધમાં છે. જ્યારે મેં તેમની સામે કહ્યું છે કે મોદીજી, જાતિ ગણતરી કરાવો. દેશમાં કેટલા દલિતો છે, કેટલા આદિવાસીઓ છે અને કેટલા પછાત વર્ગના લોકો છે તે દેશે શોધવું જોઈએ. દેશે શોધવું જોઈએ કે તેમની ભાગીદારી શું છે.

**ખડગેના મોદી પર પ્રહાર**

## અમારી બનાવેલી કોલેજમાં ભણીને પુછે છે કોંગ્રેસે શું કર્યું?

### જો કોંગ્રેસ ન હોત તો મોદીજી ચા વેચતા-વેચતા વડાપ્રધાન ન બન્યા હોત



(એજન્સી) જામતારા । તા. 16

અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શનિવારે ઝારખંડના જામતારામાં ચૂંટણી રેલી યોજી હતી. તેમણે કહ્યું- અમારા (કોંગ્રેસ સરકાર) દ્વારા બનાવવામાં આવેલી કોલેજમાં ભણ્યા બાદ આજે અમને પૂછે છે કે, કોંગ્રેસે 70 વર્ષમાં શું કર્યું? કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું- આજના તમામ ભાજપના લોકોએ નહેરુજી દ્વારા બનાવેલી સ્કૂલોમાં અભ્યાસ કર્યો હતો. જો અમે આ ન કર્યું હોત તો મોદીજી તમે એ ખુરશી પર ન બેઠા હોત. અમે આ દેશને બંધારણ આપ્યું. તેથી જ તમે વડાપ્રધાન બન્યા. મારા પિતા પણ મિલ મજૂર હતા. મેં વકીલાત કરી છે. આજે હું કોંગ્રેસનો અધ્યક્ષ છું. કોના કારણે, બંધારણના કારણે. ડગેએ કહ્યું- તેઓ (ભાજપ) કોંગ્રેસને પૂછે છે કે દેશ માટે શું કર્યું? અમે દેશને એટલું અનાજ ભરી દીધું કે વખારો ભરાઈ ગયા. તમે કહો છો કે કોંગ્રેસ પાર્ટીએ 70 વર્ષમાં દેશને બરબાદ કર્યો છે.

### બંધારણ બચશે તો જ દરેકને અધિકાર મળશે

ખડગેએ કહ્યું- મોદી સાહેબ, તમે બંધારણના કારણે ચા વેચતા-વેચતા વડાપ્રધાન બન્યા. એટલા માટે અમે કહીએ છીએ કે બંધારણ બચાવો, લોકશાહી બચાવો. બંધારણ બચશે તો જ દરેકને અધિકાર મળશે. જો બંધારણ નહીં બચે તો કોઈને કોઈ અધિકાર નહીં મળે. ખડગેએ કહ્યું- તમારા પૂર્વજોને પૂછો કે શું તેમને 75-80 વર્ષ પહેલા મત આપવાનો અધિકાર હતો. પહેલા મતદાનનો અધિકાર 21 વર્ષની ઉંમરથી હતો, પછી આપણા રાજીવ ગાંધીએ 18 વર્ષની ઉંમરે મતદાનનો અધિકાર આપ્યો. યુવાનોને મતદાનનો અધિકાર આપ્યો. અમે પંચાયતની ચૂંટણી લાવ્યા છીએ. બંધારણ લખ્યું.

## તમારા નેતાઓને નિયંત્રણમાં રાખો, ચૂંટણી પંચની ભાજપ અને કોંગ્રેસના અધ્યક્ષને નોટિસ



(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ચૂંટણી પંચે ભાજપ અને કોંગ્રેસ અધ્યક્ષોથી એકબીજા વિરુદ્ધ ચૂંટણી આચાર સંહિતા ઉલ્લંઘનની ફરિયાદો પર જવાબ માગ્યો છે. બંને દળોએ સોમવારે એટલે કે 18 નવેમ્બરે બપોરે 1.00 વાગ્યા સુધી પોતાનો જવાબ આપવો પડશે. બંને દળોને ચૂંટણી પંચે લોકસભા ચૂંટણી દરમિયાન 22 મે 2024એ આપવામાં આવેલી એડવાઈઝરીની યાદ પણ અપાવી. આ એડવાઈઝરીમાં સ્ટાર પ્રચારકો અને નેતાઓ પર નિયંત્રણ રાખવાનું કહેવામાં આવ્યું હતું જેથી જાહેર શિષ્ટાચારનું ઉલ્લંઘન ન થાય અને ચૂંટણી પ્રચાર દરમિયાન આદર્શ આચાર સંહિતાનું પાલન કરવામાં આવી શકે. ઝારખંડમાં એક તબક્કાની ચૂંટણી પૂર્ણ થઈ ચૂકી છે. 20 નવેમ્બરે મહારાષ્ટ્રની તમામ અને ઝારખંડની અન્ય બેઠકો પર ચૂંટણી છે. હવે ચૂંટણી પંચે ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને અલગ-અલગ પત્ર લખ્યો અને ફરિયાદ પર જવાબ માગ્યો છે.

## નાઈઝીરિયા, ગુયાના તથા બ્રાઝિલમાં G20 શિખર સમ્મેલનમાં સામેલ થશે

# ત્રણ દેશોની યાત્રા પર રવાના થયા વડાપ્રધાન મોદી

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે (16 નવેમ્બર) નાઈઝીરિયા, બ્રાઝિલ અને ગુયાનાની પાંચ દિવસીય યાત્રા પર રવાના થયા. નરેન્દ્ર મોદી બ્રાઝિલમાં G20 શિખર સમ્મેલનમાં સામેલ થશે. ત્રણ દેશોની યાત્રા પર રવાના થતા પહેલા શનિવારે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, નાઈઝીરિયાના રાષ્ટ્રપતિ અહમદ ટીનૂબૂના આમંત્રણ પર હું પહેલી નાઈઝીરિયા યાત્રા પર જઈ રહ્યો છું. વડાપ્રધાન મોદીએ પશ્ચિમી આફ્રીકામાં નાઈઝીરિયાને ભારતનું સૌથી નજીકનું સાથી બતાવ્યું. ભારત અને નાઈઝીરિયા બંને દેશોના નજીકના સંબંધો છે. જ્યારે ભારતની જેમ નાઈઝીરિયા આફ્રિકાનું સૌથી મોટું લોકતંત્રિક દેશ છે. નાઈઝીરિયા આફ્રિકાનો સૌથી મજબૂત દેશ માનવામાં આવે છે. તેનું



કારણ અહીંનું અર્થતંત્ર છે. ભારત અને નાઈઝીરિયા વચ્ચે રાજદ્વારી સંબંધો 1958માં નાઈઝીરિયાની સ્વતંત્રતા પહેલા જ શરૂ થયા હતા, જ્યારે ભારતે લોકોમાં તેના રાજદ્વારી ગૃહની સ્થાપના કરી હતી. નાઈઝીરિયાએ વર્ષ 1960માં આઝાદી મેળવી હતી અને બંને દેશો વચ્ચે 60 વર્ષથી વધુ સમયથી ઉચ્ચ સ્તરના રાજકીય સંબંધો જળવાઈ રહ્યા છે.

▪ **'ભારત-નાઈઝીરિયાની રણનીતિક ભાગીદારીને વધુ મજબૂત કરવાનો અવસર' :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું કે, મારી યાત્રા ભારત-નાઈઝીરિયાની રણનીતિક ભાગીદારીને વધુ મજબૂત કરવાનો અવસર હશે, જે લોકશાહી અને વિવિધતામાં બંનેના વિશ્વાસ પર આધારિત છે. વડાપ્રધાન મોદીએ અબૂઝા સહિત નાઈઝીરિયાના અલગ અલગ ભાગોમાં રહેતા ભારતીય સમુદાયના લોકોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, હું ભારતીય સમુદાય અને નાઈઝીરિયાના મિત્રોથી મળવા ખુબ ઉત્સુક છું, જેમણે મને હિન્દીમાં ઉત્સાહભર્યા સ્વાગત સંદેશ મોકલ્યા છે.

▪ **બ્રાઝિલ પહેલા નાઈઝીરિયા શા માટે જઈ રહ્યા છે વડાપ્રધાન મોદી?** છેલ્લા 17 વર્ષમાં પહેલી વખત કોઈ ભારતીય વડાપ્રધાન નાઈઝીરિયાનો પ્રવાસ કરશે. અગાઉ 2007માં તત્કાલીન વડાપ્રધાન ડો. મનમોહનસિંહે નાઈઝીરિયાનો પ્રવાસ કર્યો હતો. જ્યારે વડાપ્રધાન મોદી નાઈઝીરિયાનો આ પ્રવાસ ત્યાંના રાષ્ટ્રપતિ ટીનૂબૂના આમંત્રણ પર કરી રહ્યાં છે. જેમાં આગામી 17 નવેમ્બરે મોદી ટીનૂબૂ સાથે પ્રતિનિધિમંડળ સ્તરીય દ્વિપક્ષીય મુલાકાત કરશે. આ પછી વડાપ્રધાન મોદી નાઈઝીરિયાની રાજધાની અબુજા ખાતે ભારતીય સમુદાયના લોકોને સબંધિત કરશે અને પછી બ્રાઝિલ જવા રવાના થશે.

## ઝાંસીમાં મેડિકલ કોલેજમાં 10 નવજાત જીવતા ભડથું :ચિલ્ડ્રન વોર્ડમાં વિસ્ફોટ પછી આગ લાગી

### બારીના કાચ તોડીને 39 બાળકોને બચાવાયા

(એજન્સી) ઝાંસી । તા. 16

ઝાંસીની મહારાણી લક્ષ્મીબાઈ મેડિકલ કોલેજમાં શુક્રવારે રાત્રે સ્પેશિયલ ન્યૂ બોર્ન કેર યુનિટ (SNCU) માં ભીષણ આગ લાગી હતી. આ દર્દનાક ઘટનામાં 10 નવજાત બાળકોનાં મોત થયા હતા. વોર્ડની બારી તોડીને 39 બાળકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટના રાત્રે 10.30 વાગ્યાની આસપાસ બની હતી. ઓક્સિજન કોન્સેન્ટ્રેટરમાં સ્પાર્કિંગને કારણે આગ ફાટી નીકળી, ત્યારબાદ વિસ્ફોટ થયો. આ પછી આગ આખા વોર્ડમાં ફેલાઈ ગઈ હતી. માહિતી મળતાં જ ફાયર બ્રિગેડની 6 ગાડીઓ આવી પહોંચી હતી અને 2 કલાકમાં આગ પર કાબુ મેળવ્યો હતો. અહીં સરકારી મેડિકલ કોલેજમાં થયેલા અકસ્માત બાદ સીએમ



યોગીએ ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. તેમણે કમિશનર અને ડીઆઈજીને 12 કલાકમાં રિપોર્ટ આપવા આદેશ કર્યો હતો. સવારે 5 વાગે ઝાંસી પહોંચેલા ડેપ્યુટી સીએમ અને સ્વાસ્થ્ય મંત્રી બ્રજેશ પાઠકે કહ્યું કે અકસ્માતની ત્રણ તપાસ કરવામાં આવશે. પ્રથમ- આરોગ્ય વિભાગ કરશે.

### હવે તણાવ ઓછો કરવા પર ધ્યાન

## LAC પર સેનાઓના પાછળ હટવાનું કામ પૂર્ણ : જયશંકર

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

વિદેશ મંત્રી એસ. જયશંકરે શનિવારે કહ્યું કે, 'પૂર્વ લદાખમાં LAC પર ચીનની સાથે સમસ્યાના ઉકેલના એક ભાગ તરીકે ગત મહિને સહમતિ બાદ સેનાઓના પાછળ હટવાનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે અને હવે તણાવ ઓછો કરવા પર ધ્યાન રહેશે.' જયશંકરે સૈન્ય વાપસી બાદ ભારત અને ચીન વચ્ચે સંબંધોમાં સુધારાની આશાને યોગ્ય અનુમાન ગણાવ્યું, પરંતુ એ કહેવાથી બચ્યા કે દ્વિપક્ષીય સંબંધો જૂની રીતે સ્થાપિત થઈ શકે છે. તેમણે કહ્યું કે, 'હું સેનાઓને પાછળ હટવાને માત્ર તેમને પાછળ હટવાના રૂપ તરીકે જોઉં ચું, ન તેનાથી વધુ કંઈ અને ન તેનાથી ઓછું કંઈ. જો તમે ચીનની સાથે વર્તમાન સ્થિતિને જુઓ છો તો આપણી સામે એક એવો મુદ્દો છે.



# મણિપુરમાં બે બાળકો સહિત ત્રણ લોકોના મૃતદેહ મળ્યા

### ગુમ થયેલ મૈતેઈ પરિવારના હોવાની શક્યતા; 5 દિવસ પહેલા એન્કાઉન્ટર બાદથી 6 લોકો ગુમ



(એજન્સી) મણિપુર । તા. 16

મણિપુરની જીરી નદીમાં એક મહિલા અને બે બાળકોના મૃતદેહ તરતા મળી આવ્યા હતા. આને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. આ મૃતદેહો સોમવારના એન્કાઉન્ટરથી ગુમ થયેલા લોકોના હોઈ શકે છે. સોમવારે, યુનિફોર્મ પહેરેલા સશસ્ત્ર આતંકવાદીઓએ બોરોબ્રેકા પોલીસ સ્ટેશન પરિસર અને CRPF કેમ્પ પર હુમલો કર્યો. જેમાં 10 આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ સમયગાળા દરમિયાન, જીરીબામ જિલ્લાના બોરોબ્રેકા પોલીસ સ્ટેશન સંકુલમાં સ્થિત રાહત કેમ્પમાંથી 6 લોકો ગુમ થઈ ગયા હતા. સ્થાનિક લોકોને આશંકા છે કે હુમલો કરનારા આતંકવાદીઓએ મહિલાઓ અને બાળકોનું અપહરણ કર્યું હતું. તેમની શોધની માગ સાથે રાજ્યના વિવિધ ભાગોમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. ઓપરેશન પર નજર રાખવા માટે શુક્રવારે IG અને DIG રેન્કના અધિકારીઓને ઈમ્ફાલથી જીરીબામ મોકલવામાં આવ્યા છે.

### ન્યાયની માગ સાથે કુકી સમાજનો વિરોધ

કુકી સમુદાયના લોકો એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા લોકો માટે ન્યાયની માગ કરી રહ્યા છે. શુક્રવારે ચુરાચંદપુરમાં સેંકડો લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમની માગ છે કે એન્કાઉન્ટરની ન્યાયિક તપાસ થવી જોઈએ. જીરીબામમાં ગુમ થયેલી મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે લોકોએ મીણબત્તીઓ પ્રગટાવી હતી. સુરક્ષા દળો આ તમામને શોધવામાં વ્યસ્ત છે. જીરીબામમાં ગુમ થયેલી મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે લોકોએ મીણબત્તીઓ પ્રગટાવી હતી. સુરક્ષા દળો આ તમામને શોધવામાં વ્યસ્ત છે.

**કુકી સંગઠને કહ્યું- જે લોકો માર્યા ગયા તેઓ આતંકવાદી નહીં, પરંતુ સ્વયંસેવકો હતા :** કુકી સંગઠનોએ દાવો કર્યો છે કે માર્યા ગયેલા લોકો આતંકવાદી ન હતા. બધા કુકી ગામના સ્વયંસેવકો હતા. એ પણ કહ્યું કે CRPF એ મંગળવારે બનેલી ઘટનાને ધ્યાનમાં રાખીને પોતાનો કેમ્પ છોડવો જોઈએ નહીં. IGP ઓપરેશન્સ IK Muivah એ સંગઠનોના આ દાવાને ફગાવી દીધો હતો. તેણે કહ્યું કે માર્યા ગયેલા તમામ લોકો પાસે અદ્યતન હથિયારો હતા. તે બધા અહીં અરાજકતા સર્જવા આવ્યા હતા. આનાથી સાબિત થાય છે કે તેઓ બધા આતંકવાદી હતા. CRPF પર કુકી સમુદાય દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી પર તેમણે કહ્યું- પોલીસ અને સુરક્ષા દળો ભારત સરકાર હેઠળ કામ કરી રહ્યા છે. તેઓ હંમેશા વિવિધ એજન્સીઓના માર્ગદર્શન હેઠળ કામ કરે છે. પોલીસ અને CRPF જેવી સુરક્ષા એજન્સીઓ તેમની ફરજ મુજબ કામ કરતી રહેશે.

## ભારતે લીધો બદલો... ચીનને 3-0થી હરાવીને સેમિફાઈનલમાં કર્યું ક્વોલિફાય

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ભારતે શનિવારે (16 નવેમ્બર) હાલની ઓલિમ્પિક સિલ્વર મેડલિસ્ટ વિજેતા ચીનને 3-0થી હરાવીને ઉલટફેર કર્યો. મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટૂર્નામેન્ટની સેમિફાઈનલ માટે ક્વોલિફાય કર્યું છે.

ભારતે સંગીતા કુમારી (32મી મીનિટ) અને કેપ્ટન સલીમા ટેટે (37મી મીનિટ)ની મદદથી બે મેદાની ગોલ કર્યા જ્યારે ટૂર્નામેન્ટની ટોપ સ્કોરર દીપિકાએ (60મી મીનિટ) અંતિમ મીનિટમાં પેનલ્ટી કોર્નરને ગોલમાં બદલ્યો. હવે દુનિયાની 9માં નંબરની ટીમ ભારત ચાર મેચમાં આઠ પોઈન્ટની સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ચૂકી છે. ચીન ચાર મેચમાં છ પોઈન્ટ સાથે બીજા સ્થાન પર સરકી ગયું છે. ભારત પોતાના




રાઉન્ડ રોબિન અભિયાન રવિવારે જાપાન વિરૂદ્ધ પૂર્ણ કરશે. છ ટીમોના મહાદ્વીપિય ટૂર્નામેન્ટની ટોચની ચાર ટીમો સેમીફાઈનલ માટે ક્વોલિફાય કરશે. આ મેચ પહેલા ચીનનો ગોલ સરેરાશ 21 હતો, જ્યારે ભારતનો 18 હતો. જોકે, આ બધુ બદલાઈ ગયું. થાઈલેન્ડને 13-0થી હરાવીને ભારતે 20 ગોલ કર્યા છે જ્યારે ચીનના 22 ગોલ છે. રાઉન્ડ રોબિન રાઉન્ડ બાદ ચાર ટીમો સેમિફાઈનલ રમશે. બંને ટીમો વચ્ચે અંતિમ મુકાબલો આ ફેબ્રુઆરીમાં એફઆઈએચ પ્રો લીગમાં થયો હતો અને બંને વખત ચીન જીત્યું હતું. ભારતે આ જીતની સાથે જ બદલો લઈ લીધો.

જિલ્લામાં હજુ પણ કેટલીક જગ્યા પર ઇલેક્ટ્રિક કાંટા નો ઉપયોગ કરાતો નથી

# નર્મદા જિલ્લાના સરકારી અનાજના ગોડાઉનોમાંથી અપાતા કટ્ટામા ઘટ આવતી હોવાની ફરિયાદ

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લો આદિવાસી બહુલ વસ્તી ધરાવતો જિલ્લો હોય અહીંયા 300 થી વધુ દુકાનો અને 2.5 લાખ જેટલા કાર્ડધારકો છે. હાલ ફરજિયાત મફત અનાજ યોજના અંતર્ગત મફત મળતા અનાજને લઈને સસ્તા અનાજની દુકાન નાં સંચાલકો અને ગ્રાહકો સાથે માથાકૂટ થાય છે. જોકે અધિકારીઓ વચ્ચેની મીલીભગત માં ઓનલાઇન કામગીરી હોવા છતાં સબ સલામત ના દાવા કરાઇ છે. તાજેતરમાં રાજપીપળા ખાતે ટાઉન હોલમાં થયેલ કાર્યક્રમ માં રાજ્યના નાં અન્ન પુરવઠા મંત્રી ભીખુસિંહ આવ્યા હતા. જેમણે કેટલા પુરવઠા સંચાલકો અને ગ્રાહકો એ ફરિયાદ કરી કે સરકારી અનાજ ની ગુણવત્તા ખરાબ આવે છે.સાથે જિલ્લાનાં



સરકારી અનાજ નાં ગોડાઉન માંથી આવતા સરકારી અનાજમાં ઘટ આવે છે. અને ઇલેક્ટ્રોનિક્સ કાંટા વાપરવા નાં નિયમ હોવા છતાં ગોડાઉન માં ઇલેક્ટ્રિક કાંટો વપરાતો નથી અને ક્વિન્ટલ કે 3 થી 4 કિલો અનાજ ની ઘટ નીકળે છે. અને જો ગ્રાહકોને ઓછું અનાજ આપીએ તો માથાકૂટ થાય છે. અનાજ ના કટ્ટાઓ માંથી વધતું અનાજ રાત્રે સગે વગે થઈ રહ્યું હોવાની ફરિયાદ મંત્રી સુધી પહોંચતા હવે આગળ શું પગલાં લેવાઇ છે એ જોવું રહ્યું. આ ફરિયાદો ની લેખિત જાણ સસ્તા અનાજના વેપારીઓ સ્થાનિક અધિકારીઓને પણ કરી શકે છે પરંતુ આવી અરજી કરનાર સંચાલક ને ત્યાં તપાસ અધિકારી મોકલી અધિકારીઓ દંડ ફટકારે તેવી બીકે કોઈ આગળ આવતુ નથી, તો ગરીબ પરિવારો માટે આવતું સરકારી અનાજ પણ આ અધિકારીઓ ખાઈ જતાં હોવાની બુમો હાલ જિલ્લા માં સંભળાઈ રહી છે. ત્યારે હકીકત શું છે જેની તપાસ કરવા જિલ્લા વિકાસ અધિકારી કે કલેક્ટર તપાસ કરે અને જાતે ચેકીંગ કરે તો સાચી હકીકત બહાર આવી શકે છે. બાકી તો સબ સલામત ના કરાતા દાવા માત્ર જુઠાણું જ છે.

# કલેક્ટર યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ જિલ્લા સંકલન સમિતિની બેઠક દરમ્યાન લાભાર્થીઓને શૌચાલયના મંજુરીપત્ર અપાયા

દિપક રાવલ : દાહોદ

ભારત સરકારના જલ શક્તિ મંત્રાલયે તારીખ ૧૯ મી નવેમ્બર ૨૦૨૪ ના રોજ ' વિશ્વ શૌચાલય દિવસ ' નિમિતે રાષ્ટ્રવ્યાપી જીવણી માટે નિર્ધારિત માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન કરવા તેમજ સ્વચ્છતા અંગે જન જાગૃતિ વધારવા માટે આ દિવસનું અસરકારક અને મહત્વપૂર્ણ થાય એ માટે વિશ્વ શૌચાલય દિવસના સિદ્ધાંતો અને લક્ષ્યોને પરિપૂર્ણ કરવા સ્વચ્છતાનો સંદેશો જન જન સુધી પહોંચાડવા માટે વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ લાભાર્થીઓને મંજૂરીપત્રોનું વિતરણ કરવા સહિતની કામગીરી કરવાની થાય છે. આ યોજના હેઠળ પાણી પુરવઠા વિભાગ, શિક્ષણ વિભાગ, આંગણવાડી કેન્દ્રો, શાળાઓ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ અને પ્રાથમિક



આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો વગેરેમાં શૌચાલય અને પાણીની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવામાં આવશે. દાહોદ જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન ખાતે સંકલન અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજવામા આવી હતી. જે દરમ્યાન ૧૯ મી નવેમ્બર ના રોજ વિશ્વ શૌચાલય દિવસને ધ્યાને રાખીને લાભાર્થીઓને શૌચાલય મંજૂરી પત્રો આપવામાં આવ્યા હતા. આ દરમ્યાન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી બી. એમ. પટેલએ વિશ્વ શૌચાલય દિવસની જાણકારી આપી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ, પોલીસ અધિક્ષકશ્રી રાજદીપસિંહ ઝાલા, નિવાસી અધિક કલેક્ટરશ્રી જે.એમ.રાવલ સહિત પ્રાંત અધિકારીશ્રીઓ, નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓ, મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજપીપળા એસટી ડેપોમાંથી સ્ટેચ્યુ ઓફ યુનિટી અને શુકલતીર્થના મેળામાં 14 બસો મોકલતા મુસાફરો અટવાયા

## સ્ટેચ્યુ ઓફ યુનિટી અને શુકલતીર્થ મેળામાં 14 બસો મોકલતા 40 જેટલી લોકલ ટ્રીપો કેન્સલ કરાઇ

ભરત શાહ : રાજપીપળા



રાજપીપળા એસટી ડેપો માંથી અવાર નવાર સરકારી કાર્યક્રમો કે અન્ય જગ્યાઓ પર એસટી બસો મોકલવામાં આવે છે અને તેના કારણે ઘણી રોજિંદી ટ્રિપો રદ કરતા રોજિંદા અપડાઉન કરતા મુસાફરો અટવાઈ પડયા હોય છે, હાલ માં પણ કેટલીક બસો અન્ય જગ્યા એ મોકલતા ઘણી ટ્રીપ રદ કરી છે. મળતી વિગતો અનુસાર રાજપીપળા એસટી ડેપો માંથી હાલ માં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને શુકલતીર્થ ના મેળા માં કુલ ૧૪ બસો મોકલવામાં આવી હોવાથી રાજપીપળા થી જતી આવતી ૪૦ જેવી ટ્રીપો રદ કરવામાં આવી હોવાથી ડેપો ના પ્લેટફોર્મ ઉપર મુસાફરો નો ખડકલો જોવા મળ્યો અને લોકલ બસો રદ કરતા આવતા જતાં મુસાફરો અટવાયા હતા. અવાર નવાર સરકારી કાર્યક્રમો અને એસટી ની આવક વધારવા મેળા કે સ્ટેચ્યુ પર જતી બસો ના કારણે રોજિંદા મુસાફરો ને મુશ્કેલી મુકાઈ રહ્યા છે ત્યારે એસટી નિગમે આના આયોજન માટે અલાયદી બસો રાખી આ એક્સ્ટ્રા બસો કાર્યક્રમો કે અન્ય ઠેકાણે મોકલી રોજિંદી ટ્રીપો કેન્સલ ના થાય એ ખાસ ધ્યાન રાખવું જોઈયે. નહિ તો ઘણા પાસ ધરાવતા વિદ્યાર્થીઓ કે નોકરિયાત વર્ગ ના લોકો રૂપિયા ખર્ચવા છતાં બસ નહિ મળતાં અન્ય ખાનગી વાહનો દ્વારા જતા આવતા હોય છે માટે રાજપીપળા એસટી ડેપો ના અધિકારીઓ એ પણ મુસાફરો ને તકલીફ ના પડે એ બાબતે ખાસ ધ્યાન આપવું જોઈએ.

# પાલનપુર શહેરમાં રાત્રે 4.2 તીવ્રતાનો ધરતીકંપ આવ્યો

મહેશ સોલંકી : પાલનપુર

ઉત્તર ગુજરાત ની જનતાને 2001 26 જાન્યુઆરી ની યાદ તાજી થઈ ગઈ પાટણ મહેસાણા બનાસકાંઠા સાબરકાંઠા અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતમાં 4,2 નો ધરતીકંપ આવ્યો હતો ધરતીકંપ નાં કારણે ઉત્તર ગુજરાત ની ધરા ધ્રુજી ઉઠી બનાસકાંઠા જિલ્લામાં પણ ધરતીકંપ ની અસર જોવા મળી હતી બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર શહેરમાં રાત્રે લોકો ઘરમા સુતાં હતાં તે સમયે 10,16 કલાકે ધરતીકંપ આવ્યો અને લગભગ દસ સેકન્ડ સુધી ધરતીકંપ ની અસર જોવા મળી હતી ધરતીકંપ આવ્યો છે તેમ લોકો ને જાણ થતાં સોસાયટી ઓ મોહલ્લા માં લોકો ઘરમા થી બહાર આવી ગયાં હતાં અને થોડાં સમય માટે લોકો નાં ટોળા એકત્રિત થયાં હતાં એક બીજા ને ભૂકંપ આવ્યો છે તેમ સમાચાર ની આપ લે કરતાં હતાં ધરતીકંપ આવ્યો છે ત્યારે કેવો અનુભવ થયો હતો તેના સવાલ નો જવાબ આપતાં જણાવ્યું હતું કે અમે લોકો ટીવી જોતાં હતાં અચાનક અમે બેઠાં હતાં તે સોફો ખુરશી હલવા લાગી પહેલા સમજણ નાં પડી પછી ધરતીકંપ આવ્યો છે તેની ખબર પડતાં અમે લોકો ઘરની બહાર નીકળી આવ્યા હતા અને સોસાયટીના લોકો પણ ઘરની બહાર આવી ગયાં હતાં મોટી બહુમાળી બિલ્ડીંગ માં હોસ્પિટલમાં દાખલ દર્દીઓ હોસ્પિટલ સ્ટાફ બહાર આવી ગયાં હતાં ધરતીકંપ ની અસર બનાસકાંઠા પાટણ અમદાવાદ સુધી જોવા મળી હતી ધરતીકંપ ની તીવ્રતા 4,2 ની હતી ધરતીકંપ નું કેન્દ્ર બિંદુ પાટણ તાલુકાના ચાણસ્મામાં તાલુકાના ગામ માં નોંધાયું હતું 2001 માં 26 જાન્યુઆરી માં આવેલ ધરતીકંપ ની તીવ્રતા 6,9 ની હતી.

# BSNL ટાવર બનાવવામાં તો આવ્યો પણ અઠવાડિયા બાદ જ ટાવર જ બંધ પડી જતા લોકો દ્વિધામાં

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં ગાવદહાડ ગ્રુપ ગ્રામ પંચાયત તથા ગીરમાળ ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં બી.એસ.એન.એલ. ટાવરને લઈને અનેક વખત રજૂઆત કરવામાં આવી હતી.જે બાદ ઈન્ટરનેટથી વંચિત ગ્રામજનોને સુવિધા મળે તે હેતુથી હાલમાં જ 2024નાં વર્ષમાં ટાવર બનાવવામાં આવ્યો હતો પરંતુ છ થી સાત દિવસ બાદ આ ટાવર બંધ હાલતમાં જોવા મળતા લોકો દ્વિધામાં મુકાયા હતા.ત્યારે ગ્રામજનોમાં રોષની લાગણી જોવા મળી હતી.ડાંગ જિલ્લાના સુબીર તાલુકાની ગાવદહાડ ગ્રુપ ગ્રામ પંચાયત તથા ગીરમાળ ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં બી.એસ. એન.એલ. ટાવરની યોગ્ય સુવિધા ન હોવાથી ગ્રામજનો એ વર્ષોથી હેરાન પરેશાન થવુ પડી રહ્યું હતુ. કારણ કે બીએસએનએલના ટાવરની યોગ્ય સુવિધા ન હોવાથી



લોકોના મોબાઈલ ફોનમાં ઈન્ટરનેટની સુવિધા મળતી ન હતી અને લોકોએ સંપર્ક વિહોણા થઈને રહેવું પડતું હતું.ત્યારે ગ્રામજનોએ આ મામલાને લઈને અનેક વખત રજૂઆત કરી હતી. ત્યારે હાલમાં 2024ના વર્ષમાં BSNLનો ટાવર ઉભો કરવામાં આવ્યો હતો. ત્યારે ગ્રામજનોના પ્રશ્નોનું નિરાકરણ થયું હોય એવું લાગતા ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. પરંતુ ગ્રામજનોની ખુશી લાંબે ગાળે રહી શકી નહોતી. કારણકે એક અઠવાડિયામાં એટલે કે માત્ર છ થી સાત દિવસમાં જ આ ટાવર બંધ હાલતમાં જોવા મળ્યો હતો. ત્યારે સ્થાનિક ચૂંટાયેલા સભ્યો કે સરપંચ દ્વારા આ અંગે વારંવાર ફોન કરી જાણ કરવામાં આવી હોવા છતાં પણ બી.એસ.એન.એલ વિભાગ દ્વારા આ અંગે કોઈપણ પ્રકારની યોગ્ય કામગીરી કરવામાં આવેલ નથી કે ગ્રામજનોના પ્રશ્નને ધ્યાને લેવામાં આવેલ નથી.એવી ચર્ચા જોવા મળી રહી છે. ત્યારે તાત્કાલિક ધોરણે ગ્રામજનોના પ્રશ્નને ધ્યાને લઈને વહીવટી તંત્ર દ્વારા ઈન્ટરનેટ કનેક્શન આપવામાં આવે જેથી ગ્રામજનોને તથા શિક્ષકોને, આંગણવાડી વર્કર, સરકારી સેવાકીય યોજનાઓનું કામ સરળ બની શકે. તેમજ ઉલ્લેખનીય છે કે ગીરમાળ ખાતે ગુજરાતનો સૌથી ઊંચો ધોધ આવેલ હોય અને ત્યાં પ્રવાસીઓ મોટી સંખ્યામાં પ્રવાસ અર્થે આવતા હોય છે.

# ચાણસ્મા શખ્સ પાસેથી વાપીના વેપારીએ ઉછીના લીધેલા નાણા પરત નહીં કરતા કોર્ટે બે કેસોમાં અલગ-અલગ સજા ફટકારી

નિતીન ઠાકર : ચાણસ્મા

ચાણસ્મા ખાતે રહેતા પટેલ વિષ્ણુભાઈ બાબુભાઈ પાસેથી મહેસાણા ના નદાસા ગામના અને હાલ રહે વાપી ના પટેલ હસમુખભાઈ પરસોત્તમભાઈએ ફરીયાદી પાસેથી હાથ ઉછીના રૂપિયા ચાર લાખ પચાસ હજાર લીધાં હતા જે લેણાં પેટે આરોપીએ ફરીયાદી ને જુદી જુદી રકમના ચાર ચેક આપ્યા હતા જે ફરીયાદી દ્વારા રકમ પરત મેળવવા ચેક બેંકમાં જમા કરાવતા ખાતું બંધ હોવાથી ચેક રિટર્ન થતાં ફરીયાદી દ્વારા લીગલ નોટિસ આપી,ચાણસ્મા કોર્ટમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ્સ એક્ટ ૧૩૮ હેઠળ ફરીયાદ દાખલ કરતા જે કેસ ચાણસ્મા કોર્ટમાં ચાલી જતાં ફરીયાદી તરફે વકીલ જે.વી ચૌધરી દ્વારા ધારદાર દલીલો કરતા મેજીસ્ટ્રેટ યુ જી પઠાણ દ્વારા આરોપીને કસુરવાર ઠેરવી બે કેસોમાં એક એક વર્ષ ની સાદી કેદની સજા ફટકારી હતી ચેકની રકમના દસ ટકા લેખે વધારાનું વળતર ચુકવવા હુકમ કર્યો હતો આ કેસ ની વિગત મુજબ ચાણસ્મા શહેરની અંદર આવેલ જેતાપુરા વિસ્તારમાં રહેતા પટેલ વિષ્ણુભાઈ બાબુભાઈ પાસેથી તેમના મિત્ર પટેલ હસમુખભાઈ પરસોતમભાઈ મૂળ રહે નદાસા તાલુકો મહેસાણા હાલ રહે વાપીવાળાએ વિષ્ણુભાઈ પાસેથી ફ્લેમ પ્રૂફ લાઈટ બનાવવા ના ધંધાકીય માટે રૂપિયા 4,50,000 ફરિયાદી પાસેથી હાથ ઉછીના લીધેલ હતા જેની ઉઘરાણી કરતાં આરોપી એ અલગ અલગ રકમના ચાર ચેક ફરિયાદીને આપ્યા હતા જે ફરીયાદી એ ક્લિયરિંગ માટે જમા કરતા એકાઉન્ટ ક્લોઝના શેરા સાથે પરત ફરતા લીગલ નોટિસ આપી એન આઈ એક્ટ મુજબ ચાણસ્મા કોર્ટમાં ફરીયાદ ક્રિમિનલ પ્રોસેઝર ની કલમ 219 ની જોગવાઈ મુજબ બે અલગ અલગ ફરિયાદો આરોપી વિરુદ્ધ દાખલ થતા ચાણસ્મા કોર્ટમાં બંને કેસ ચાલી જતા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ યુ જી પઠાણે ફરિયાદી તરફે વકીલ શ્રી જે.વી ચૌધરીની દલીલો ગ્રાહ્ય રાખી.

# છોટાઉદેપુર કલેકટર કચેરી ખાતે ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ

કમલેશ પટેલ : સંખેડા

છોટાઉદેપુર કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરશ્રી અનિલ ધામેલીયાના અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અનિલ હળપતિએ વિગતો આપતા જણાવ્યું હતું કે, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઓક્ટોબર મહિના ૯૪ ટકા વિતરણ, એનએસએફ અંતર્ગત ૯૧ ટકા વિતરણ કર્યાની વિગતો આપી હતી. નવેમ્બર મહિનામાં ડોર સ્ટેપ ડીલીવરી મારફતે વાજબી ભાવની દુકાન અત્યાર સુધીમાં ૫૦ ટકા જથ્થો પોહચાડેલ છે અને બાકી ૨ દિવસમાં પોહચાડી દેવા જણાવ્યું હતું. આ ઉપરાંત જિલ્લામાં રેશન કાર્ડની ઈ-કેવાયસીની કામગીરીની વિગત આપી હતી. જિલ્લા કલેક્ટરશ્રી અનિલ ધામેલીયાએ અધિકારીઓને વિતરણ વ્યવસ્થા પર ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું.

# જાફરાબાદ શહેરમાં ખખડધજ બનેલા રસ્તાઓનું સમારકામ ન થતાં જનતા મુશ્કેલીઓ વેઠી રહી છે

## જાફરાબાદ લાઈટ હાઉસ ને જોડતો રોડ તથા બંદરચોક થી સાઈડમાં ખોદકામ કરેલ રોડ વહીવટી તંત્ર ક્યારે ધ્યાન ઉપર લઇ નવનિર્માણ કરવામાં આવશે

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

જાફરાબાદ પાલિકા દ્વારા બંદરચોક થી લઈને લાઈટ હાઉસ સુધી ઘણા સમયથી ખોદકામ કરેલ રોડ ઉપર ફક્ત મટીરીયલ નાખી જેવી તેવી હાલતમાં હોય પાલિકા દ્વારા હાલમાં અમુક જગ્યાએ રોડ પહોળા કરી બનાવવામાં આવતા આરસીસી રોડ બનાવવામાં આવી રહ્યા છે. પરંતુ બંદર ચોક થી લાઈટ હાઉસ રોડ ખખડધજ બનેલા રસ્તાઓનું સમારકામ ન કરતા નગરજનો હાલાકી વેઠી રહ્યા છે. નગરપાલિકા હસ્તક રસ્તાઓ બિસ્માર બની ગયા છે. વિવિધ રસ્તાઓ વરસાદ ના કારણે નુકસાન પહોંચ્યું છે. અનેક રસ્તાઓ ખખડધજ બની ગયા હોવાથી વાહન ચાલકો ને પણ પસાર થવું મુશ્કેલ બની ગયું છે. ખાસ કરીને લાઈટ હાઉસ અને બંદર ચોક માં ઘણા સમયથી ખોદકામ કરેલા રોડ ઉપર



કાકડા ધૂળ ના કારણે મુશ્કેલીઓ નાગરિકો વેઠી રહ્યા છે. વાહન ચલાવવું મુશ્કેલ બની ગયું છે. ખાસ કરીને શહેરમાં અમુક વિસ્તારોમાં રોડ રસ્તા ધૂળધાળી બન્યા હોવાથી ધૂળની ડમરીઓ ઉડતી હોવાના કારણે વાહન ચાલકો ને પરેશાની વેઠવી પડી રહી છે. રસ્તા બિસ્માર હોવાથી વાહન ચાલકોમાં અકસ્માત નો ભય સેવાઈ રહ્યો છે. લાઈટ હાઉસ તથા બંદર ચોક કે જ્યાં મોટીસંખ્યામાં રાહદારીઓ તથા મુસાફર જનતા ઓ માટે અવરજવર તથા વાહનચાલકો ની અવરજવર માટેનો રોડ હોય અને આ બંદરચોક માં મોટા મોટા તહેવારો ની ઉજવણી થતી હોય જુનું બસસ્ટેશન હોવાથી બહાર ગામ થી લોકોની અવર-જવર હોય આ ભરચક્ક વિસ્તાર હોય તેવા બંદરચોક ના રોડ સાઈડમાંથી ખોદાયેલી હાલતમાં હોવાથી આ રોડ બનાવવા બાબતે વહીવટી તંત્ર ધ્યાન ઉપર લઇ તેનું પર વહેલી તકે સમાવેશ કરીને વિકાસ ના કર્યો કરે તેવી માંગ ઉઠી છે.

# આરોગ્ય તથા આયુર્વેદ શાખાના સંયુક્ત ઉપક્રમે નસવાડી સી.એચ.સી. ખાતે નિ:શુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો



કમલેશ પટેલ : સંખેડા

છોટાઉદેપુર જિલ્લા પંચાયત આરોગ્ય શાખા તથા આયુર્વેદ શાખાના સંયુક્ત ઉપક્રમે નસવાડી સી.એચ.સી. ખાતે નિ:શુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પનો નસવાડી તાલુકાના આસપાસના ગામના લાભાર્થીઓએ લાભ લીધો હતો, જેમાં હોમિયોપેથિક દ્વારા ૮૫ લાભાર્થીઓ, આર્યુવેદ દ્વારા ૧૬૫, હાયપર ટેન્શનના ૧૦૫ તથા જનરલ ઓપીડી (એલોપેથીક) ૧૪૭ સારવાર લીધી હતી. જ્યારે આરોગ્ય શાખા દ્વારા ડાયબીટીસના ૧૦૫, ટીબી સંકાસ્પદના ૭, આયુષ્યમાન કાર્ડના ૧૪ અને આભા કાર્ડના ૫૧ મળી કુલ ૬૯૪ લાભાર્થીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં કારોબારી સભ્ય શ્રીમતી શર્મિલાબેન રાઠવા, એપેડેમીક મેડીકલ ઓફિસર છોટાઉદેપુર, તાલુકા આરોગ્ય અધિકારી નસવાડી, આયુર્વેદિક હેલ્થ ઓફિસર અન્ય અધિકારીશ્રીઓ અને ગ્રામ્યજનો ઉપસ્થિત રહ્યા હતા.

દાહોદ જિલ્લાના પ્રજપ્રશ્નોના નિકાલ માટે ચર્ચા કરવામાં આવી

# કલેક્ટર યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઇ

દિપક રાવલ : દાહોદ

દાહોદ જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન ખાતે સંકલન અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજવામા આવી હતી. જિલ્લાની સંકલન અને ફરિયાદ સમિતિની આ બેઠકમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરી સહિત પેંશન કેસ, પી. એમ. સૂર્ય ઘર, ધાર્મિક દબાણો, ગૌચર દબાણો, ગામતળના દબાણો, સ્માર્ટ સીટીને લગતા પ્રશ્નો, એટીવીટી આયોજન સહિત સ્માર્ટ મીટર લગાવવા અંગેની કામગીરી બાબતની સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લા કલેકટરશ્રી યોગેશ નિરગુડેએ સંકલન બેઠકમાં રજૂ થયેલા લોક પ્રશ્નો અને વિવિધ મુદ્દાઓ અંગે સંબંધિત અધિકારીઓને સત્વરે વિગતવાર અહેવાલ રજૂ કરીને સમયનુસાર કામગીરી પૂર્ણ કરવા સૂચના આપી હતી, તેમજ કામગીરીના જે - તે સ્થળે મુલાકાત લઈ કામગીરીના રિપોર્ટ આપવા જણાવ્યું હતું.

સંકલન બેઠક દરમ્યાન વહીવટી કામગીરીને ઝડપી અને પરિણામ સભર બનાવવા માટે કલેકટરશ્રી યોગેશ નિરગુડે દ્વારા ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા. દરેક પ્રશ્નોનો અને ફરિયાદોનો પૂરતા આયોજન સાથે સમયસર નિકાલ થાય તે માટે કામગીરી કરવા જણાવ્યું હતું. એ સાથે અન્ય પડતર પ્રશ્નો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# ખેડૂતોની ખેત પેદાશોને અનેક આફતો સામે રક્ષણ આપતી મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાની સહાય વધારાઇ

(એજન્સી) ગાંધીનગર । તા. 16

ખેડૂતોને તેમની ખેતપેદાશોના બજારમાં સારા ભાવ મળે તે માટે ખેતપેદાશોની ગુણવત્તા લાંબા સમય સુધી જળવાય અને બજારમાં જ્યારે પાકના સારા ભાવ હોય ત્યારે જ ખેત પેદાશોનું વેચાણ થાય તે ખૂબ જ જરૂરી છે. પરંતુ અનેક ખેડૂતો પાસે કાપણી પછી ખેતપેદાશોને લાંબા સમય સુધી સંગ્રહ કરવા માટે કોઈ યોગ્ય સુવિધા ઉપલબ્ધ ન હતી. પરિણામે કુદરતી આફતો અને ઓછા બજાર ભાવના કારણે ખેડૂતોને આર્થિક નુકશાની વેઠવાનો વારો આવતો હતો. ગુજરાતના ખેડૂતોની આ વ્યથા સમજીને રાજ્ય સરકારે નવી "મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના" અમલમાં મૂકી હતી. કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે આ યોજના અંગે વાત કરતા કહ્યું હતું કે, ગુજરાતના ખેડૂતોને પોતાના ખેતરમાં જ સંગ્રહસ્થાન ઉભું કરવા માટે પ્રોત્સાહિત કરવા મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અમલમાં મૂકાઈ હતી.

# જિલ્લા કલેક્ટર અનિલ ધામેલીયાના અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ



કમલેશ પટેલ : સંખેડા

જિલ્લા કલેક્ટરશ્રી અનિલ ધામેલીયા અધ્યક્ષસ્થાને છોટાઉદેપુર કલેક્ટર કચેરીના સંકલન હોલ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્યશ્રી અભેસિંહ તડવીએ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં એક્ષ-રે મશીનની વ્યવસ્થા, આંતરીયાળ ગામોમાં ફળિયાઓના આંતરિક રસ્તાઓ, ખેતીવાડીની લાઈટ, નરેગાના કામો તથા ધારાસભ્યશ્રી જયંતીભાઈ રાઠવાએ નાણાપંચના કામો, રસ્તાઓના કામો, આધારકાર્ડની કામગીરી વગેરે બાબતોને સ્પર્શતા પ્રશ્નોની રજૂઆત કરી હતી. આ સંકલન સમિતિની બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ સંકલન સમિતિના અધિકારીઓને જન પ્રતિનિધિઓના પ્રજાલક્ષી પ્રશ્નો પર ચર્ચા કરી તેનો નિયત સમયમર્યાદામાં હકારાત્મક નિકાલ કરવા જણાવ્યું હતું. સાથે ધરતી આબા યોજનામાં આવતી કામગીરી માટે અધિકારીઓ અને પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલ,જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સચિન કુમાર, પ્રાંત અધિકારીશ્રીઓ, સહિતના વિવિધ વિભાગોના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ મુસ્લીમ બાવરચી જમાતની તા.13/11/2024ના રોજથી મેનેજીંગ કમીટીમાં થયેલ ઠરાવ મુજબ અમદાવાદ મુસ્લીમ બાવચી જમાતની નવી મેનેજીંગ કમીટીની નિમણૂક ચૂંટણી દ્વારા કરવા અંગેનું જાહેરનામું

(એજન્સી) અમદાવાદ । તા. 16

અમદાવાદ મુસ્લીમ બાવરચી જમાતની મેનેજીંગ કમિટીના એક પ્રેસીડન્ટ તથા કુલ ૧૬ મેનેજીંગ કમિટીના મેમ્બરોની નિમણૂંક ચૂંટણી દ્વારા કરવા આ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ ઉમેદવારી ફોર્મ ફક્ત અમદાવાદ મુસ્લીમ બાવરચી જમાતના સભ્યએ જ ભરવું. ઉમેદવાર ફોર્મની ફી રૂ.૫૦૦/-રહેશે. ફોર્મની ઝેરોક્ષ ચાલ નહીં તેમજ ફોર્મ ટ્રાન્સફરેબલ નથી. છેલ્લા આઠેક માસથી સર્વેની કામગીરી કરવામાં આવેલ છે તેમ છતાં જે કોઈ વ્યક્તિ મતદાર જનરલ બોર્ડમાં નામ દાખલ કરવામાં બાકી રહ ગયા હોય તેવી વ્યક્તિઓએ તા.૨૬/૧૧/૨૦૨૪ સુધી જમાતની ઓફીસમાં ફોર્મ ભરી દાખલ કરવી દેવા. તા.૨૭/૧૧/૨૦૨૪ સુધી મતદાર જના બોર્ડ યાદી તૈયાર કરવામાં આવશે. મતદાર જનરલ બોર્ડ બન્યા બાદ કોઈપણ વ્યક્તિનો નામ તેમાં દાખલ કરવામાં આવશે નહીં. મતદાર જન બોર્ડમાં જે વ્યક્તિના નામ દાખલ હશે. જો ઉમેદવારી ફોર્મમાં કોઈ માહીતી ખોટી જણાશે તો કોપણ સમયે ઉમેદવારી ફોર્મ રદ કરવામાં આવશે. પ્રેસીડન્ટ તરીકે ઉમેદવારી નોધાવવાની ફી રૂ.૫,૫૦૦/- અને મેમ્બર તરીકે ઉમેદવારી નોંધાવવાની ફી રૂ.૨,૫૦૦/- રહેશે. જે રકમ નોન રીફંડેબલ રહેશે એટલે કે પરત મળશે નહી પણ ઉમેદવારી પાછી ખેંચવાની તારીખ સુધી જો ઉમેદવારી પાછી ખેંચવામાં આવશે તો ઉમેદવારની હીની રકમ પરત મળી શકશે પણ ફોર્મ ફી પરત મળશે નહી તે સિવાય ઉમેદવારી ફી કોઈપણ સંજોગોમાં પરત મળી શકશે નહીં. ઉપરોક્ત જણાવ્યા મુજબના અમદાવાદ મુસ્લીમ બાવચી જમાતના મેનેજીંગ કમિટીના સભ્યોની ચૂંટણી કરવા નીચે જણાવ્યા મુજબ ચૂંટણીની પ્રકીયા કરવામાં આવશે. તા.૨૭/૧૧/૨૦૨૪ સુધી મતદાર જનરલ બોર્ડ યાદી તૈયાર કરવામાં આવશે. તા.૨૯/૧૧/૨૦૨૪ થી તા.૦૩/૧૨/૨૦૨૪ સુધી ઉમેદવારી ફોર્મ ભરવામાં આવશે. તા.૦૫/૧૨/૨૦૨૪ના રોજ સાંજે ૮ વાગ્યા સુધી ફોર્મ પરત ખેંચી શકાશે. તા.૦૬/૧૨/૨૦૨૪ના રોજ સાંજે ૬ વાગ્યા ઉમેદવારોની આખરી યાદી જાહેર કરવામાં આવશે. તા.૧૨/૧૨/૨૦૨૪ના રોજ બપોરે ૧૨ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી ચૂંટણી કરવામાં આવશે અને તે જ દિવસે ૫:૩૦ વાગ્યાથી મતગણતરી કરવામાં આવશે. ઉમેદવારી ફોર્મ મેળવવા તથા જમા કરાવવાનું સ્થળ :- અમદાવાદ મુસ્લીમ બાવસ્થી જમાત, ૧૦૫, પહેલો માળ, મહાવીર ચેમ્બર, સલાપસ રોડ, અમદાવાદ સમય ૬:૦૦ વાગ્યાથી ૮:૦૦ વાગ્યા સુધી. મતદાન સ્થળ:- શ્રી અમદાવાદ દશાનાગર વણીક જ્ઞાતીની વાડી, નવજીવન સ્કુલ પાસે, ખામાસા ચાર રસ્તા, અમદાવાદ ખાતે રાખેલ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

રાત્રે 10.16 વાગ્યા ને ભાગદોડ શરૂ થઈ, ટીવી જોતો-સૂતેલો પરિવાર ઘર છોડી ભાગ્યો, સ્થાનિકોએ જણાવ્યા દેવદિવાળીની રાતના અનુભવો

# ભુકંપ : 23 વર્ષ બાદ ઉત્તર ગુજરાતની ધરા ધ્રૂજી...!



(એજન્સી) પાટણ | તા.16

26 જાન્યુઆરી 2001ની વહેલી સવારે આવેલા ભૂકંપે કચ્છ સહિત આખા ગુજરાતને હલાવી નાખ્યું હતું. એ બાદ ઉત્તર ગુજરાતમાં લગભગ 4ની તીવ્રતાથી વધુનો આંચકો નથી નોંધાયો. જોકે દેવદિવાળીની રાત્રે 10.16 કલાકે આવેલા ભૂકંપના આંચકાએ ઉત્તર ગુજરાતના લોકોના જીવ અધ્ધર કરી દીધા હતા. શુક્રવારે રાત્રે ઉત્તર ગુજરાતના અનેક ભાગોમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો, જેનું કેન્દ્રબિંદુ પાટણથી 13 કિલોમીટર દૂર ચાણસ્મા તાલુકાના સેવાળા ગામમાં નોંધાયું હતું.

ગતરાત્રે આવેલા ભૂકંપના આંચકાથી ઉત્તર ગુજરાતના લોકોમાં ભયનું વાતાવરણ ઊભું થયું છે. ભૂકંપના આંચકાઓ અનુભવાતા જ લોકો ઊંઘમાંથી જાગીને ઘરની બહાર દોડી આવ્યા હતા, જ્યારે હોસ્પિટલો અને ઓફિસોમાં કામ કરતા તબીબો, સ્ટાફ અને દર્દીઓએ પણ ભય અનુભવ્યો હતો અને બહુમાળી બિલ્ડિંગોમાંથી દર્દીઓ પણ રસ્તા ઉપર આવી ગયા હતા.

**'.. પણ પંખો હલતો જોયો ત્યારે ખ્યાલ આવ્યો' :** પાટણના જૈમિન પટેલે જણાવ્યું હતું કે ગઇકાલે રાત્રે સવાદસ વાગ્યાની આસપાસ અમે પરિવાર સાથે બેસીને ટીવી જોતા હતા, ત્યારે અચાનક એક કમકમી આવી ત્યારે એકબીજા પર આક્ષેપ કર્યા કે ભઇ તમે હલાવ્યું, તમે હલાવ્યું.. પણ પંખો હલતો જોયો ત્યારે ખ્યાલ આવ્યો કે આ તો ભૂકંપ છે. બાદમાં મહોલ્લાવાળા પણ ભેગા થઇ ગયા હતા અને મીડિયામાં પણ જોયું ત્યારે પાક્કું થઇ ગયું કે આ તો ભૂકંપનો આંચકો હતો. ભૂકંપના આ આંચકાથી 24 વર્ષ જૂની યાદો તાજી થઇ એ ખૂબ જ દુ:ખદ છે.

### 'નીચેથી કંઇક અધ્ધર થતું હોય એવો અનુભવ થયો'

પાટણના સુરેશ પટેલે જણાવ્યું હતું કે રાત્રે અમે મિત્રો ઘરની બહાર ઓટલા પર બેઠા હતા ત્યારે અચાનક નીચેથી કંઇક અધ્ધર થતું હોય એવો અનુભવ થતાં અમે ચોંકી ગયા હતા. આ દરમિયાન આખી પોળ અને વિસ્તારના લોકો બહાર આવી ગયા હતા. આજથી 23 વર્ષ પહેલાં જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે અમને અનુભવ નહોતો, પણ ગઈકાલે આંચકો અનુભવાતાં ડર લાગ્યો હતો. આ દરમિયાન ખબરઅંતર પૂછવા લોકોના ફોન આવવા માંડ્યા હતા.

### 'અચાનક પલંગ હલવા માંડ્યો'

પાટણના બિરેન ઠક્કરે જણાવ્યું હતું કે રાત્રે 10 વાગ્યા આજુબાજુ હું સૂતો હતો ત્યારે અચાનક પલંગ હલવા માંડ્યો હતો. અમે બધા બહાર દોડી ગયા હતા, ત્યાં સોસાયટીવાળા પણ દોડી આવ્યા હતા. સોસાયટીવાળાઓએ જણાવ્યું હતું કે કોઇના તો અભરાઈ પરથી વાસણો પણ પડી ગયાં હતાં તો મહેશ મોદીએ જણાવ્યું હતું કે અમે ઘરે હતા ત્યારે અચાનક ધ્રુજારીનો અનુભવ થતાં બધા બહાર નીકળી ગયા હતા. અમે બધા સોસાયટીના લોકો રોડ પર જતા રહ્યા હતા.

આ આંચકામાં ચાણસ્માના ગ્રામીણ વિસ્તારનાં મકાનોમાં તિરાડો પડી હતી. જ્યારે ચાણસ્માનાં સેવાળા અને પાટણના ચંદુમાણા ગામે બંધ મકાનના રસોડાનું ધાબું ધરાશાયી થયું હતું, પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ થઇ નથી. પાટણ, મહેસાણા અને બનાસકાંઠાના રહીશો સાથે વાતચીત કરી હતી. આવો... જાણીએ તેમના જ શબ્દોમાં દેવદિવાળીની રાતના અનુભવો...

### 'ફ્લેટના ઉપરના માળે અસર થઈ છે'

મહેસાણાના સંજય શાહે જણાવ્યું હતું કે હું પાંચમા માળે બેઠો હતો, એ દરમિયાન અચાનક ધ્રુજારીની અસર થઈ હતી. આ દરમિયાન બેચાર લોકોના એ સમયે ફોન પણ આવી ગયા હતા કે વાઇબ્રેશન જેવું લાગે છે. ત્યાર બાદ નીચે આવ્યા પછી ખબર પડી કે આ તો ધરતીકંપ આવ્યો છે. આ દરમિયાન પાંચ-સાત પરિવાર તો ફ્લેટની નીચે આવી ગયા હતા. કોઈ નુકસાન નથી પણ ફ્લેટના ઉપરના માળે અસર થઈ છે.

મહેસાણાના અભિષેક બ્રહ્મભટ્ટ જણાવ્યું હતું કે હું છઠ્ઠા માળે મારા ઘરે ટીવી જોતો હતો. એ દરમિયાન બધેથી અવાજ આવવા લાગ્યો કે ભૂકંપ આવ્યો છે અને વાઇબ્રેશન પણ થવા લાગ્યું હતું. અમે છઠ્ઠા માળે રહીએ એટલે સૂવામાં પણ રાત્રે ડર લાગતો હતો.

### 'અચાનક વાસણ ખખડવાનો અવાજ આવ્યો'

બનાસકાંઠાના ઈકબાલગઢના પ્રવીણ અગ્રવાલે જણાવ્યું હતું કે રાત્રે અમે પરિવાર જોડે બેસીને જમતા હતા, ત્યારે કંઈક હલવાનો અનુભવ થયો. પહેલા તો અમને થયું કે કંઈક ભારે વાહન બહારથી પસાર થયું છે, પણ બહાર આવીને જોયું તો અન્ય લોકો પણ ઘરની બહાર દોડી આવ્યા હતા. બાદમાં અમને સોશિયલ મીડિયાના માધ્યમથી જાણ થઈ કે આ તો ભૂકંપ છે અને આનું કેન્દ્રબિંદુ પાટણ જિલ્લામાં નોંધાયું છે. તો બનાસકાંઠાના અરણીવાડાના મુકેશ પટેલે જણાવ્યું હતું કે અમે બેઠા હતા ને અચાનક વાસણ ખખડવાનો અવાજ આવ્યો, પહેલા લાગ્યું કંઈક મશીનરીનો અવાજ છે. બાદમાં બહાર આવ્યા તો ભૂકંપ આવ્યાની જાણ થઈ હતી.

ડીસાના સુરેશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે રાત્રે 10 વાગ્યે હું ટીવી જોતો હતો ત્યારે અચાનક સોફો હલવા માંડ્યો તો પહેલા થયું દેવદિવાળી છે તો લોકો ફટાકડા ફોડે છે એટલે વાઇબ્રેટ થાય છે, પણ સોફો વધારે હલતાં અમે બહાર દોડી આવ્યા હતા. ત્યારે ખ્યાલ આવ્યો કે આ તો ભૂકંપનો આંચકો છે.

# પરિવારે અજાણી લાશને પુત્રની સમજી અંતિમ સંસ્કાર કર્યા, જો બ્રિજેશ જીવિત છે તો પેલો મૃતદેહ કોનો?

## 'મમ્મી, હું જીવુ છું', બેસણાના બીજા દિવસે પુત્ર ઘરે આવ્યો:

(એજન્સી) મહેસાણા | તા. 16

મહેસાણા જિલ્લાના વિજાપુરમાંથી એક અજીબો ગરીબ ઘટના સામે આવી છે. મૂળ વિજાપુરનો અને અમદાવાદના નરોડા ખાતે રહેતી વ્યક્તિ ઘરે જાણ કર્યા વિના ગુમ થઈ ગઈ હતી. એને લઈને પરિવારે નરોડા પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. આ દરમિયાન સાબરમતી પોલીસને બ્રિજ પાસેથી એક વ્યક્તિની લાશ મળી હતી, જેથી આ પરિવારે લાશ પોતાના દીકરાની હોવાનું માની તેના અંતિમસંસ્કાર કરી દીધા હતા અને બેસણું પણ કરી દીધું હતું. જોકે બીજા દિવસે આ વ્યક્તિ ઘરે આવતાં સૌકોઈ ચોંકી ઊઠ્યા હતા.

આ ઘટના અંગે વિસ્તારથી વાત કરીએ તો વિજાપુરમાં પ્રભુનગર સોસાયટીમાં રહેતા સુથાર પરિવારનો પુત્ર બ્રિજેશ અમદાવાદના નરોડામાં રહીને શેરબજારનો વ્યવસાય કરતો હતો. તે 27 ઓક્ટોબરના દિવસે ઘરે કોઈને જાણ કર્યા વિના ક્યાંય ચાલી જતાં પરિવારજનોએ નરોડા પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી. આ દરમિયાન સાબરમતી પોલીસને બ્રિજ પાસેથી અજાણી વ્યક્તિનો મૃતદેહ મળી આવતાં બ્રિજેશના પરિવારને ઓળખ કરવા જાણ કરતાં પરિવાર અમદાવાદ દોડી આવ્યો હતો અને મૃતદેહ જોઈ આ વ્યક્તિ પોતાનો જ દીકરો હોવાની ઓળખ કરી મૃતદેહ ઘરે લાવી તેના અંતિમસંસ્કાર કરી દીધા હતા.

આ બાદ પરિવારે વિજાપુરમાં 14 નવેમ્બરના દિવસે બ્રિજેશ સુથારનું બેસણું રાખ્યું હતું, જોકે 15 નવેમ્બરના રોજ ગુમ થયેલો બ્રિજેશ સુથાર ઘરે પાછો આવતાં સૌકોઈ ચોકી ઊઠ્યા હતા. બ્રિજેશને જોતાં અગ્નિસંસ્કાર કોના કર્યા એ અંગે હાલમાં પરિવાર પણ વિમાસણમાં મુકાયો છે. ત્યારે હવે પોલીસે પણ અંતિમસંસ્કાર કોના થયા એની તપાસ શરૂ કરી છે.

સમગ્ર કિસ્સામાં પોલીસની ભૂલ કહો કે પછી લાશની ઓળખવિધિ કરનારાં પરિવારજનોની, પરંતુ હાલ તો સુથાર પરિવાર દ્વારા જે લાશના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા એ કોની લાશ હતી તે યક્ષ પ્રશ્ન ઊભો થયો છે. બીજી તરફ, સમગ્ર મામલે દિવ્ય ભાસ્કર દ્વારા નરોડા પોલીસ મથકનો સંપર્ક કરતાં પીઆઈ એમ.વી. પટેલ રજા પર હતા. જ્યારે ડી સ્ટાફના પીએસઆઇ ડી.આઇ. રાવલે પોતાને ખબર ન હોવાનું અને પોલીસ સ્ટેશને પૂછોનું કહ્યું હતું. વિજાપુર પોલીસ પણ સમગ્ર મામલે અજાણ હતી. જ્યારે યુવક બ્રિજેશ સુથારની માતા પણ સ્વીકારી રહ્યાં છે કે આમાં પોલીસવાળાઓની અને અમારા જમાઈઓની બધાની ભૂલ થઈ છે. આ ઘટનાને લઇ પરિવાર પણ મૂંઝવણમાં મુકાઈ ગયો છે.

ગુમ થયા બાદ જીવિત ઘરે પરત આવેલા યુવક બ્રિજેશ સુથારની માતાએ જણાવ્યું હતું કે 27 તારીખે જમ્યા બાદ ઘરેથી નીકળ્યા પછી તેનો ફોન સ્વિચ ઓફ થઈ ગયો હતો. બે દિવસ બાદ જમાઈને વાત કર્યા પછી નરોડા પોલીસને જાણ કરી હતી. કેટલાક દિવસ શોધખોળ બાદ તે ન મળતાં એફઆઈઆર કરાવી હતી. 10 તારીખે પોલીસનો ફોન આવતાં પોલીસે મારા દિયર અને જમાઈઓને ફૂલી ગયેલી બોડી બતાવતાં મારા દિયર અને જમાઈઓએ ધારણા કરી લીધી હતી કે આ બ્રિજેશની જ લાશ છે. ત્યાર બાદ તેના અંતિમસંસ્કાર કરી દીધા હતા અને તેનું 14મીએ બેસણું રાખ્યું હતું. એના બીજા દિવસે 15મીએ બ્રિજેશ ઘરે આવ્યો હતો. આમાં પોલીસવાળાઓની અને અમારા જમાઈઓની બધાની ભૂલ થઈ છે.

# મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની આવક થઇ

(એજન્સી) મહુવા | તા. 16

સિઝનની શરૂઆતમાં જ મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની આવકમાં રોજિંદો થઈ રહ્યો છે. માર્કેટિંગ યાર્ડની અંદર ચોમાસા પાકની અંદર તમામ પ્રકારની જણસી વેચાવા આવી રહી છે. ત્યારે આ વર્ષે ડુંગળીનો પાક પણ વહેલા આવતો હોય એવું જોવા મળી રહ્યું છે. હાલ તો ડુંગળીની સિઝનને હજી વાર છે છતાં પણ ડુંગળી આવી રહી છે.

ટોટલ નવી આવેલી ડુંગળી તેમજ જૂની સફેદ ડુંગળી થઈને 40,000 થેલા આવક થઈ છે. ડિસેમ્બરના એન્ડ અને જાન્યુઆરી મહિનાની શરૂઆતમાં જ ડુંગળી પાકીને આવતી હોય છે. જોકે મહુવા તેમજ આજુબાજુના વિસ્તારમાં વર્ષોથી ડુંગળીનું વાવેતર મોટા પ્રમાણમાં થાય છે. આજરોજ ડુંગળી નબળી ક્વોલિટીના 500 અને સારી ક્વોલિટીના 950 સુધી હરાજીમાં વેચાઈ રહી છે.

# બાઈકચાલકને 10 ફૂટ સુધી ઢસડ્યો, વડોદરા-ડભોઈ રોડ પરનો બનાવ...





(એજન્સી) વડોદરા | તા. 16

વડોદરા ડભોઈ રોડ ઉપર વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે, જેમાં એક યુવકનું ટ્રકની અડફેટે ઘાટના સ્થળે જ મોત નિપજ્યું છે. આ બનાવની જાણ થતા તાત્કાલિક પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. આ બનાવને લઈ લોક ટોળા એકઠા થયા હતા. બનવા અંગે પોલીસે વધું તપાસ હાથ ધરી છે.

વડોદરા સહિત જિલ્લામાં અવાર નવાર અકસ્માતના બનાવો સામે આવતા હોય છે. આજે વહેલી સવારે વડોદરા ડભોઇ રોડ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકચાલકે બાઈક ચાલકને અડફેટે લીધો હતો. મળતી માહિતી મુજબ આ યુવક પેટ્રોલ પુરાવી જતો હતો તે દરમ્યાનમાં ટ્રકચાલકે યુવકને અડફેટે લેતાં ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ થતા તાત્કાલિક ડભોઇ પોલીસ અને 108ની ટીમ તાત્કાલિક ઘટનાના સ્થળે પહોંચી હતી. જો કે યુવક અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થતાં ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે જ્યારે યુવક પસાર થઈ રહ્યો હતો ત્યારે ટ્રકે અચાનક અડફેટે લેતા તે દસ ફૂટ જેટલો દૂર સુધી ઢસડાયો હતો અને શરીરના પેટના ભાગેથી નીચેના ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ અકસ્માત નોતરી ટ્રકચાલક ટ્રક મૂકી ફરાર થઈ ગયો હતો. આ બનાવમાં યુવક કોણ છે અને ક્યાં જતો હતો તે દિશામાં હાલમાં પોલીસે તપાસ શરૂ કરી છે.

આ અકસ્માતના પગલે ટ્રક અને બાઈક બંને બાજુમાં ખાડામાં ઉતરી ગયા હતા અને યુવક 10 ફૂટ ઢસડાઈ દૂર પડ્યો હતો. અકસ્માત સર્જાયો છે તે વિસ્તારમાં રીતસર લોહીની લીસોટા જોવા મળ્યા હતા. હાલમાં આ સમગ્ર બનાવને લઈને ડભોઇ પોલીસે ટ્રક ચાલક કોણ છે તે દિશામાં તપાસ શરૂ કરી છે. સાથે જ યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે.

# વલસાડમાં BComની વિદ્યાર્થિની સાથે રેપ વિથ મર્ડર

## ફોરેન્સિક PMના પ્રાથમિક રિપોર્ટમાં ઘટસ્ફોટ, આંબાવાડીમાં સિમ કાર્ડ મળ્યું, મોબાઈલ ગુમ; 48 કલાક બાદપણ હત્યારો પોલીસ પકડથી દૂર

વલસાડ | વલસાડના પારડી તાલુકામાં એક કોલેજિયન યુવતી ગુરુવારે બપોરે ટ્યૂશનથી ઘરે પરત ફરી ન હતી. ઉદવાડાના મોતીવાડા રેલવે ફાટક પાસેની એક આંબાવાડી(ખેતર)માં અજાણ્યા શખસે તેની દુષ્કર્મ આચરી ગળું દબાવી હત્યા કરીને ફરાર થઇ ગયો હતો. જ્યારે પોલીસે દુષ્કર્મી હત્યારાને પકડવા માટે કમર કસી છે, પરંતુ ત્રીજા દિવસે પણ તેની ગુનેગારને પકડવામાં પોલીસ સફળ રહી નથી. પોલીસને એક સિમકાર્ડ મળ્યું છે.



### શોધખોળ બાદ પરિવારને યુવતીની લાશ મળી

વલસાડના પારડી તાલુકાના મોતીવાડા ગામમાં ટ્યૂશનથી પરત ફરતી વખતે બીકોમની બીજા વર્ષની વિદ્યાર્થિનીની લાશ મળી હતી. વિદ્યાર્થિની ઉદવાડા ટ્યૂશન જવા નીકળી હતી અને સાંજ સુધી પરત ફરી ન હતી. જેથી પરિવારે શોધખોળ કરી હતી. શોધખોળ બાદ વિદ્યાર્થિનીની લાશ મળતાં પોલીસે હત્યાનું કારણ જાણવા માટે સુરત ખાતે વિદ્યાર્થિનીનું ફોરેન્સિક PM કરાવ્યું હતું, જેમાં FSL PMનો પ્રાથમિક રિપોર્ટ સામે આવ્યો છે. એમાં વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચર્યું હોવાનું અને તેનું ગળું દબાવી હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. પારડી પોલીસે હત્યા અને દુષ્કર્મની ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### વલસાડના મિત્રએ યુવતીની બહેનને ફોન કર્યો

મોતીવાળા ગામમાં એક પરિવારની 19 વર્ષીય ખુશી (ઓળખ છુપાવવા યુવતીનું નામ બદલવામાં આવ્યું છે) જે. બી. પારડીવાળા કોલેજમાં બીકોમના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. તેની મોટી બહેન ઉદવાડા ખાતે નોકરી કરે છે. 14 નવેમ્બરના રોજ કામ અર્થે વલસાડ આવી હતી. ત્યારે વિદ્યાર્થિનીના મિત્રનો વિદ્યાર્થિનીની બહેન તૃપ્તિ(નામ બદલવામાં આવ્યું છે) પર ફોન આવ્યો હતો.

**CCTV અને ટેક્નિકલ સર્વેલન્સથી તપાસ :** યુવતીની શોધખોળ કરતાં પરિવારના સભ્યોને યુવતીની લાશ આંબાવાડીમાંથી મળી હતી. ઘટનાની જાણ પારડી પોલીસને થતાં ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને પેનલ PM કરાવી આગળની તજવીજ હાથ ધરી હતી. હત્યાનો ભેદ ઉકેલવા વલસાડ જિલ્લા LCB, SOG સહિત 10 અલગ અલગ ટીમો બનાવી તપાસનો દોર આગળ ચલાવ્યો છે. ઘટના સ્થળેથી વલસાડ જિલ્લા પોલીસની ટીમને યુવતીના મોબાઈલનો સીમકાર્ડ મળી આવ્યો છે. ઘટના સ્થળની આજુબાજુમાં આવેલી CCTV કેમેરા અને ટેક્નિકલ સર્વેલન્સની મદદ લઈને યુવતીની હત્યા અને દુષ્કર્મની ઘટનાની ભેદ ઉકેલવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મુંબઈથી હાઈ પ્રોફાઈલ લલના લાવી દેહવેપાર સ્પા-OYOની આડમાં ગોરખધંધો કરાતો...

(એજન્સી) સુરત | તા. 16

સ્પા અને OYO રૂમની આડમાં ધમધમી રહેલાં સેક્સ રેકેટ વચ્ચે વેસુના સફલ રૂમ્સ ઓયો હોલમાં મુંબઈથી હાઈફાઈ લલના લાવી ચલાવવામાં આવતાં સેક્સ રેકેટ પર પોલીસે રેઈડ કરી હતી. પોલીસે OYO રૂમના મેનેજર સહિત ચારને ઝડપી પાડ્યા છે. 15 હજાર લઈ દેહવેપાર માટે મુંબઈથી આવેલી લલના પણ પોલીસને મળી આવી હતી. ઉમરા પોલીસે બુધવારે મોડી રાત્રે વેસુના સફલ રૂમ્સ ઓયો હોટલમાં રેડ પાડી હતી. હોટલના રૂમમાંથી પોલીસે 6 મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ મળી કુલ 76 હજારની રકમ કબજે કરી હતી.

પોલીસની રેડ દરમિયાન હોટેલના રુમ નંબર 206માં એક મહિલા અને પુરુષ કઢંગી હાલતમાં મળ્યા હતા. યુવતની પૂછપરછ કરતા તે મુંબઈમાં અંગતકુમાર નામના દલાલના તાબા હેઠળ કામ



કરતી હોવાનું અને સુરતના દલાલ બ્રિજેશ તથા નયન ઉર્ફે કાકા મારફત સુરતમાં દેહવેપાર માટે મોકલાઈ હતી. તેને મગદલ્લામાં ઉતારો અપાયો હતો. એજન્ટ બ્રિજેશ ગ્રાહકોને વોટ્સએપ મારફતે યુવતીઓના ફોટો મોકલતો ત્યારબાદ ગ્રાહક જે યુવતીની પસંદગી કરતો તેને બહારના રાજ્યમાંથી બોલાવતો હતો.

# પીપરટોડામાં પિયર આવેલી પરિણીતાને સાસરિયા તેડવા આવતા અગ્નિસ્નાન કરી જીવન ટુંકાવ્યું...

(એજન્સી) જામનગર | તા. 16

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પીપરટોડા ગામમાં રહેતી પરણીતા આંચકીની બીમારીથી પીડાતી હોવાથી અને માવતરે આવ્યા પછી તેણીના પતિ પાછા તેડવા નહીં આવતાં માઠું લાગવાથી અગ્નિસ્નાન દ્વારા આત્મહત્યા જીવન ટૂંક આવી લીધું હોવાની ઘટના સામે આવી છે

લાલપુરના પીપરટોડા ગામમાં ભરવાડ વાસમાં રહેતી જયશ્રીબેન વિરમભાઈ વકાતર નામની 28 વર્ષની પરણીતા એ પોતાના ઘેર પોતાની કાયા પર પેટ્રોલિયમ પદાર્થ છાંટી અગ્નિસ્તાન કરી લેતાં તેણી ગંભીર સ્વરૂપે દાઝી ગઈ હતી, અને 108 નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેણીનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃતકના સંબંધી ભુલાભાઈ બાવાભાઈ રાતડીયાએ પોલીસને જાણ કરતાં લાલપુરના પીએસઆઇ એ. જી. જાડેજા બનાવના સ્થળે તેમજ જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક જયશ્રીબેન કે જેઓ ના લગ્ન લાલપુર તાલુકાના નાંદુરી ગામે થયા હતા, અને તેઓને છેલ્લા ૫ વર્ષથી આંચકી ની બીમારી હોય તેથી પોતાના શરીરનો સમતોલ પણ જાળવી શકતા ન હતા, અને પડી જતા હતા.દરમિયાન તેઓ સાતમ આઠમના તહેવાર માં પોતાના સાસરે થી માવતરે રોકાવા માટે આવ્યા હતા.

બાંગ્લાદેશમાં 15,000 આપો ને ગેરકાયદે ભારતમાં ઘૂસો

# 4 વર્ષ પહેલાં મહિલા બંગાળથી ભારતમાં પ્રવેશી ; 3 વર્ષ સુરતના અલગ-અલગ સ્પામાં નોકરી કરી



(એજન્સી) સુરત |તા. 16

સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે સુરતમાં છેલ્લાં ત્રણ વર્ષથી રહેતી બાંગ્લાદેશી મહિલાની ધરપકડ કરી છે. આ મહિલા ચાર વર્ષ પહેલાં બાંગ્લાદેશી એજન્ટને માત્ર 15,000 રૂપિયા આપીને ભારતમાં પ્રવેશી હતી. એક વર્ષ મુંબઈમાં રહ્યા બાદ તે છેલ્લાં ત્રણ વર્ષથી સુરતમાં સ્થાયી થઈ હતી. સુરતમાં તેણે અલગ-અલગ સ્પામાં નોકરી કરી હતી. અહીં આવીને તેણે બોગસ ડોક્યુમેન્ટના આધારે આધારકાર્ડ સહિતના પુરાવા પણ બનાવ્યા હતા. પોલીસને તેની પાસેથી બાંગ્લાદેશની નાગરિક હોવાનું ઓળખકાર્ડ પણ મળી આવ્યું છે.

**4 વર્ષથી ગેરકાયદે રહેતી બાંગ્લાદેશી મહિલા ઝડપાઈ :** સુરતમાં છેલ્લાં ત્રણ વર્ષથી ગેરકાયદે રહેતી બાંગ્લાદેશી મહિલાની એસઓજીએ મહીધરપુરા દિલ્હી ગેટ ચાર રસ્તા ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ પાસેથી ધરપકડ કરી છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની તપાસમાં મહિલાનું નામ રસીદા બેગમ જહાંગીર અલી શેખ હોવાનું સામે આવ્યું છે. પૂછપરછમાં મહિલાએ જણાવ્યું હતું કે તે ચાર વર્ષ પહેલાં બાંગ્લાદેશી એજન્ટ મારફત પશ્ચિમ બંગાળથી ભારતમાં આવી હતી. આ મહિલાએ પોતાનું ખોટું નામ ધારણ કર્યું હતું અને ખોટા ડોક્યુમેન્ટો પણ બનાવ્યા હતા.

### મહિલા પાસેથી બોગસ ડોક્યુમેન્ટ પણ મળ્યા

એસઓજી દ્વારા જ્યારે મહિલાની વધુ પૂછપરછ હાથ ધરાઈ ત્યારે તેણે જણાવ્યું હતું કે ભારતમાં પ્રવેશવા માટે તેણે બાંગ્લાદેશી એજન્ટને બાંગ્લાદેશી કરન્સીમાં 15 હજાર રૂપિયા આપ્યા હતા. ત્યાર બાદ બાંગ્લાદેશથી પશ્ચિમ બંગાળમાં પ્રવેશ કર્યા હતો. બાદમાં અહીંથી તે અલગ-અલગ ટ્રેનમાં બેસીને સુરત પહોંચી હતી.

## ભાવનગરમાં પિતા બન્યો હેવાન, માતાઓ ભાંડો ફોડ્યો

# 13 વર્ષની માસૂમ દિકરી સાથે કરી કૂચેષ્ઠા

(એજન્સી) ભાવનગર I તા. 16

ભાવનગરમાં શૈતાનને પણ શરમાવે તેવી શર્મનાક ઘટના પ્રકાશમાં આવતા ભારે ચકચાર મચી જવા પામી છે. ભગવાનના સ્થાને રહેલા પિતાએ હેવાનિયતની હદ વટાવી પોતાની જ 13 વર્ષીય સગી માસૂમ પુત્રી ઉપર નજર બગાડી તેની સાથે શારીરિક છેડછાડ કરી કુચેષ્ટા કરતો હતો. દીકરી સાથે પતિની કાળી કરતૂતનો ખૂદ પત્નીએ જ ભાંડો ફોડી હવસખોર શખ્સ સામે પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી છે. સાંપ્રત સમાજમાં આઘાતજનક અને શર્મનાક કહી શકાય તેવા કિસ્સાની પ્રાપ્ત થતી માહિતી



અનુસાર ભાવનગર પંથકમાં રહેતા એક શખ્સ તેને હવસનો કીડો સળવળતા બાપ-દીકરીના પવિત્ર સબંધને લાંછન લગાડે તેવું કૃત્ય કરી બેઠયો હતો. માનસિક વિકૃત શખ્સે તેની 13 વર્ષીય પુત્રી કે જેને હજુ દુનિયાદારીની સમજ પણ પડતી ન હોય તેણી સાથે શારીરિક છેડછાડ કરવાનું શરૂ કર્યું હતું. આ પણ અધુરૂં હોય તેમ પુત્રીને બીજા રૂમમા લઇ જઇ તેની સાથે અડપલા કર્યા હતા.આ શર્મનાક દ્રષ્યો માતાએ નજરોનજર જોતા પ્રથમ તો તેણીના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. હજુ તો કિશોરાવસ્થામાં જ પહોંચેલી દીકરી સાથે ખૂદ તેનો સગો બાપ જ કુચેષ્ટા કરતો હોય, કાળી કરતૂત સજા મળે તે માટે દીકરીની માતાએ તેના જ પતિ સામે સ્થાનિક બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે શખ્સ વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હતી. સમગ્ર બનાવને લઈ ભારે ચકચાર સાથે શખ્સ સામે ફિટકારની લાગણી વરસી છે.

## કુંદનપરની વાડીમાં બાળકી સાથે દુષ્કૃત્ય કરનાર આરોપીની ધરપકડ

ભુજ: ભુજ તાલુકાના કુંદનપર ગામની વાડીમાં આઠ વર્ષની બાળકીની સાથે શારિરક અડપલાં કરી દુષ્કૃત્ય કરનારા કોટડા ચકારના આરોપીની માનકુવા પોલીસે વિધિવધ ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. બનાવ અંગે ભોગબનાર બાળકીના કાકાએ કોટડા ચકાર ગામના આરોપી શામજી મુસા કોલી (ઉ.વ.૩૫) વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. બનાવ ગુરૂવારે બપોરે બે વાગ્યાથી ત્રણ વાગ્યા દરમિયાન બન્યો હતો. આરોપીએ ફરિયાદીની આઠ વર્ષની ભત્રીજી અને પાંચ વર્ષના ભત્રીજાને બદકામ કરવાના ઈરાદે લઇ જઈને કુંદનપરની વાડીમાં લઈ ગયો હતો. જ્યાં ફરિયાદીના ભત્રીજાને બહાર ઉભો રાખી ભોગબનાર ભત્રીજીને રૂમમાં લઇ ગયો હતો. અને બાળકીના ગુપ્તાંગ સાથે અડપલાં કર્યા હતા. આરોપી શામજી કોલી બે સંતાનોનો પિતા છે. અને તેણે બે લગ્ન કર્યા હોવાનું સુત્રોમાંથી બહાર આવ્યું હતું. બનાવની ગંભીરતાને ધ્યાને લઈને માનકુવા પોલીસે ગણતરીના કલાકમાં જ આરોપીની અટકાયત કરી લીધી હતી.

# શહેરના દુઃખીશ્યામ બાપા સર્કલથી નેશનલ હાઈ-વે સુધીના રોડનુ કામ ઝડપી કરવા માંગણી

(એજન્સી) ભાવનગર I તા. 16

સરકારી તંત્રમાં રોડ સહિતની કામગીરી ધીમી થતા લોકોની મૂશ્કેલી વધતી હોય છે અને સમય મર્યાદામાં કામ નહીં થતા ખર્ચ પણ વધતો હોય છે, આવુ ભાવનગર મહાપાલિકામાં વારંવાર જોવા મળી રહ્યુ છે ત્યારે આવુ ફરી ન બને તે માટે દુઃખીશ્યામ બાપા સર્કલથી નેશનલ હાઈ-વે અને ટોપ થ્રી સર્કલથી મોલવાળા રોડનુ કામ ઝડપી કરવા કમિશનરને રજૂઆત કરાઈ છે. ભાવનગર મહાપાલિકાના રોડ વિભાગ દ્વારા છેલ્લા કેટલાક માસથી દુઃખીશ્યામ બાપા સર્કલથી નેશનલ હાઈ-વે અને ટોપ થ્રી સર્કલથી મોલવાળા રોડનુ કામ હાથ ધરવામાં આવેલ છે. આ બંને રોડ ખુબ જ બિસ્માર હાલતમાં હતા અને કોઈને કોઈ કારણસર રોડની કામગીરી શરૂ કરવામાં આવી ન હતી તેથી લોકોમાં રોષ જોવા મળ્યો હતો. આ બંને રોડની કામગીરી શરૂ કરવા વારંવાર રજૂઆત પણ કરવામાં આવી હતી. આ બંને રોડની કામગીરી હાલ શરૂ છે અને આગામી સમયમાં રોડ બની જતા લોકોને રાહત થશે પરંતુ હાલ બંને રોડની કામગીરી ધીમી ચાલી રહી છે તેથી વાહન ચાલકો, દુકાનદારો, સ્થાનિક લોકો



સહિતમાં રોષ જોવા મળી રહ્યો છે અને આ બંને રોડની કામગીરી ઝડપી કરવા માંગણી ઉઠી રહી છે.

શહેરના દુઃખીશ્યામ બાપા સર્કલથી નેશનલ હાઈ-વે સુધીનો મુખ્ય રોડ છે અને આ રોડ પરથી દરરોજ હજારો લોકો પસાર થતા હોય છે. આ રોડ ખરાબ હોવાના પગલે લોકો કચવાટ કરતા નજરે પડી રહ્યા છે. આ બંને રોડ બનાવવા ભાજપ અગ્રણી કિશોર ભટ્ટે મહાપાલિકાના અગાઉના કમિશનરને રજૂઆત કરી હતી. રોડની કામગીરી શરૂ થતા તેઓએ આભાર વ્યકત કર્યો છે પરંતુ રોડની કામગીરી ધીમી થતી હોવાથી સ્થાનિક લોકો પરેશાની થઈ રહી છે ત્યારે આ બંને રોડની કામગીરી ઝડપી કરવા ભાજપ અગ્રણીએ તાજેતરમાં કમિશનરને રજૂઆત કરી છે.

## રાપર પોલીસ અને ન.પા.ની સંયુક્ત કાર્યવાહી

# રાપરમાં નડતરરૂપ 40 કંતાનો દુર કરી સીસીટીવી કેમેરા ખુલ્લા કરાયા

(એજન્સી) ભુજ I તા. 16

વાગડના મુખ્યમથક રાપર શહેરની બજારમાં લાગેલા સીસીટીવી કેમેરા માટે નડતરરૂપ કંતાનોને આજે પોલીસ અને નગરપાલિકાએ સંયુક્ત કામગીરી હાથ ધરીને દુર કરી હતી અને ભવિષ્યમાં આવી રીતે કંતાનો ન લગાવવા તાકિદ કરી હતી. વધુમાં આડેધણ દબાણોને લઈને પણ વેપારીઓને ચેતવ્યા હતા.રાપરમાં લાગેલા સીસીટીવી કેમેરાના રેકોર્ડમાં અડચણો સમાન મુખ્ય બજારોમાં વેપારીઓએ છાંયડો બનાવવા માટે કંતાનોની નડતરરૂપ આડશ આજે રાપર પોલીસ અને નગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે ઝુંબેશ હાથ ધરી દુર કરવામાં આવી હતી. જેમાં નડતરરૂપ



ચાલીસથી વધુ કંતાનો દુર કરવા મા આવ્યાં હતા તો ટ્રાફિક ને નડતર રૂપ વાહનો તથા વેપારી દ્વારા રોડ પર ગોઠવવામાં આવેલ સામાન ને નડતર રૂપ ન રાખવા ચેતવણી આપવામાં આવી હતી. છ વર્ષથી લાગેલા સીસીટીવી કેમેરાને શરૂ કરવા માટે નગરપાલિકા દ્વારા રાજ્ય સરકાર પાસેથી ગ્રાન્ટ ફાળવવા માટે તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું ચીફ ઓફિસરએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે જો હવે થી કોઈ પણ વેપારી દ્વારા સીસીટીવી કેમેરા ને નડતરરૂપ કંતાનો કે આડશ ઉભી કરશે તો આકરો દંડ ફટકારવામાં આવશે. રાપર પોલીસ અને નગરપાલિકા દ્વારા સંયુક્ત કામગીરી દેના બેંક ચોક સલારી નાકા ભુતિયા કોઠા રોડ મેઈન બજાર માલી ચોક એસટી રોડ સહિતના વિસ્તારોમાં કામગીરી કરી હતી. ઝુંબેશ દરમ્યાન પોલીસ દ્વારા એન.સી૧૧ દ્વારા ૪૨૦૦/= નો દંડ ફટકાર્યો હતો અને ત્રણ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. ઉપરાંત ૩૮ વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. રાપર નગરપાલિકા અને પોલીસ દ્વારા રાપર શહેરમાં નડતરરૂપ કંતાનો દુર કરી સીસીટીવી કેમેરા ખુલ્લા કરવામાં આવ્યા હતા.

## જય જય આદિનાથ ના નાદ સાથે હજારો યાત્રિકોએ યાત્રા કરી

# ગિરિરાજની યાત્રાનો ભકિતમય માહોલમાં થયેલો પ્રારંભ

પાલિતાણા : વિશ્વ વિખ્યાત યાત્રાધામ પાલિતાણા ખાતે ચાર્તુમાસના ચાર માસ બાદ ગત અષાઢ સુદ પૂનમથી બંધ થયેલી પાવનકારી શેત્રુંજય ગિરિરાજની યાત્રા શુક્રવારે કાર્તિકી પૂર્ણિમાથી પુન શરૂ થઈ હતી.આજે જય આદીનાથના જય ઘોષ સાથે જય તળેટીથી હજારો ભાવિકાએ ભાવ અને ભકિતમય માહોલમાં મોટી યાત્રાનો શુભારંભ કર્યો હતો.

જેમાં જય તળેટીથી ચૈત્યવંદન કરી આગળ ઉપર બાબુનું દેરાસર, સમવસરણ મંદિર,પદમાવતી ટૂક, હનુમાન ધાર, ચૌમુખીની ટુક, હેમવસાહીની ટૂક, બાલાવરાહી ટૂક, ઉજકાબાઈની ટૂક, મોતીશાની ટૂક આવે છે. નવ ટૂકોમાં થઈને આગળ નવા રામપોળના રસ્તે થઈને સૌ પ્રથમ રામપોળ જવાય છે. અહીંથી પછી આગળ સાગળપોળ, વાઘણપોળ,અન્નપોળ, દાદાની પોળ આવે છે.



આ પછી સૂરજકુંડ આવે છે. નવ ટૂકમાં મોહિની ટૂંકમાં અબદબદાદાની મોટી મૂત છે. તે ખૂબ જ મોટી હોવાથી અૂત આદિનાથ કહેવાય છે. પાછળથી લોકોએ તેને અબદબદાદા નામ પાડયું તેની પૂજા વર્ષમાં એક જ વાર થાય છે. અહીં પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાન ૯૯૯ વાર સમોસર્યા હતા જે આ મહાતીર્થની પવિત્રતા દર્શાવે છે. જેમાંના ૨૪ તીર્થકરોમાંના ૨૩ તીર્થકરોએ આ મહાતીર્થની ભૂમિ પરથી વિશ્વમાં જૈન ધર્મનો મહામંગલકારી સંદેશો આપેલ છે. આ યાત્રા દરમિયાન ભાવિકો માટે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા સાદા અને ઉકાળેલા પાણીની, તેમજ મેડિકલ કીટ સહિતની સુંદર સુચારૂ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. કાર્તિકી પુર્ણિમાની યાત્રાના પ્રારંભની સાથે જ શુક્રવારથી બહારગામથી આવનારા તમામ યાત્રીકો માટે ભાતાઘર પણ ખુલી ગયું હતું. આ યાત્રાનો ભાવિકો ઉપરાંત આચાર્ય ભગવંતો, મહારાજ સાહેબો, આરાધકો તથા શ્રધ્ધાળુ જૈનેતર સહીત હજારો ભાવિકો જોડાયા હતા. ૩,૭૫૦ પગથીયા ચડીને શીખર પર દર્શન કરવાથી આ યાત્રા બે માઈલની થાય છે.કાતકી પુનમથી શરૂ થતી આ યાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. દરમિયાન કાર્તિકી પૂનમે કલિકાલસર્વજ્ઞા હેમચંદ્રાચાર્યજીની ૯૩૬ મી જન્મજયંતિ પણ ઉજવાઈ હતી.

## આરોપી પ્રત્યે કૂણા વલણ બદલ પો.સ્ટે.ના હેડ કોન્સ્ટેબલ સસ્પેન્ડ

ભાવનગર : ભાવનગર નાં ભરતનગર પોલીસ મથકના ગુનામાં બેદરકારી દાખવવા બદલ અને આરોપી પ્રત્યે કૂણું વલણ બદલ હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ અને ભરતનગર પોલીસ મથકના પીઆઈને લીવ રિઝવમાં મૂકવાનો હુકમ એસપી દ્વારા કરવામાં આવ્યો છે. આ બનાવની જાણવા મળતી વિગત મુજબ ભાવનગર,શહેરના ભરતનગર પોલીસ મથકમાં નોંધવામાં ગત ૯ નવેમ્બરના ૨૦૨૪ નાં રોજ ભાવનગરના ટોપ થ્રી સર્કલ પાસે આવેલ શિવમ અમૃત-૦૧ માં રહેતા મૂળ બોરડી તા. શિહોર ના વતની અને તળાજા ખાતે સી. આર.સી તરીકે નોકરી કરતા શિક્ષક નિલેશભાઈ અભેસંગભાઈ મોરીએ તળાજા રોડ, કાચના મંદિર સામે આવેલ કસ્તુરબા સોસાયટીમાં ચાલતી લાઈબ્રેરી અને હોસ્ટેલ બંધ કરી દેવાની ધમકી આપી બાજુમાં રહેતા શખ્સ સહિતનાએ કેમ્પસમાં આવી ધોલધપાટ કરી ધમકી આપતા હોવાની ફરિયાદ નોંધાવી હતી .આ ગુનામાં ભરતનગર પોલીસ મથકમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અશોકભાઈ રાજેન્દ્રભાઈ ઉલવા આરોપીને પકડી આવ્યા હતા.

## બાળકો તેમજ મહિલાઓની પ્રથમ પસંદગી શિંગોડા

# પ્રતિદિન એક હજાર કિલો શકિતવર્ધક શિંગોડાનું થતુ વેચાણ

(એજન્સી) ભાવનગર I તા. 16

શિયાળાની આરોગ્યવર્ધક ઋતુમાં લીલાછમ્મ શાકભાજીની સાથે સુકામેવા જેવુ વિશેષ મહત્વ ધરાવતા સ્વાસ્થ્યવર્ધક ગણાવાતા શિંગોડાની પણ ખુબ જ માંગ રહેતી હોય ભાવનગર શહેરની મુખ્ય શાકમાર્કેટ ઉપરાંત શિવાજીસર્કલ, ભરતનગર, કાળીયાબીડ સહિતના વિવિધ પરા વિસ્તારોની શાકમાર્કેટમાં મળી પ્રતિદિન અંદાજે એકાદ હજારથી વધુ કિલો શિંગોડાનું આસાનીથી વેચાણ થઈ રહેલ છે. મહિલાઓની અનેક જટિલ વ્યાધિઓમાં ખુબ જ ઉપયોગી ગણાતા શિંગોડા શરીર માટે ઈમ્યુનિટિ પાવર સમાન છે.

વિવિધ ઋતુમાં આવતા સીઝનલ ફળો અને શાકભાજી ખાવાની મજા જ કંઈક અલગ હોય છે. ઋતુ મુજબ અમુક ખાસ ફળ અથવા શાકભાજી ખાવાથી શરીરને પણ અનેક



ફાયદાઓ થતા હોય છે. હાલ શિયાળાની ઋતુ જામી રહી છે ત્યારે શિયાળાના અમૃત ફળ ગણાતા શિંગોડા અસ્થમા, હાઈ બ્લડ પ્રેશર, માંસપેશીઓની નબળાઈ અને થાઈરોઈડ જેવી સમસ્યામાં કારગર છે. ત્યારે ભારતના બિહાર,પશ્ચિમ બંગાળ, ઓડીસા, ઝારખંડ અને ખાસ કરીને મધ્યપ્રદેશના જબલપુર સહિતના જિલ્લાઓના તળાવોમાં શિંગોડાની સૌથી વધારે ખેતી કરાય છે. ત્યાંથી ટ્રેન અને હેવીલોડેડ ટ્રક મારફત ગુજરાતમાં અમદાવાદ થઈને ભાવનગર સહિતના અન્ય જિલ્લા મથકોમાં કાચા શિંગોડાઓનો જંગી જથ્થો રવાના કરવામાં આવે છે. જે ભાવનગરમાં મુખ્ય શાકમાર્કેટ, માળીનો ટેકરો સહિતના અનેક વિસ્તારોમાં વિશાળકાય ગોડાઉન ધરાવતા જથ્થાબંધ વિક્રેતાઓ ખરીદી લઈ વહેલી સવારે આ કાચા શિંગોડાને ધગધગતા ગરમ પાણીમાં મીઠુ અને હિરાકસી નાખીને નિયત સમય સુધી ગરમ કરવામાં આવે છે. આ રીતે ૨૦ કિલો શિંગોડા બાફવામાં આવતા તેમાં અંદાજે ત્રણથી ચાર કિલોની ઘટ આવે છે તેમ શિંગોડાના એક સ્થાનિક વિક્રેતાએ જણાવીને વધુમાં ઉમેર્યુ હતુ કે, પ્રતિ વર્ષ દિવાળી પર્વ આસપાસ એટલે કે, ઓકટોબરથી નવેમ્બર, ડિસેમ્બર અને જાન્યુઆરી માસમાં જ શકિતવર્ધક શિંગોડા બજારમાં ઉપલબ્ધ રહેતા હોય છે. આ શિંગોડાનું ગુજરાત રાજયમાં સૌથી વધુ અમદાવાદ, બરોડા બાદ ભાવનગરમાં વેચાણ થાય છે. જયારે જામનગર અને રાજકોટમાં તેનું નહિવત વેચાણ થાય છે. કાચા શિંગોડા ગુણવત્તા મુજબ રૂા ૩૦ આસપાસના કિલોના ભાવે મધ્યપ્રદેશમાંથી ખરીદી તેને બાફવામાં આવ્યા બાદ ભાવનગરમાં અંદાજે રૂા ૭૦ આસપાસના કિલોના ભાવે ફેરીયા, લારી,ટોપલાવાળાઓ તેમજ છુટક વિક્રેતાઓને વેચવામાં આવે છે. બાળકો તેમજ ખાસ કરીને મહિલાઓમાં શિંગોડા અતિ પ્રિય હોય શાકમાર્કેટ, પર્યટન સ્થળ, શૈક્ષણિક સંસ્થાઓ અથવા બાગ,બગીચા સર્કલ પાસે આસાનીથી ૫૦ થી વધુ કિલો શિંગોડા વિક્રેતાઓ દ્વારા આસાનીથી વેચાઈ જાય છે. ફકત શિયાળાની ઋતુના ત્રણેક માસ દરમિયાન જ જોવા મળતા ગુલાબી અને લીલી છાલવાળા શિંગોડા સ્વાસ્થ્ય માટે અત્યંત ફાયદાકાર માનવામાં આવે છે.

## રોજગારીની માંગ સાથે ભુજોડીના યુવાનોએ કંપની સામે ધરણા કર્યા

ભુજ : ભુજોડી ગામના સ્થાનિક ૧૫૦થી વધુ બેરોજગાર શિક્ષિત યુવાનોએ આજે આશાપુરા ઓઈલ રિફાઈન્ડ કંપની બહાર ધરણા પ્રદર્શન કર્યા હતા. ગામમાં આઈટીઆઈ, એન્જિનિયર અને સ્નાતકની ડિગ્રી ધરાવતા યુવાનો હોવા છતાં કંપની દ્વારા નોકરી પર રાખવામાં આવતા ન હોઈ આ બાબતે આજે યુવાનોએ કંપનીમાં પ્રવેશ કરતી બસને રોકી દઈને ધરણા પર બેસી ગયા હતા. જેના પગલે કંપનીના સતાધીશોમાં પણ દોડધામ મચી હતી. મામલો વધુ ન બીચકે તે માટે પોલીસ પણ દોડી આવી હતી. ભુજોડી ગામના કિશન મંગરીયાએ જણાવ્યું હતું કે, ભુજોડી ગામમાં શિક્ષિત



યુવાનો છે તેમ છતાં કંપની દ્વારા કોન્ટ્રેક પ્રક્રિયા દ્વારા બારાતુ યુવાનોને નોકરીએ રાખવામાં આવે છે. સ્થાનિક યુવાનોની અવગણના કરવામાં આવે છે. શ્રમકાર્યથી માંડીને ટેકનીકલ લાઈનમાં ખાલી પડેલી જગ્યાઓ પર સ્થાનિક યુવાનોને નોકરી પર રાખવાની માંગ સાથે યુવાનો કલાકો સુધી અડગ રહ્યા હતા. આખરે મોડી સાંજે કંપની દ્વારા સમાધાન થયા બાદ હડતાલનો અંત આવવા પામ્યો હતો.

## નારી ગામ નજીક ટ્રેક્ટર પાછળ રિક્ષા ઘૂસી જતાં મહિલાનું મોત

ભાવનગર : કલ્પેશભાઈ ભોરખીયા બપોરના સમયે તેમના કુટુંબી કાકા ધીરુભાઈ ભુરખીયાની બજાજ સીએનજી રીક્ષા નંબર જીજે ૦૪ એયુ ૬૯૨૭ લઈને મગલાણા ગામે રહેતા તેમના મોટા બાપુના દીકરી પારુલબેન ચાવડા અને તેના છ માસના દીકરા કૃણાલને લઈને ભાવનગર પરત આવી રહ્યા હતા ત્યારે નારી ગામ મઢુલી પાસે પસાર થઈ રહેલા ઈંટ ભરેલા ટ્રેક્ટરના ચાલકે અચાનક બ્રેક મારતા રીક્ષા ટ્રેક્ટરની ટ્રોલી સાથે અથડાતા રીક્ષામાં પાછળની સીટમાં બેઠેલા પારુલબેન રીક્ષામાંથી ફંગોળાઈ જઈને ટ્રેક્ટર ટ્રોલીની સાથે અથડાતા તેમને માથાના ભાગે ગંભીર બીજા પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું, જ્યારે રીક્ષા ચાલક કલ્પેશભાઈ ભોરખીયા અને તેમના છ માસના ભાણેજ કૃણાલ ને ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે. અકસ્માત બાદ ટ્રેક્ટરનો ચાલક ટ્રેક્ટર મુકીને ફરાર થઈ ગયો હતો.આ બનાવ અંગે રીક્ષા ચાલક કલ્પેશભાઈ ભોરખીયાએ ટ્રેક્ટરના ચાલક વિરુદ્ધ વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## દીપમાળાથી મંદિર પરિસર ઝળહળી ઉઠયું

# દેવદિવાળી પર્વે સંતરામ મંદિરમાં 1 લાખથી વધુ દિવડાઓ પ્રજ્વલિત કરાયા 100 થી વધુ NRI દર્શનાર્થે આવ્યાં

(એજન્સી) નડિયાદ I તા. 16

નડિયાદના સંતરામ મંદિરમાં દેવદિવાળીના પર્વે પરંપરાગત રીતે મંદિરના શીખરથી લઈ પરિસરમાં એક લાખ ઉપરાંતના દિવડાઓની હારમાળા પ્રજ્વલીત કરવામાં આવી હતી. પરિણામે મંદિર પરિસર રોશનીથી ઝળહળી ઉઠયું હતું. આ નજારો જોવા માટે નડિયાદ તથા આસપાસના ગામોમાંથી હજારો ભક્તો ઉમટયાં હતાં. તેમજ અંદાજે ૧૦૦ એનઆરઆઈઓ દર્શનાર્થે આવ્યાં હતાં. નડિયાદના સંતરામ મંદિરમાં શુક્રવારે દેવદિવાળીના પાવનપર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. પરંપરાગત રીતે દેવદિવાળીની ઢળતી સાંજે મંદિરના શીખરથી લઈ પરિસરમાં હજારો દિવાઓથી રોશન કરવામાં આવે છે. ચાલુ વર્ષે સમગ્ર મંદિર અને પરિસરને એક લાખથી વધુ દિવડાઓની હારમાળાથી પ્રજ્વલિત કરવામાં આવ્યું હતું. પરિણામે સમગ્ર મંદિર પરિસર રોશનીથી ઝળહળી ઉઠયું હતું. લોખંડની એંગલો પર દીવાઓ સજી 'જય મહારાજ' લખાયું હતું. આ સમયે હજારો ભાવિક ભક્તો અને



સ્વયંસેવકોના હાથ થકી ગણતરીના સમયમાં એક લાખ ઉપરાંતના દીપમાળા પ્રજ્વલિત થયા હતા.

આ નજારો જોવા માટે શહેર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુંઓ ઉમટયાં હતાં. તેમજ ૧૦૦થી વધુ એનઆરઆઈ આ ઉજવણીના દર્શન કરવા માટે માદરે વતન આવ્યાં હતાં. અહીંયા ભગવાન ગુરૂ દત્તાત્રેયના અવતાર સ્વરૂપ યોગીરાજ અવધૂત સંતરામ મહારાજની દિવ્ય જયોતિનું તેજ, તપ અને પુણ્ય જોવા મળે છે. અનેક વ્યક્તિઓની આસ્થા અને શ્રદ્ધા આ મંદિર સાથે જોડાયેલી છે.

## મુંદરામાં બંધ મકાનના તાળા તોડી રોકડ દાગીના મળી દોઢ લાખની ચોરી

ભુજ: મુળ પોરબંદરના અને હાલ મુંદારા અદાણી વીલ્માર કંપનીમાં નોકરી કરતા સુરેશાભઇ કાનજીભાઇ ઝાલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ તેમના પરિવાર સાથે સબંધીને ત્યાં જામનગર ગયા હતા. અને ત્યાંથી દ્વારકા ફરવા ગયા હતા. તે દરમિયાન ૭ નવેમ્બરથી ૧૦ નવેમ્બર વચ્ચે તેમના મુંદરા શાંતિનિકેતન સોસાયટીમાં આવેલા મકાનમાં કોઇ અજાણ્યા શખ્સોએ તાળા તોડી અંદર લોકરમાં રાખેલા સોના ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૪૯,૨૬૧ તેમજ લેડીઝ પર્સમાંથી રોકડ રૂપિયા ૫ હજાર અને એક્ટિવા ગાડીન આરસીબુક તેમજ બેન્કના લોકરની ચાવી સહિતના મુદમાલની ચોરી કરી ગયા હતા. મુંદરા પોલીસે બનાવની નોંધ લઇ તસ્કરોનો શુરાગ મેળવા તપાસ તેજ કરી છે.

## રોડ પર સર્જાયો ટ્રાફિકજામ

# દાહોદમાં બે ખાનગી લકઝરી બસ વચ્ચે સર્જાયો અકસ્માત, 5 મુસાફરો થયા ઈજાગ્રસ્ત

(એજન્સી) દાહોદ I તા. 16

દાહોદમાં 2 ખાનગી બસ વચ્ચે અકસ્માતમાં સર્જાયો છે જેમાં મોડી રાત્રે આ અકસ્માત સર્જાયો હોવાની વાત સામે આવી છે,ઘટનામા એક બસે બીજી બસને ટક્કર મારતા બસ રોડની સાઈડમાં ઉતરી ગઈ હતી અને મુસાફરોના જીવ તાળવે ચોંટયા હતા,ઘટનાની જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી અને વધુ તપાસ હાથધરી હતી,પીપલોદ નજીક હાઈવે પર અકસ્માત સર્જાયો હતો.દાહોદમાં આમ પણ અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે,એક બસ રોડ પર ઉભી હતી તે દરમિયાન બીજી બસે આવીને ટક્કર મારતા બસ રોડની સાઈડ પર ઉતરી ગઈ હતી આ ઘટ નામાં પાંચ મુસાફરો ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે,ત્યારે અન્ય મુસાફરો સહી સલામત હોવાથી તેમને બીજી બસ મારફતે તેમના સ્થળ પર મોકલવામાં આવ્યા છે.હાઈવે ઓથોરીટીની ટીમે પણ ઘટના સ્થળે પહોંચીને વધુ કાર્યવાહી હાથધરી છે.

**ઈજાગ્રસ્તોને સારવાર હેઠળ ખસેડાયા |** ઘટનાની જાણ થતા આસપાસના સ્થાનિકોએ 108 એમ્બ્યુલન્સને ઘટના સ્થળે બોલાવી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર હેઠળ હોસ્પિટલ મોકલી આપ્યા છે,હાલમાં પ્રાથમિક સારવાર હોસ્પિટલમાં આપવામાં આવી રહી છે તો જે મુસાફરો સ્વસ્થ થઈ ગયા છે તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે,મહત્વનું છે કે પોલીસે મુસાફરો અને ડ્રાઈવરના નિવેદન પણ નોંધ્યા છે,હાલમાં આ ઘટનામાં કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી પરંતુ પોલીસની તપાસ બાદ ફરિયાદ પણ નોંધાઈ શકે છે.

**એક અઠવાડિયા પહેલા પણ સર્જાયો હતો અકસ્માત**

પંચમહાલમાં ગોધરા-દાહોદ હાઈવે પર કાર અને બાઈક વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સવાર પસનાલ ગામના વણઝારા સમાજના માતા-પુત્રનું મૃત્યુ નીપજ્યું હતું.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
તમે ઘણી પ્રવૃત્તિઓ અને જવાબદારીઓ નિભાવવામાં વ્યસ્ત રહેશો, તમને વિદેશની કોઈ વ્યક્તિ પાસેથી કેટલીક મહત્ત્વપૂર્ણ માહિતી પણ મળી શકે છે, તેથી તેને ગંભીરતાથી ધ્યાનમાં લો.



**વૃષભ (બ,વ,ઉ)**
આર્થિક યોજનાઓ પર વિચાર કરવામાં આવશે અને રોકાણ સંબંધિત કેટલીક યોજનાઓ પણ બનાવવામાં આવશે. ખર્ચની ચિંતા રહેશે નહીં કારણ કે પરિવાર સાથે ખરીદી વગેરેમાં તમને ખુશી મળશે.



**મિથુન (ક,છ,ઘ)**
અનુભવી અને પ્રભાવશાળી લોકો દ્વારા તમને ઘણી નવી માહિતી મળશે, જેનો અમલ કરવાથી તમને ફાયદો થશે. જો કોઈ અડચણ આવશે તો તમે એકબીજા સાથે વાત કરીને તમારું કામ પાર પાડી શકશો.



**કર્ક (ડ,હ)**
દિવસનો મોટાભાગનો સમય સામાજિક અને ધાર્મિક કાર્યોમાં પસાર થશે અને તમારું વર્ચસ્વ પણ રહેશે. યુવાનો દ્વારા લેવામાં આવેલ કોઈપણ મહત્ત્વપૂર્ણ નિર્ણય ભવિષ્ય માટે ફાયદાકારક સાબિત થશે.



**સિંહ (મ,ટ)**
તમે ઘરના વરિષ્ઠ સભ્યોના માર્ગદર્શન હેઠળ પારિવારિક જવાબદારીઓને સારી રીતે નિભાવી શકશો. વિદેશ જવાનો પ્રયાસ કરી રહેલા લોકોને આજે આવી રહેલા અવરોધોમાંથી થોડી રાહત મળી શકે છે.



**કન્યા (પ,ઠ,ણ)**
વ્યવસ્થિત દિનચર્યા રહેશે અને બધા કામ સમય પ્રમાણે પૂરા થશે. જો કોઈ સમસ્યા ઊભી થાય તો નજીકના મિત્ર અથવા સંબંધીની સલાહ પણ તમારા માટે ઉપયોગી સાબિત થશે.



**તુલા (ર,ત)**
કામનો વધારાનો બોજ રહેશે. પરંતુ તે જ સમયે, તમારી યોજના આજે સાકાર થવા જઈ રહી છે. તેથી, તમારા પ્રયત્નોને ઢીલા ન થવા દો. ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યોમાં થોડો સમય આપો.



**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે વ્યસ્ત દિનચર્યામાંથી રાહત મેળવવા માટે આરામ અને શાંતિના મૂડમાં રહેશો અને ભૂતકાળની ભૂલોમાંથી શીખીને તમારી દિનચર્યામાં પણ સુધારો કરશો. યુવાનોએ સમયનું મહત્ત્વ સમજવું પડશે.



**ધન (ભ,ધ,ફ)**
સખત મહેનત કરો અને નકામી પ્રવૃત્તિઓમાંથી તમારું ધ્યાન હટાવીને તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો. પરિવારના અપરિણીત સભ્યના લગ્ન સાથે સંબંધિત સંબંધ પણ આવી શકે છે.



**મકર (ખ,જ)**
જો તમે આજે કોઈ મહત્ત્વપૂર્ણ કામ માટે યાત્રા કરવા જઈ રહ્યા છો, તો તમને ઘણી સફળતા મળશે. ઓનલાઈન પ્રવૃત્તિઓ દ્વારા કોઈપણ નવી ટેકનોલોજી કે કૌશલ્ય શીખવાનો આ યોગ્ય સમય છે.



**કુંભ (ગ,શ,સ)**
સકારાત્મક વિચાર તમને કોઈપણ નિર્ણય લેવામાં મદદ કરશે. જો પૈસા ક્યાંક ઉધાર આપવામાં આવ્યા હોય તો આજે તે પરત મળવાની પૂરેપૂરી શક્યતા છે. મહિલાઓ માટે આજનો દિવસ વિશેષ શુભ રહેશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
યોજનાઓને અમલમાં મૂકવા માટે અનુકૂળ સમય છે. કોઈ ખાસ વ્યક્તિના કારણે તમારી સાંજ ખૂબ જ આનંદદાયક રહેશે. આજે આપણે કેટલીક નવી વસ્તુઓ શીખવામાં અને સમજવામાં સમય પસાર કરીશું.

# ભારતીય શેરબજાર વધારે આકર્ષક, FPI પ્રવાહ વધારો થવાની શક્યતાની આગાહી

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ચાઈનાની આર્થિક મંદ વૃદ્ધિના પરિણામે સ્ટીમ્યુલસ-રાહતના મસમોટા પેકેજ આપવાની ફરજ પડી રહી હોઈ અને બીજી તરફ અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના વિજયના પરિણામે ચાઈના વિરૂધ્ધ આકરાં ટેરિફ સહિતના સંભવિત પગલાં અને નીતિઓને લઈ ચાઈના સહિતના બજારોમાં કડાકો બોલાઈ ગયા બાદ હવે હોંગકોંગના નેગેટીવ સમાચાર સાથે વૈશ્વિક જાયન્ટ ફંડો અવોઈડ ચાઈના સાથે બેક ટુ ઈન્ડિયાના અહેવાલોએ ચાઈનાના શાંઘાઈ શેર બજારમાં ફરી કકાડો બોલાઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે વૈશ્વિક બ્રોકિંગ જાયન્ટ સીએલએસએ તેના ગ્લોબલ ઈક્વિટી રિપોર્ટમાં ભારતીય ઈક્વિટીઝથી ચાઈનીઝ શેરોમાં તેના પ્રારંભિક વ્યુહાત્મક બદલાવને પાછો ખેંચી લીધો છે અને ચીનના એક્સપોઝરમાં ઘટાડો કરતી વખતે ભારતની ફાળવણીમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે.



સીએલએસએ 'પોઉન્સિંગ ટાઈગર, પ્રિવેરિકેટિંગ ડ્રેગન' શીર્ષક હેઠળના તેના રિપોર્ટમાં યુ.એસ.ની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત પછી ચીનના બજારો સામેના પડકારોને આ પગલાનું કારણ ગણાવ્યું છે. બ્રોકિંગ હાઉસે જણાવ્યું છે કે, ટ્રમ્પ ૨.૦ એ વેપાર યુદ્ધમાં વધારો થવાની જાહેરાત કરી છે, જેમ કે નિકાસ ચીનના વિકાસમાં સૌથી મોટો ફાળો આપનાર બની જાય છે. શરૂઆતથી જ ચીનની ઈક્વિટી-શેર બજારોમાં ઘટાડાની સંભવિતતા અંગે તેમને શંકા હોવાનું જણાવતા સીએલએસએ જણાવ્યું હતું કે, તેમ છતાં તેણે ઓકટોબરની શરૂઆતમાં ભારત સાથેના તેના કેટલાક ઓવર એક્સપોઝરને વ્યુહાત્મક રીતે ચીન તરફ વાળવા વચનબદ્ધતા દર્શાવી હતી. બ્રોકિંગ હાઉસે ભારત માટેનું વેઈટેજ ૨૦ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરી દીધું હતું અને ચીન માટેની ફાળવણીને બેન્ચમાર્કથી વધારીને પાંચ ટકા કરી દીધી હતી. હવે બ્રોકિંગ હાઉસે તે વેપારને ઉલટાવવાનું નક્કી કર્યું હોવાનું રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે. ભારત સતત વિદેશી રોકાણકારોના પ્રવાહમાં ઓટનો સામનો કરી રહ્યું છે, ત્યારે આ ઉલટફેર આવી રહી છે. બીજા ત્રિમાસિકમાં નબળી આવક અને વધતી જતી ફુગાવાની સ્થિતિને લઈ વિદેશી સંસ્થાઓએ ઓકટોબરથી અત્યાર સુધીમાં ભારતીય શેરબજારોમાંથી રૂ.૧.૧૪ લાખ કરોડનું વેચાણ કર્યું છે.

### મરી-મસાલાનું ઉત્પાદન, તેમાંથી માત્ર ૧૫ ટકાની જ નિકાસ

# મરી-મસાલાની નિકાસ 2030 સુધીમાં વધીને 10 અબજ ડોલરને આંબશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

વૈશ્વિક સ્તરે ભારત મરી-મસાલાના ઉત્પાદનમાં મોખરાનું સ્થાન ધરાવે છે. દેશમાં સરેરાશ કુલ ૧૨.૪ મિલિયન ટનનું ઉત્પાદન થઈ રહ્યું છે અને તેમાંથી માત્ર ૧૫ ટકા જ નિકાસ થઈ રહી છે. જે આગામી સમયમાં વધારવા પ્રયાસ કરાશે. વૈશ્વિક સ્તરે ભારતીય મરી-મસાલાની મોટા પાયે માગ છે પરંતુ સ્થાનિક પુરવઠાને પહેલા ધ્યાનમાં લેવામાં આવે છે તેવો નિર્દેશ નેશનલ સ્પાઈસિસ કોન્ફરન્સમાં વ્યક્ત કરાયો હતો. નિકાસમાગને પહોંચી વળવા માટે ઉત્પાદક્તા પર વધુ ભાર આપવામાં આવશે અને આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં ઉત્પાદન વધારીને ૧૫-૧૬ મિલિયન ટન સુધી લઈ જવાના



પ્રયાસ કરવામાં આવશે તેમ વર્લ્ડ સ્પાઈસ ઓર્ગેનાઈઝેશનના રામકુમાર મેનને જણાવ્યું હતું. ૨૦૩૦ સુધીમાં નિકાસ પણ વધારીને ૧૦ અબજ ડોલર લઈ જવાશે જે અત્યારે ૪.૫ અબજ ડોલરની છે. દેશમાંથી એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન કુલ રૂ.૧૭૪૮૮ કરોડની નિકાસ થઈ હતી જે અગાઉના વર્ષે આ સમયગાળામાં રૂ.૧૬૦૬૫ કરોડની નિકાસ નોંધાઈ હતી. યુરોપ અને અમેરિકામાં મોટા પાયે માગ ખુલી છે. ઈન્ડસ્ટ્રીમાં ખાદ્ય સુરક્ષા સાથે કોઈ બાંધછોડ થવી જોઈએ નહીં. આપણી માર્કેટિંગ વ્યૂહરચનાઓ વિશ્વભરના ગ્રાહકોને સુરક્ષિત અને ઉચ્ચ-ગુણવત્તાયુક્ત સ્પાઈસિસ ડિલિવર કરવાની કટીબદ્ધતા દર્શાવે છે.

# સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે સેબી એન્જલ ફંડ માટે નિયમો સરળ બનાવશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ભારતીય બજાર નિયમનકાર, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી), ટૂંક સમયમાં નવા રોકાણકારોને એન્જલ ફંડ્સમાં જોડાવાની મંજૂરી આપી શકે છે. અત્યાર સુધી માત્ર અધિકૃત રોકાણકારો જ એન્જલ ફંડમાં રોકાણ કરી શકતા હતા, પરંતુ હવે તેમાં હિંદુ અવિભાજિત પરિવારો, કુટુંબ ટ્રસ્ટ અને એકમાત્ર માલિકી જેવા રોકાણકારોનો પણ સમાવેશ થઈ શકે છે. એન્જલ ફંડ્સ વૈકલ્પિક રોકાણ ભંડોળ તરીકે સંરચિત હોઈ શકે છે, પરંતુ તે અન્ય કરતાં અલગ છે. તેઓ ખાસ કરીને સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરે છે અને હાલમાં માત્ર માન્યતા પ્રાપ્ત રોકાણકારો માટે જ ખુલ્લું છે. સેબીના આ પગલાથી એન્જલ ફંડનો વ્યાપ વિસ્તારવાની અને વધુ રોકાણકારો માટે તકો ઊભી થવાની અપેક્ષા છે. અધિકૃત રોકાણકારોને રોકાણના જોખમોની સારી સમજ હોય છે અને તેમણે ન્યૂનતમ નેટ-વર્થ માપદંડોને પૂર્ણ કરવા જરૂરી છે. આ માપદંડ તૃતીય-પક્ષ માન્યતા એજન્સી દ્વારા ચકાસવામાં આવે છે, તે પછી જ તેમને એન્જલ ફંડ્સમાં રોકાણ કરવાની મંજૂરી આપવામાં આવે છે.



સેબીએ એન્જલ ફંડ્સ માટેના નિયમોને સરળ બનાવવા માટે ઘણી દરખાસ્તો કરી છે, જેમાં લઘુત્તમ રોકાણમાં છૂટછાટ, લઘુત્તમ ભંડોળ, સ્ટાર્ટઅપ્સમાં લઘુત્તમ અને મહત્તમ રોકાણ મર્યાદા, લોક-ઈન સમયગાળાની જરૂરિયાતો ઘટાડવા અને વૈવિધ્યકરણ મર્યાદામાં છૂટછાટનો સમાવેશ થાય છે. સેબીએ એન્જલ રોકાણકારો માટે રૂ. ૨૫ લાખની લઘુત્તમ રોકાણ જરૂરિયાતને દૂર કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. અન્ય રોકાણ ભંડોળ માટે, રોકાણનું લઘુત્તમ કદ હજુ પણ રૂ. ૧ કરોડ નક્કી કરવામાં આવ્યું છે. આ નવા નિયમો સાથે સેબીનો હેતુ ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં રોકાણને સરળ બનાવવાનો છે. બજેટમાં એન્જલ ટેક્સ દૂર કરવાના નિર્ણય બાદ આ ફેરફારો પ્રકાશમાં આવ્યા છે, જે સ્ટાર્ટઅપ સેક્ટરમાં વધુ સુગમતા લાવશે.

### પરિવારોની નાણાકીય સ્થિતિનું પ્રતિનિધિત્વ ઈક્વિટી હોલ્ડિંગ હસ્તક

# લાંબા ગાળામાં સોના, FD અને પ્રોપર્ટી કરતાં ઈક્વિટીમાં વધુ વળતર : મોર્ગન સ્ટેન્લી

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

મોર્ગન સ્ટેનલીએ એક અહેવાલમાં જણાવ્યું છે કે ભારતીય ઈક્વિટીએ (સેન્સેક્સ) ૧૦, ૧૫, ૨૦ અને ૨૫ વર્ષની મુદતમાં રિયલ એસ્ટેટ, સોનું, ૧૦-વર્ષના બોન્ડ્સ અને બેંક ફિક્સ્ડ ડિપોઝિટ જેવી અસ્કયામતો કરતાં વધુ વળતર આપ્યું છે અન્ય શ્રેણીઓની સરખામણીમાં. જોકે, આ વળતર (પ્રી-ટેક્સ) હાંસલ કરવા માટે, રોકાણકારોએ રોકાણ કરતી વખતે જોખમ લેવા અને શેરોમાં થતી વધઘટને સહન કરવા સક્ષમ હોવા જોઈએ, એમ અહેવાલમાં જણાવાયું છે. મોર્ગન સ્ટેનલીના જણાવ્યા મુજબ, ઈક્વિટીઝ (આ કિસ્સામાં સેન્સેક્સ)એ ૨૫ વર્ષના સમયગાળામાં ૧૫



ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દરે પ્રી-ટેક્સ વળતર આપ્યું હતું, જે સોના (૧૧.૧ ટકા), બેન્ક એફડી (૭.૩ ટકા) કરતાં વધુ સારું હતું. જો કે, ઈક્વિટી રોકાણકારોએ આ વળતર માટે ૩૦.૭ ટકાની ઊંચી વધઘટનો સામનો કરવો પડયો હતો, જ્યારે સોનામાં ૧૧.૩ ટકા અને બેન્ક એફડી માટે ૧.૬ ટકા હતો. મોર્ગન રિપોર્ટ મુજબ જો આપણે છેલ્લા દાયકામાં સંપત્તિ સર્જન પર નજર કરીએ, તો એવું અનુમાન છે કે પરિવારોએ ૮.૫ ટ્રિલિયન ડોલરની સંપત્તિ મેળવી છે જેમાં લગભગ ૧૧ ટકા ઈક્વિટીમાંથી આવ્યા હતા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સોનામાં ભાવ વધવાના કારણે સંપત્તિમાં તીવ્ર વધારો થયો છે. ભારતીય પરિવારો હજુ પણ ઈક્વિટીમાં ઓછું રોકાણ કરે છે. માત્ર ૩ ટકા પરિવારોની નાણાકીય સંપત્તિ ઈક્વિટીમાં છે. તેમનું માનવું છે કે આવનારા વર્ષોમાં આ સંખ્યા વધીને બે આંકડા સુધી પહોંચી શકે છે. મોર્ગન સ્ટેન્લીનો અંદાજ છે કે સ્થાપક સંપત્તિને બાદ કરતાં, ઈક્વિટી હોલ્ડિંગ વર્તમાન બજાર કિંમતો પર લગભગ ૮ ટકા પરિવારોની નાણાકીય સ્થિતિનું પ્રતિનિધિત્વ કરે છે.

# ધિરાણની સરખામણીએ થાપણ વૃદ્ધિ વધ્યા પછી ફરી એકવાર મંદ પડી

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

અઢી વર્ષના ગાળા બાદ ૧૮ ઓકટોબરના પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિ કરતા ઊંચી રહ્યા બાદ થાપણ વૃદ્ધિ ૧લી નવેમ્બરના પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિને લગભગ સમાન રહ્યાનું રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. ૧લી નવેમ્બરના સમાપ્ત થયેલા પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૧૧.૯૦ ટકા રહી હતી જ્યારે થાપણ વૃદ્ધિનો આંક ૧૧.૮૩ ટકા રહ્યો હતો, એમ રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. થાપણ વૃદ્ધિ ફરી મંદ પડયાના સંકેત મળી રહ્યા છે. ઊંચા થાપણ દરને કારણે બેન્કો માટે થાપણ વૃદ્ધિ જાળવવાનું મુશકેલ બની શકે છે. ૧લી નવેમ્બરના પખવાડિયાના અંતે બાકી પડેલા ધિરાણનો આંક રૂપિયા ૧૭૪.૩૯ ટ્રિલિયન રહ્યો હતો જ્યારે થાપણનો આંક રૂપિયા ૨૨૦.૪૩ ટ્રિલિયન હતો. ૧૮ ઓકટોબરના સમાપ્ત થયેલા પખવાડિયામાં બેન્કિંગ વ્યવસ્થામાં થાપણ વૃદ્ધિ ૧૧.૭૪ ટકા રહી હતી અને ધિરાણ વૃદ્ધિ ૧૧.૫૨ ટકા રહી હતી. એક સમયે થાપણ વૃદ્ધિ કરતા ધિરાણ વૃદ્ધિ સાત ટકા



જેટલી ઊંચી જોવા મળી હતી. દેશના શેરબજારોમાં રેલીને કારણે ઘરેલું બચતો ઈક્વિટીસ તરફ વળવા લાગતા બેન્કોમાં થાપણ તરફના આકર્ષણમાં ઘટાડો થયો હતો. થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચેનું અંતર ઘટી જવા પાછળનું એક કારણ ધિરાણ ઉપાડમાં મંદ ગતિ જણાવાઈ રહી છે. રિઝર્વ બેન્ક દ્વારા રિસ્ક વેઈટમાં વધારા ઉપરાંત અનસિકયોર્ડ લોન્સ પર અંકૂશને કારણે પણ ધિરાણ વૃદ્ધિ મંદ પડી હોવાનું એક બેન્કરે જણાવ્યું હતું. તાજેતરના દિવસોમાં બેન્કો દ્વારા થાપણ પરના વ્યાજ દર વધારાતા થાપણમાં વૃદ્ધિ જોવા મળી હોવાનું બેન્કિંગ ક્ષેત્રના સુત્રોએ જણાવ્યું હતું. ઘરેલુ બચતની ઈક્વિટીમાં ફાળવણી જે ૨૦૨૦માં ૧૫ ટકા હતી તે ૨૦૨૪માં વધી ૨૫ ટકા પહોંચી ગઈ હોવાનું તાજેતરમાં એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું.

### અગાઉ આ બેઠક નવેમ્બરમાં થવાની શક્યતા હતી, પરંતુ હવે ડિસેમ્બરમાં યોજાશે

# GST કાઉન્સિલની બેઠક નવેમ્બરમાં નહીં યોજાય

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

GST કાઉન્સિલની 55મી બેઠક 21 ડિસેમ્બર 2024ના રોજ રાજસ્થાનના જેસલમેરમાં યોજાવા જઈ રહી છે, જેમાં મહત્ત્વના નિર્ણયો લેવાની શક્યતાઓ જોવા મળી રહી છે. આ બેઠકમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણની સાથે રાજ્યોના નાણા મંત્રીઓ પણ ભાગ લેશે. અગાઉ આ બેઠક નવેમ્બરમાં થવાની શક્યતા હતી, પરંતુ હવે ડિસેમ્બરમાં યોજાશે. જીએસટી કાન્સિલની આ બેઠકમાં રાજ્યોના નાણા મંત્રીઓ આગામી નાણાકીય વર્ષના બજેટ સાથે સંબંધિત તેમના સૂચનો પણ રજૂ કરશે, જે 1 ફેબ્રુઆરી, 2025ના રોજ સંસદમાં રજૂ કરવામાં આવશે. આ બેઠકમાં અત્યંત મહત્ત્વના અને વર્ષોથી થઈ રહેલી માગ પૂરી થવાનો અંદાજ છે. જેમાં ટર્મ અને લાઈફ ઈન્સ્યોરન્સ પોલિસીના પ્રીમિયમ પર જીએસટી દૂર કરવા અથવા છૂટ આપવાની માગ છે. આ મામલે રાજ્યોના મંત્રીઓની કમિટીએ રિપોર્ટ રજૂ કરી દીધો છે. અગાઉ આ કમિટીએ ઓક્ટોબર, 2024માં હેલ્થ અને લાઈફ



ઈન્સ્યોરન્સને જીએસટીમાંથી બાકાત કરવા સહમતિ દર્શાવી હતી. તદુપરાંત વરિષ્ઠ નાગરિકોના હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ પર જીએસટીમાં છૂટ આપવાની જોગવાઈ પણ અમલમાં મૂકી શકે છે. બેઠકમાં પાંચ લાખ સુધીના હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ પર જીએસટીમાં રાહત આપવાની શક્યતાઓ નિષ્ણાતોએ જણાવી રહ્યા છે. હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ માર્કેટને પ્રોત્સાહન આપવા જીએસટી કાઉન્સિલ સુધારાતરફી નિર્ણયો લઈ શકે છે. દેશમાં જીએસટીના ચાર મુખ્ય સ્લેબ (5%, 12%, 18% અને 28%) હેઠળ ટેક્સ વસૂલવામાં આવે છે. આવશ્યક ચીજવસ્તુઓ પર નીચો જીએસટી દર અથવા છૂટ લાગુ પડે છે, જ્યારે લક્ઝરી વસ્તુઓ પર ઊંચો જીએસટી વસૂલાય છે. જો કે, તાજેતરના ડેટા અનુસાર, જીએસટીનો સરેરાશ દર ઘટીને 15.3% પર આવી ગયો છે, જેના કારણે દરોમાં ફેરફારની માંગ વધી છે.

### અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના પ્રમુખપદે પુનરાગમન બાદ ક્રિપ્ટોમાં જોરદાર તેજી

# કેનેડા, ઈટાલીની GDP કરતા ક્રિપ્ટોની માર્કેટ કેપ ઊંચી

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

અમેરિકાના પ્રમુખપદે ડોનાલ્ડ ટ્રમ્પ ફરી ચૂંટાઈ આવ્યા બાદ ક્રિપ્ટોકરન્સીસ બજારમાં આવેલી રેલીને પરિણામે ક્રિપ્ટો કરન્સીસની વૈશ્વિક માર્કેટ કેપ ૩ ટ્રિલિયન ડોલરને પાર કરી ગઈ છે જે કેનેડા, બ્રાઝિલ તથા ઈટાલી જેવા કેટલાક દેશોના વાર્ષિક ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટ (જીડીપી) કરતા પણ વધુ હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું. એકંદર માર્કેટ કેપ વધી ૩.૧૫ ટ્રિલિયન ડોલર જોવા મળી છે. ટ્રમ્પ ક્રિપ્ટો માર્કેટની તરફેણમાં હોવાથી અને અમેરિકામાં વ્યાજ દરમાં વધુ ઘટાડાની અપેક્ષાએ છેલ્લા દસ દિવસમાં બિટકોઈનની આગેવાની હેઠળ ક્રિપ્ટોકરન્સીસમાં જોરદાર રેલી જોવા મળી છે. બિટકોઈને ૯૩૦૦૦ ડોલરની સપાટી દર્શાવી હતી. એકલા બિટકોઈનની માર્કેટ કેપ ૧.૭૫ ટ્રિલિયન ડોલર જોવા મળી રહી છે. આ ઉપરાંત અન્ય મોટી ક્રિપ્ટો એથરમની માર્કેટ કેપ ૩૮૪ અબજ ડોલર જ્યારે ટેથરની ૧૨૬ અબજ ડોલર જોવાઈ રહી છે. એકંદર માર્કેટ કેપની સરખામણીએ કેટલાક



દેશોના જીડીપી પ્રમાણમાં ઘણા નીચા જોવા મળી રહ્યા છે. કેનેડાનું જીડીપી ૨.૨૧ ટ્રિલિયન ડોલર છે જ્યારે ઈટાલીનું ૨.૩૮ ટ્રિલિયન ડોલર અને બ્રાઝિલનું ૨.૧૯ ટ્રિલિયન ડોલર હોવાનું પ્રાપ્ત ડેટા પરથી જણાય છે. ગુરુવારે બિટકોઈને ૯૩૪૭૭ ડોલરની સપાટી દર્શાવી ઊંતા મથાળે પ્રોફિટ બુકિંગે ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. અમેરિકામાં ઓકટોબરનો ફુગાવો અપેક્ષા પ્રમાણે જ આવતા અને આગામી મહિનાની બેઠકમાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં વધુ પા ટકાનો ઘટાડો આવવાની શકયતા વધી જતા ક્રિપ્ટોકરન્સીસને ટેકો મળ્યો હતો, પરંતુ ફેડરલના ચેરમેન જેરોમ પોવેલે ગુરુવારે કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે અર્થતંત્રમાં એવા કોઈ સંકેત મળતા નથી જે વ્યાજ દરમાં ઘટાડો કરવામાં ઝડપ કરવા સૂચવે છે. પોવેલના આ નિવેદન બાદ વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષા મંદ પડી હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું.

### રિલાયન્સ કોમ્યુનિકેશન્સ એકાઉન્ટ્સ ફ્રોડ

# કેનેરા બેંકે રિલાયન્સ કોમ્યુનિકેશન્સ અને સહયોગી કંપનીઓના લોન ખાતાઓને ફ્રોડ જાહેર કર્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

કેનેરા બેન્કે અનિલ અંબાણીની રિલાયન્સ કોમ્યુનિકેશન્સને વધુ એક ઝટકો આપ્યો છે. કેનેરા બેંકે રિલાયન્સ કોમ્યુનિકેશન્સ, રિલાયન્સ ઈન્ફ્રાટેલ અને રિલાયન્સ ટેલિકોમ લિમિટેડને છેતરપિંડી ખાતા તરીકે જાહેર કર્યા છે. કેનેરા બેંકે રિલાયન્સ કોમ્યુનિકેશનને નોટિસ જારી કરી છે અને તેના લોન એકાઉન્ટને ફ્રોડ એકાઉન્ટ તરીકે જાહેર કર્યા છે. નાદાર થયેલી ટેલિકોમ કંપની આરકોમને શુક્રવારે મોકલવામાં આવેલી નોટિસ અનુસાર, કેનેરા બેંકે અનિલ અંબાણીની રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (આરકોમ) અને તેની સહાયક કંપનીઓના લોન ખાતાઓને ફ્રોડ જાહેર કર્યા છે. આમ કરનાર આ ચોથી બેંક છે. અગાઉ ડિસેમ્બર 2020માં, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન ઓવરસીઝ બેંકે કંપનીના ખાતાઓને ફ્રોડ જાહેર કર્યા હતા. 28 ઓક્ટોબરના રોજ કેનેરા બેંક દ્વારા રિલાયન્સ કોમ્યુનિકેશનને નોટિસ આપવામાં




આવી હતી અને 5 નવેમ્બરના રોજ રિલાયન્સ કોમ્યુનિકેશનને કેનેરા બેંક તરફથી મોકલવામાં આવેલ પત્ર મળ્યો હતો. શુક્રવાર, 16 નવેમ્બરના રોજ, કંપનીએ સ્ટોક એક્સચેન્જોને જાણ કરી કે તેને કેનેરા બેંક તરફથી તેના ખાતાઓને છેતરપિંડી તરીકે વર્ગીકૃત કરવા માટે એક પત્ર મળ્યો છે. આ પત્રમાં ત્રણેય કંપનીઓના ઓડિટ બાદ મળેલા છેતરપિંડીના પુરાવાના આધારે લોન ખાતાઓને ફ્રોડ એકાઉન્ટ તરીકે જાહેર કરવાની જાહેરાત કરવામાં આવી છે.

# દેશની સૌથી મોટી બેંક SBI 10,000 કરોડની લોન માગે છે

(એજન્સી) મુંબઈ । તા. 16

SBI આ વર્ષે વિદેશી ચલણની લોન લેવા માટે તૈયાર થઈ છે. તેમજ ઘણી ભારતીય નાણાકીય સંસ્થાઓ અને કંપનીઓ સાથે પણ જોડાઈ છે. જુલાઈ 2024માં, SBIએ ત્રણ વર્ષની લોન $750 મિલિયન એકત્ર કરી હતી. હવે ફરી 10 હજાર કરોડ રૂપિયાથી વધુ એકત્ર કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ચાલો જાણીએ બેંકની આ યોજના પાછળનું કારણ. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) હવે દેશની સૌથી મોટી લોન લેવાની તૈયારી કરી રહી છે. કંપની 1.25 બિલિયન ડોલર એટલે કે રૂ. 10,552 કરોડ સુધી ઉધાર લેવાની યોજના બનાવી છે, જે આ વર્ષે ભારતના નાણાકીય ક્ષેત્રમાંથી સૌથી મોટો લોનનો સોદો હશે. આ બાબત સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે આ લોન પાંચ વર્ષના સમયગાળા માટે લેવામાં આવશે અને તે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) બ્રાન્ચ દ્વારા એકત્ર કરવામાં આવી રહી છે. આ સોદો સીટીબીસી બેંક, એચએસબીસી હોલ્ડિંગ્સ પીએલસી અને તાઈપેઈ ફુબોન બેંક દ્વારા કરવામાં આવી રહ્યો છે.

લોન પરનો વ્યાજ દર સિક્યોર્ડ ઓવરનાઈટ ફાઈનાન્સિંગ રેટ (SOFR) કરતા 92.5 બેસિસ પોઈન્ટ્સ ઉપર રાખવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ્ય સામાન્ય કોર્પોરેટ કામગીરી માટે નાણાકીય સુવિધાઓ પૂરી પાડવાનો છે. આ લોન અન્ય ફાઈનાન્સર્સને સિન્ડિકેટ કરવામાં આવી રહી છે, જે તેને વ્યાપક નાણાકીય સહાય પૂરી પાડશે. SBI આ વર્ષે વિદેશી ચલણ લોન લેવા માટે તૈયાર થઈ છે તેમજ ઘણી ભારતીય નાણાકીય સંસ્થાઓ અને કંપનીઓ સાથે પણ જોડાઈ છે. જુલાઈ 2024માં, SBIએ ત્રણ વર્ષની લોન $750 મિલિયન એકત્ર કરી હતી.

### મૂડીઝ છેલ્લા કેટલાક વર્ષોથી ભારતની અર્થવ્યવસ્થાને વધુ સારી ગણાવી રહી છે

# ભારતની અર્થવ્યવસ્થા પકડશે રફ્તાર..! શું લોન EMIમાં થશે ઘટાડો?

(એજન્સી) મુંબઈ । તા. 16

વિશ્વની સૌથી મોટી રેટિંગ એજન્સીએ ભારતને લઈને પોતાની બે આગાહીઓ વ્યક્ત કરી છે. પ્રથમ, ભારતની અર્થવ્યવસ્થાની ગતિ શું હોઈ શકે છે. બીજો અંદાજ સામાન્ય લોકોની લોન EMI સંબંધિત છે, જે ભારતના લોકોને થોડી નિરાશ કરી શકે છે. જો કે, મૂડીઝ ભારતની અર્થવ્યવસ્થા પર ખૂબ આતુર છે. ઉપરાંત, મૂડીઝ છેલ્લા કેટલાક વર્ષોથી ભારતની અર્થવ્યવસ્થાને વધુ સારી ગણાવી રહી છે. તે દેશના જીડીપીને વૈશ્વિક અર્થતંત્રના નવા એન્જિન તરીકે પણ જુએ છે. ચાલો તમને એ પણ જણાવીએ કે આ વખતે દેશની અર્થવ્યવસ્થા અને લોન EMIને લઈને શું કહેવામાં આવ્યું છે? રેટિંગ એજન્સીએ તેના રિપોર્ટમાં જણાવ્યું છે કે ભારતીય અર્થવ્યવસ્થા સારી સ્થિતિમાં છે અને કેલેન્ડર વર્ષ 2024માં 7.2 ટકા અને આવતા વર્ષે 6.6 ટકાના દરે વૃદ્ધિ થવાની અપેક્ષા છે. મૂડીઝે કહ્યું કે ભારતીય અર્થવ્યવસ્થા નક્કર વૃદ્ધિ અને મધ્યમ ફુગાવા સાથે આગળ વધી રહી છે. રેટિંગ એજન્સીએ તેના ગ્લોબલ મેક્રો આઉટલુક 2025-26માં જણાવ્યું હતું કે વૈશ્વિક અર્થતંત્રે રશિયા-યુક્રેન યુદ્ધ, ઉચ્ચ ફુગાવો અને પરિણામે કડક નાણાકીય નીતિને પગલે રોગચાળા, ઊર્જા અને ખાદ્ય કટોકટી દરમિયાન સપ્લાય ચેઈન વિક્ષેપમાંથી પુનઃપ્રાપ્ત કરવામાં નોંધપાત્ર સ્થિતિસ્થાપકતા દર્શાવી છે. અહેવાલ મુજબ, મોટાભાગની G-20 અર્થવ્યવસ્થાઓ સ્થિર વૃદ્ધિ નોંધાવશે અને તેમને નીતિના મોરચે નરમાઈ અને સાનુકૂળ કોમોડિટીના ભાવને ટેકો મળશે. રેટિંગ એજન્સીએ કહ્યું કે અમેરિકાની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય નીતિઓમાં ચૂંટણી પછીના ફેરફારોને કારણે વૈશ્વિક આર્થિક પડકારો વધી શકે છે. ભારત વિશે, મૂડીઝે કહ્યું કે ઘરેલું વપરાશ, મજબૂત રોકાણ અને મજબૂત ઉત્પાદન પ્રવૃત્તિઓમાં સુધારાને કારણે 2024ના બીજા ત્રિમાસિક ગાળામાં (એપ્રિલ-જૂન) વાર્ષિક ધોરણે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) 6.7 ટકા વધ્યો છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, કારતક વદ-02

# ઘૂસણખોરોની વધતી સમસ્યાનો નિકાલ ક્યારે?

અસમ, બંગાળ અને ત્રિપુરામાં જ્યારે પણ ચૂંટણી આવે છે, ત્યારે અન્ય અનેક મુદ્દાની સાથે બાંગ્લાદેશી ઘૂસણખોરોનો મુદ્દો અવશ્ય ઉઠે છે. આ વખતે એવું ઝારખંડમાં પણ થયું. બાંગ્લાદેશથી થનારી ઘૂસણખોરી વિધાનસભા ચૂંટણીઓમાં મોટો મુદ્દો બન્યો હતો. જ્યાં ભાજપે એના પર ભાર મૂક્યો બાંગ્લાદેશથી બંગાળના રસ્તે આવનારા બાંગ્લાદેશી ન માત્ર ઝારખંડની જનસંખ્યા બદલી રહ્યા છે, બલ્કે આદિવાસી યુવતીઓ સાથે લગ્ન કરી રહ્યા છે અને તેમની જમીન પણ હડપી રહ્યા છે, જ્યારે સત્તારૂઢ ઝારખંડ મુક્તિ મોરચાનુ માનીએ તો ભાજપ જે કંઈ કહી રહી છે તે સાચું નથી. ઝામુમો નેતાઓનું કહેવું છે કે જો બાંગ્લાદેશથી ઘૂસણખોરી થઈ રહી છે તો પછી જવાબદાર કેન્દ્ર સરકાર છે, કારણ કે સીમા સુરક્ષા તેની જ જવાબદારી છે. ખબર નહીં ઝારખંડની જનતાએ કોની વાતો માનીને મત આપ્યા, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે બાંગ્લાદેશી ઘૂસણખોરોનો મુદ્દો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ચૂક્યો છે. બે વર્ષ પહેલાં ઝારખંડ હાઈકોર્ટમાં જમશેદપુરના સૈયદ દાનિયાલ દાનિશ તરફથી દાખલ કરવામાં આવેલ જનહિત અરજીમાં કહેવામાં આવ્યું હતું કે સાહિબગંજ, પાકુડ, ગોડ્ડા, દુમકા, જામતાડા વગેરે જિલ્લામાં આદિવાસી આબાદી ઘટી રહી છે, કારણ કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને આદિવાસીઓની જમીન પર વસાવવામાં આવે છે. વાસ્તવમાં ભાજપ બાંગ્લાદેશી ઘૂસણખોરોને લઈને જે કંઈ કહી રહી છે, તે લગભગ એ જ છે જે દાનિશની અરજીમાં કહેવામાં આવ્યું છે. આ અરજી પર સુનાવણી કરતાં સપ્ટેમ્બરમાં ઝારખંડ હાઈકોર્ટે આદેશ આપ્યો કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને શોધવા માટે કેન્દ્ર અને રાજ્યના અધિકારીઓની એક તથ્ય શોધક કમિટી બનાવવામાં આવશે. ઝારખંડ સરકાર પહેલાં તો તેના માટે તૈયાર થઈ ગઈ, પરંતુ પાછળથી ફરી ગઈ અને હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગઈ. ગત દિવસોમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પોતાનો પક્ષ રજૂ કરવાનું કહ્યું છે. ખબર નહીં સુપ્રીમ કોર્ટ કયા નિષ્કર્ષ પર પહોંચશે, પરંતુ આ એક સચ્ચાઈ છે કે બાંગ્લાદેશથી ઘૂસણખોરી થાય છે. જો બંગાળના રસ્તે ઘૂસેલા બાંગ્લાદેશી ઝારખંડ આવીને વસી ગયા હોય તો આશ્ચર્ય નહીં. એમ પણ એ સત્ય છે કે ઝારખંડના આદિવાસી બહુલ વિસ્તારોમાં ડેમોગ્રાફી બદલાઈ ગઈ છે. તે અસમ, ત્રિપુરા અને બંગાળમાં પણ બદલાઈ છે અને હવે તો ટાટા ઈન્સ્ટટ્યિૂટ ઓફ સોશ્યલ સાયન્સિસના રિપોર્ટ અનુસાર મુંબઈમાં પણ બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓને કારણે આબાદીનું સંતુલન બગડી રહ્યું છે. આ રિપોર્ટ અનુસાર જો આ જ હાલ રહ્યા તો ૨૦૫૧ સુધીમાં મુંબઈમાં હિંદુ આબાદી ઘટીને ૫૪ ટકાથી પણ ઓછી થઈ જશે અને બાંગ્લાદેશી ઘૂસણખોરો અને રોહિંગ્યાઓને કારણે મુસ્લિમ આબાદી ૩૦ ટકા થઈ જશે. આ રિપોર્ટ અનુસાર ૨૦૧૧માં મુંબઈમાં હિંદુઓની આબાદી ૬૬ ટકા અને મુસલમાનોની ૨૧ ટકા હતી. આ રિપોર્ટમાં કહેવાયું છે કે કેટલાક રાજકીય સંગઠનો વોટબેંકના રાજકારણ માટે ગેરકાયદે ઘૂસણખોરોનો ઉપયોગ કરે છે. ચૂંટણીને કારણે ભાજપે આ રિપોર્ટનો જોરશોરથી ઉલ્લેખ કરવાનું ચાલુ કરી દીધું છે, પરંતુ શું આટલું પૂરતું છે? બાંગ્લાદેશથી ભારતમાં ત્યારથી ઘૂસણખોરી થઈ રહી છે, જ્યારે તે પૂર્વ પાકિસ્તાન હતું. ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાન બાંગ્લાદેશ બની ગયા બાદ ત્યાંથી ઘૂસણખોરી ચાલુ રહી અને હજુ પણ થઈ રહી છે.

# લીમખેડા વિધાનસભા વિસ્તારનો ભાજપનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ : દાહોદ

લીમખેડા વિધાનસભા મતવિસ્તારના નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન ભાજપા લીમખેડા દ્વારા કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી ડો.કુબેર ડિડોરના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમ મા પંચાયત મંત્રી બચું ખાબડ અને સાંસદ જસવંતસિંહ ભાભોર ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય જનતા પાર્ટી દ્વારા દર વર્ષે દિવાળી બાદ કાર્યકર્તાઓ સાથે સ્નેહ મિલન કાર્યકમ યોજવામાં આવે છે, જે અંતર્ગત આજે લીમખેડાના મોટાહાથીધરા ખાતે લીમખેડા વિધાનસભા મતવિસ્તારનો સ્નેહમિલન કાર્યક્રમ રાજ્યના શિક્ષણ મંત્રી ડૉ.કુબેર ડિડોરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો, આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રીએ જણાવ્યુ હતુ કે, રાજ્ય સરકાર દ્વારા આદિવાસી વિસ્તારમાં રહેતા આદિવાસી સમાજના લોકોના વિકાસ માટે અનેક યોજનાઓ શરુ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આદિવાસી હંમેશા આદિવાસી સમાજની ચિંતા કરી છે, અને સાથે સમાજનુ ગૌરવ એવા ભગવાન બિરસા મુંડાને વિશેષ સન્માન આપવાનુ કામ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યુ છે. અને સમગ્ર દેશમા ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતિને ‘ જનજાતિ ગૌરવ દિવસ ‘ તરીકે ઉજવણી કરીને આદિવાસી સમાજના જનનાયકનુ સન્માન કર્યુ છે. આ કાર્યક્રમમા



ઉપસ્થિત પંચાયત અને કૃષિ મંત્રી બચુ ખાબડે ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓને નવા વરસની શુભેચ્છાઓ પાઠવી હતી, અને કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે આઝાદી બાદ કોંગ્રેસની સરકારોએ માત્ર આદિવાસીઓનું શોષણ કર્યું છે, ગુજરાતની ભાજપની સરકાર દ્વારા આદિવાસી સમાજમાં શિક્ષણનું સ્તર સુધારવા અનેક યોજનાઓ અમલમા મુકી છે, આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓમાં મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરીને ડોક્ટર બને તે માટે દાહોદ ખાતે મેડિકલ કોલેજ શરુ કરવામા આવી છે, સાથે ગુજરાતના નાગરીકોનુ સ્વાસ્થ્ય સારુ રહે તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મિલેટ વર્ષની ઉજવણી કરીને આદિવાસી ખેડૂતો દ્વારા તૈયાર કરવામાં આવતા પરંપરાગત ધાન રાગી એટલે કે નાગલી ને પણ દુનિયાભરમાં પ્રચલિત કરી તેમના લાભની યોજના બનાવી છે. અને ગુજરાત સરકારે દાહોદ જીલ્લાના ખેડુતોને 1 કિલો બાવટાનુ બિયારણ મફત આપીને મિલેટ અનાજ તરફ ખેડુતોને વાળવાનુ કામ કર્યુ છે, તેમ જણાવ્યુ હતુ.આ કાર્યક્રમમા ઉપસ્થિત પંચાયત અને કૃષિ મંત્રી બચુ ખાબડે ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓને નવા વરસની શુભેચ્છાઓ પાઠવી હતી, અને કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે આઝાદી બાદ કોંગ્રેસની સરકારોએ માત્ર આદિવાસીઓનું શોષણ કર્યું છે, ગુજરાતની ભાજપની સરકાર દ્વારા આદિવાસી સમાજમાં શિક્ષણનું સ્તર સુધારવા અનેક યોજનાઓ અમલમા મુકી છે, આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓમાં મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરીને ડોક્ટર બને તે માટે દાહોદ ખાતે મેડિકલ કોલેજ શરુ કરવામા આવી છે, સાથે ગુજરાતના નાગરીકોનુ સ્વાસ્થ્ય સારુ રહે તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મિલેટ વર્ષની ઉજવણી કરીને આદિવાસી ખેડૂતો દ્વારા તૈયાર કરવામાં આવતા પરંપરાગત ધાન રાગી એટલે કે નાગલી ને પણ દુનિયાભરમાં પ્રચલિત કરી તેમના લાભની યોજના બનાવી છે. અને ગુજરાત સરકારે દાહોદ જીલ્લાના ખેડુતોને 1 કિલો બાવટાનુ બિયારણ મફત આપીને મિલેટ અનાજ તરફ ખેડુતોને વાળવાનુ કામ કર્યુ છે, તેમ જણાવ્યુ હતુ.લીમખેડા વિધાનસભા મત ક્ષેત્રના ભાજપના સ્નેહમિલન કાર્યક્રમમાં દાહોદ જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ આંબલીયાર મહામંત્રી સ્નેહલ દરિયા ગરબાડા ના ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર, લીમખેડા ભાજપા પ્રમુખ રતનસિંહ રાવત, મહામંત્રી અનિલભાઈ શાહ સહિત મોટી સંખ્યામા કાર્યકર્તાઓ સંતો મહંતો ઉપસ્થિત રહ્યા હતા.

# ચાણસ્મા સહિત પાટણ પંથકના ગ્રામીણ વિસ્તારની ધરા ધ્રુજી : 4.2ની તીવ્રતાનો ભુકંપ



## મોડી રાત્રે લોકો પહેલી ઉંઘમાંથી ઘરની બહાર દોડી આવ્યા

નિતીન ઠાકર : ચાણસ્મા

શુક્રવારે મોડી રાત્રે સવા દશ વાગ્યા ની આસપાસ ચાણસ્મા સહિત પાટણ તાલુકા ના ગ્રામીણ વિસ્તાર ની ધરા ધ્રુજીતાં ઘરો માં પહેલી ઉંઘમાં ઉંઘતા લોકો ભય ના માર્યા બહાર દોડી આવ્યા હતા સન્ 2001 ની સાલ માં આવેલા ભૂકંપ ની થાદ તાજી કરાવી હતી શુક્રવાર ની મોડી રાત્રે આવેલા ભુકંપ નું કેન્દ્ર બિંદુ પાટણ થી ૧૩ કિંમી દુર ચાણસ્મા તાલુકા ના સેવાળા ગામે નોંધાયું હતું કેટલાક ઘરો માં તિરાડો પડી તો એકાદ-બે ઘરો ના ધાબા પડ્યા નું સામે આવ્યું મોટી જાન હાની ટળી. શુક્રવારે મોડી રાત્રે આવેલા ભુકંપ ના કારણે ચાણસ્મા ના ગ્રામીણ વિસ્તાર ના મકાનો માં તિરાડો પડી જવા પામી છે જ્યારે ચાણસ્મા તાલુકા ના સેવાળા સેંધા પાટણ તાલુકા ના ચંદુ માણા ગામે બંધ મકાન ના રસોડા નું ધાબુ ધરાસયી થયું હતું પરંતુ સદ્નનસીબે મકાન બંધ હોવાના કારણે મોટી જાનહાની ટળી હતી.

### મોશન પોસ્ટર દ્વારા દર્શકોને ટ્રાવેલ મોડમાં લાવવાનો પ્રયાસ

# 24 જાન્યુઆરી, 2025ના રોજ રિલીઝ થઇ રહેલ ફિલ્મ ‘ઉંબરો’નું મોશન પોસ્ટર રિલીઝ

(એજન્સી) અમદાવાદ । તા. 16

આજે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સફળતાનાં શિખરે પહોંચી ગઈ છે. ઘણી ગુજરાતી ફિલ્મો દર્શકોના દદયમાં ઊંડી છાપ છોડી જાય છે અને તેમાં અન્ય એક ફિલ્મનો ઉમેરો થવા જઈ રહ્યો છે કે જેની વાર્તા જ કાંઈક અલગ છે. આ ફિલ્મનું નામ છે ‘ઉંબરો‘. ફિલ્મના મેકર્સ દ્વારા મોશન પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે. આ ફિલ્મનું નિર્દેશન નેશનલ એવોર્ડ વિનિંગ ફિલ્મ ‘હેલારો‘ના નિર્દેશક અભિષેક દ્વારા કરવામાં આવ્યું છે. આ એવરેસ્ટ એન્ટરટેઇનમેન્ટ અને ઈરાદા સ્ટુડિયોઝના બેનર હેઠળ બનેલ સંજય છાબરિયા અને ફાલ્ગુની પટેલ દ્વારા નિર્મિત ફિલ્મ છે. ફિલ્મનું સ્ક્રીનપ્લે અને ડાયલોગ્સ અભિષેક




અને કેયુ શાહ દ્વારા લિખિત છે. આ ફિલ્મમાં વંદના પાઠક, કાજલ ઓઝા વૈદ્ય, સુચિતા ત્રિવેદી, દીક્ષા જોષી, તર્જની ભાડલા, તેજલ પંચાસરા, વિનીતા એમ જોશી, આર્જવ ત્રિવેદી, સંજય ગલસર, પાર્લે પટેલ અને કરણ ભાનુશાલી મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મનું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે અને લખ્યું છે, ‘હજાર માઈલની સફર એક પગલા થી શરૂ થાય છે.” આ સરળ વાક્ય આપણને ઘણું બધું સમજાઈ જાય છે. આ મોશન પોસ્ટર ફિલ્મની પ્રેરણાદાયી સફરને પ્રતિબિંબિત કરે છે અને દર્શકોને એક નવી સફર પર લઈ જવાનું વચન આપે છે. ફિલ્મની રિલીઝ ડેટ અને મોશન પોસ્ટર જાહેર થતાં જ દર્શકોમાં ફિલ્મ અંગે વધુ જાણવા ઉત્સુકતા વધી છે અને ફિલ્મના ટીઝર અને ટ્રેલરની પણ વાટ જોવાઈ રહી છે. આ ફિલ્મ 24 જાન્યુઆરી, 2025 ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. મોશન પોસ્ટર દ્વારા દર્શકોને ટ્રાવેલ મોડમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેના કારણે ફિલ્મ પ્રત્યે અપેક્ષા વધુ વધી છે.

# નર્મદા જિલ્લામાં દેવદિવાળીના દિવસે બે અકસ્માતમાં એક બાળક સહિત બેના મોત થયા

ભરત શાહ : રાજપીપળા

- રોંગ સાઈડમાં આવેલ બાઈક એ સામેથી આવતી બાઈક ને ટક્કર મારતા ત્રણ વર્ષના માસૂમ બાળક નું મોત
- બીજા અકસ્માતમાં બાઈક બમ્પ પર કુદી જતા અકસ્માતમાં બાઈક ચાલક નું મોત

નર્મદા જિલ્લા માં દેવદિવાળી ના દિવસે બે અલગ અલગ અકસ્માત માં એક બાળક સહિત બે વ્યક્તિઓ ના મોત થયા હતા અને બે ને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે ખસેડાયા છે પ્રાપ્ત વિગતો અનુસાર પ્રથમ અકસ્માત માં હીરલબેન જીતેન્દ્રભાઈ ગામીત, રહે -નિશાળ ફળીયુ, ચીમી પાતલ તા.ઉમરાપાડા જી-સુરત નાઓ એ આપેલ ફરિયાદ મુજબ તેઓ તથા તેમના પતિ જીતેન્દ્રભાઈ તથા ત્રણ વર્ષીય દીકરો નિરવકુમાર નાઓ પોતાની કબજામાંની મોટરસાયકલ લઇને દેવમોગરા મંદિરે દર્શન કરી ત્યાંથી પરત ચીમીપાતલ ગામે જતા હતા તે વખતે બોમ્બે કંપની ગામ પાસે સામેથી આવતી મો.સા .રજીસ્ટર નં GJ-22-R-3524 પૂરઝડપે હંકારી લાવી તેમની મોટરસાયકલ ને ટકકર મારી એકસીડન્ટ કરતા તેમના દીકરા નિરવકુમારને (૦૩) ને ગંભીર ઈજાઓ કરી સ્થળ ઉપર મોત નિપજાવ્યું હતું, તથા હિરલબેન અને તેમના પતિ જીતેન્દ્રભાઈ ને ઈજાઓ કરી હતી જ્યારે બીજો અકસ્માત સાગબારા તાલુકાના સીમ આમલી ગામના પુલ પાસે થયો જેમાં કૃષ્ણભાઇ છોટીયાભાઇ વસાવા રહે. સામોટ ત્રણ ખડકા ફળીયુ. તા. ડેડીયાપાડા, જીલ્લો નર્મદા નાઓ મો.સા.નંબર GJ-22-R-5726 નાઓપોતાના કબજાની મો.સા. સીમઆમલી ગામની ખાડી ઉપર બનાવેલ પુલ નજીક આવેલ બમ્પર ઉપર પુર ઝડપે હંકારી જતા મો.સા.બમ્પર ઉપર જમ્પ મારતા મો.સા. સાથે રોડની સાઇડમાં પડી જતા મો.સાની પાછળ બેઠેલ રમેશભાઇ પુનનીયાભાઇ વસાવા રહે. નીમ્બાપાટી, તા. અકકલકુવા, જીલ્લો નંદુરબાર નાઓને ગંભીર ઈજા પહોંચાડી તથા મરનાર કૃષ્ણભાઈ એ પોતાને ગંભીર ઈજા પહોંચાડી સુરત નવી સીવીલ હોસ્પીટલ ખાતે સારવાર દરમ્યાન મોત નીપજાવી ગુનો કરતા ઉપરોક્ત બંને અકસ્માત માં ડેડીયાપાડા અને સાગબારા પોલીસે ગુના દાખલ કર્યા છે.

# વાગડીયા ગામે ટાટા જીંજર હોટલના પ્રોજેકટની સાઈડ પરથી લેપટોપની ચોરી

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા ના ગરુડેશ્વર તાલુકાના વાગડીયા ગામ માં બની રહેલી હોટલ ની સાઈડ પરથી લેપટોપ ની ચોરી થતા ફરિયાદ નોંધાઈ છે મળતી વિગતો અનુસાર વાસીફ કમરૂલ ઈકબાલ, રહે. મકાન નં.૨૦૩,વ્રજ રેસીડેન્સી ગરુડેશ્વર તા.ગરુડેશ્વર જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ ટાટા કંપનીનુ DELL કંપનીનુ લેપટોપ પર વાગડીયા ટાટા જીંજર હોટલના પ્રોજેકટની સાઈડ પરની ઓફિસમા કામ કરતા હતો તે વખતે બપોરે કંપનીનુ લેપટોપ ઓફિસમા જ મુકી સાઈડ પર કામ જોવા માટે ગયા હતા ત્યારે લેપટોપ કિ. રૂ.૩૦,૦૦૦/- ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જતા સલામતી પોલીસ મથકે આ બાબતે ગુનો દાખલ થયો છે.

# નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે જિલ્લા સંકલન બેઠકમાં ઉપસ્થિત રહી લોકપ્રશ્નોની ચર્ચા કરી

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા કલેક્ટર એસ. કે.મોદીની અધ્યક્ષતામાં આજે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે નાંદોદના ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખની ઉપસ્થિતિમાં જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓની હાજરીમાં જન પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા લોક સુખાકારીના પ્રશ્નો અંગે સમીક્ષા કરવામાં આવી હતી. નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે કરજણ સિંચાઈ યોજનાના માધ્યમથી રાજપીપલા નગર પાલિકાને પૂરા પાડવામાં આવતા પીવાના પાણી અને પ્લાન્ટ



અંગેનો પ્રશ્ન, રાજપીપલાથી રામગઢ સહિત અન્ય ગામોને જિલ્લા મથક સાથે જોડતા બ્રિજ અંગેનો પ્રશ્ન, જિલ્લા માં અને ખાસ કરીને નાંદોદ-તિલકવાડા અને ગરૂડેશ્વરના ગામોમાં અંત્યોદય યોજના અંતર્ગતના લાભાર્થીઓની સ્થિતિ, ખેતીના પાકોમાં થયેલી નુકશાની બાદ સરવે અને ચૂકવણા સંદર્ભના પ્રશ્નો પૂછ્યા હતા. જેનો જિલ્લાના સંબંધિત વિભાગોના અમલીકરણ અધિકારીઓ દ્વારા જવાબ અને કરેલી કાર્યવાહીની અંગેની વિગતો રજૂ કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર એસ.કે.મોદીએ જન પ્રતિનિધિઓના પ્રશ્નોની વિસ્તૃતમાં ચર્ચા કરી તેનો યોગ્ય નિકાલ કરવા અંગે બાહેંધરી આપી જિલ્લાના અમલીકરણ અધિકારીઓને જનપ્રતિનિધિના પ્રશ્નોનો સમયસર અને સકારાત્મક નિકાલ કરી તેમને યોગ્ય પ્રત્યુતર પાઠવવાની ખાસ કાળજી રાખવા અનુરોધ કર્યો હતો. જિલ્લા સંકલન સમિતિની પાર્ટ-2ની સમીક્ષા દરમિયાન વિવિધ કચેરીઓના તથા કર્મયોગીઓના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક બાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે અંગેની બેઠક, નાર્કોટિક્સને લગતી બાબતો, માર્ગ સલામતી સમિતિ તેમજ હિટ એન્ડ રનના કિસ્સામાં વળતર ચૂકવવા જેવી બાબતો અંગે સબંધિત વિભાગો દ્વારા હાથ ધરવાની કાર્ય યોજના અને થયેલા કામોની જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા સમીક્ષા કરી.

# ભારતીય કર્મચારીઓ કામ પર માન્યતા અને નિખાલસતાની ઝંખના રાખે છે, ઇન્ડીડ શોધે છે

(એજન્સી) બેંગલુરુ । તા. 16

ઈન્ડીડનો DEIB સર્વે ‘બ્રિજિંગ ધ ગેપ‘, વૈશ્વિક મેચિંગ અને હાયરિંગ પ્લેટફોર્મ, કાર્યસ્થળના સમાવેશની વર્તમાન સ્થિતિ અને તેને અસર કરતા પરિબળો પર પ્રકાશ પાડે છે. સર્વે દર્શાવે છે કે મૂલ્યવાન અને સમાવિષ્ટ લાગણી કર્મચારીની ખુશી અને આત્મવિશ્વાસ સાથે ગાઢ રીતે જોડાયેલી છે. સર્વે દર્શાવે છે કે વરિષ્ઠ લીડર્સ પાસેથી માન્યતા પ્રાપ્ત કરવી એ સકારાત્મક કાર્યસ્થળ સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનું સૌથી મહત્વપૂર્ણ પરિબળ છે, જેમાં 63% કર્મચારીઓ નેતૃત્વ તરફથી સ્વીકૃતિના મૂલ્ય પર ભાર મૂકે છે. વ્યક્તિગત યોગદાનને માન્યતા આપવી એ મનોબળ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે, કારણ કે જ્યારે તેમની ટીમ તેમના પ્રયત્નોની પ્રશંસા કરે છે ત્યારે 62% કર્મચારીઓ વધુ ખુશી અનુભવે છે. તદુપરાંત, 58% કર્મચારીઓ તેમના તાત્કાલિક સાથીદારો દ્વારા તેમના મંતવ્યો અને વિચારોને આવકારવાના મહત્વ પર ભાર મૂકે છે. માન્યતા અને સમાવેશની આ રીતો આત્મવિશ્વાસ વધારવામાં મદદ કરે છે અને વધુ સહાયક, સહયોગી કાર્ય વાતાવરણમાં યોગદાન આપે છે, કર્મચારીઓને આગળ વધવા માટે સશક્ત બનાવે છે. ઈન્ડીડ ભારતના સેલ્સના હેડ, શશી કુમારે ટિપ્પણી કરી, ‘તે સ્પષ્ટ છે કે સ્વીકૃતિ અને સલામત, ખુલ્લું વાતાવરણ સમૃદ્ધ કાર્યસ્થળના કેન્દ્રમાં છે. કર્મચારીઓ એવું અનુભવવા માંગે છે કે તેમના અવાજો સાંભળવામાં આવે છે અને તેમના યોગદાન મહત્વપૂર્ણ છે. જે કંપનીઓ માન્યતા અને સમાવેશને તેમની સંસ્કૃતિનો મુખ્ય પાયો બનાવે છે તેઓ પ્રેરિત કાર્યબળને આકર્ષવા, જાળવી રાખવા અને પ્રોત્સાહિત કરવા માટે વધુ સારી સ્થિતિમાં રહેશે. આ ક્ષેત્રોને સંબોધિત કરવું માત્ર કર્મચારીની સુખાકારી માટે જ સારું નથી - તે વ્યવસાય માટે પણ સારું છે.‘ આ રિપોર્ટ YouGov દ્વારા ઈન્ડીડ વતી હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં દેશભરના 3,005 ઉત્તરદાતાઓને આવરી લેવામાં આવ્યા હતા. નમૂનામાં નોકરીદાતાઓ (30%) અને કર્મચારીઓ (70%) બંનેનો સમાવેશ થાય છે, જે વિવિધ ઉદ્યોગો અને વ્યવસાય કદનું પ્રતિનિધિત્વ કરે છે. ઉત્તરદાતાઓ 21 વર્ષ અને તેથી વધુ વયના પુરુષો અને સ્ત્રીઓ હતા, જે ભારતીય કાર્યસ્થળોમાં વિવિધતા, સમાનતા, સમાવેશ અને જોડાણ (DEIB) પર વ્યાપક પરિપ્રેક્ષ્ય પ્રદાન કરે છે.

**સર્જનાત્મકતા અને નિખાલસતા જોડાણ બનાવે છે**

સર્વેમાં જાણવા મળ્યું છે કે સર્જનાત્મકતાને મહત્વ આપતું ખુલ્લું વાતાવરણ સંતોષને વેગ આપે છે અને કાર્યસ્થળના તણાવને સંચાલિત કરવામાં મદદ કરે છે. લગભગ 64% કર્મચારીઓ કહે છે કે તેમની કંપનીઓ સર્જનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન આપે છે, તેઓ વધુ જોડાણ અનુભવે છે. વધુમાં, 61% લોકો પોતાની જાતને ખુલ્લેઆમ વ્યક્ત કરવાની સ્વતંત્રતાની પ્રશંસા કરે છે અને વિચારોની વહેંચણી અને સમાવેશને પ્રોત્સાહન આપતા કાર્યસ્થળોમાં વધુ જોડાણ અનુભવે છે. ખુલ્લા સંદેશાવ્યવહારને પ્રોત્સાહિત કરીને, સિદ્ધિઓને માન્યતા આપીને અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપીને, કંપનીઓ કર્મચારીઓની તેમની ભૂમિકાઓ સાથે જોડાણ વધુ ગાઢ બનાવી શકે છે અને કાર્યસ્થળની સમૃદ્ધ સંસ્કૃતિને પોષી શકે છે.

**સમાવેશ માટે અવરોધો: તાણ, નિર્ણય અને ભેદભાવ :** જ્યારે ભારતીય કાર્યસ્થળોએ નિખાલસતાને પ્રોત્સાહિત કરવામાં પ્રગતિ કરી છે, ત્યારે સર્વે દર્શાવે છે કે ઘણા પરિબળો સંબંધની ભાવનાને નબળી પાડી શકે છે. સહકર્મીઓના નિર્ણયની લાગણી (43%), બર્નઆઉટ અને વર્ક-લાઇફ અસંતુલન (38%), ભૂમિકાની સ્પષ્ટતાનો અભાવ (33%), અને ડાયરેક્ટ મેનેજર્સની ટીકા (32%) એ કર્મચારીના સમાવિષ્ટ અને એકંદર સુખાકારીને અસર કરતા મુખ્ય પડકારો છે. ખરેખર સમાવિષ્ટ અને સંતોષકારક કાર્ય વાતાવરણ બનાવવા માટે, સંસ્થાઓએ આ અંતરને દૂર કરવા ઈરાદાપૂર્વક પગલાં લેવા જોઈએ. આમાં માન્યતાને પ્રાથમિકતા બનાવવી, ખુલ્લા સંચારને પ્રોત્સાહન આપવું અને ભેદભાવ ઘટાડવાનો સમાવેશ થાય છે. વિવિધ વિચારોનું મૂલ્યાંકન કરીને અને સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરીને, કંપનીઓ એક કાર્યસ્થળ વિકસિત કરી શકે છે.

# કન્વર્ઝે હર્ષ વર્ધન કપૂર અને ખુશી કપૂરને ભારતમાં બ્રાન્ડના ચહેરા તરીકે જાહેર કર્યા

(એજન્સી) અમદાવાદ । તા. 16

સ્વ-અભિવ્યક્તિ અને સ્ટાઈલના પર્યાય સમાન વૈશ્વિક ખ્યાતિપ્રાપ્ત સાંસ્કૃતિક ચિહ્ન કન્વર્ઝ, હર્ષ વર્ધન કપૂર અને ખુશી કપૂરને ભારતમાં બ્રાન્ડના નવા ચહેરાઓ તરીકે રજૂ કરવા માટે રોમાંચિત છે.કન્વર્ઝ દેશના બહુપ્રતિક્ષિત લિંકિંગ રોડ, મુંબઈ ખાતે પ્રથમ સ્ટોરના ઉદ્ઘાટન માટે તૈયાર છે,ત્યારેબંને કલાકારો તેમની અનન્ય ઊર્જાને બ્રાન્ડમાં લાવે છે, જે કન્વર્ઝની સર્જનાત્મકતાની ભાવનાને પ્રકાશિત કરે છે અને પોતાને અધિકૃત રીતે વ્યક્ત કરે છે. દરમિયાન, ખુશી કપૂર, જે તેની ફેશન પસંદગીઓ દ્વારા વ્યક્તિત્વની આકર્ષક ભાવના લાવે છે, તે ઘણીવાર પરંપરાગત અને ફોર્મ્યુલાયુક્ત સ્ટાઈલથી દૂર રહીને પોતાનો અવાજ સ્થાપિત કરે છે, પછી ભલે તે રેડ કાર્પેટ પર હોય કે સિનેમામાં હોય. વફાદાર ફેન ફોલોઈંગ અને શું સરસ છે તેની ઉત્સુકતા સાથે, ખુશીનું ગતિશીલ વ્યક્તિત્વ કન્વર્ઝના યુગ ચેતનાને પકડવાના ઈરાદા સાથે સુસંગત છે.

# નર્મદા જિલ્લામાં પીએમ કિસાનના લાભાર્થીઓ ને ફાર્મર રજીસ્ટ્રેશન સાઈડ બંધ રહેતા ધક્કા

- નવેમ્બર મહિનાની 25 તારીખ રજીસ્ટ્રેશન માટે છેલ્લી તારીખ છે પરંતુ સાઇડ નહિ ચાલતા ખેડૂતો લાભથી વંચિત રહી જશે..?
- જે તે ગામની ગ્રામ પંચાયત પર લાભાર્થીઓ ખેડૂત કાર્ડ બનાવવા જાય ત્યારે સાઇડ બંધ હોવાથી ઓટીપી આવતો નથી
- ખેડૂત ના કાર્ડ બન્યા બાદ લાભાર્થીઓ ને વર્ષ માં ત્રણ હપ્તે 6000નો લાભ મળતો હોય જેમાં હાલ સાઇડ બંધ રહેતા 2000નો હપ્તો કદાચ નહિ મળે

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા માં ખેડૂતો માટે પીએમ કિશાન યોજન ની સાઈડ બંધ રહેતા આ મહિને લાભ નહિ મળે તેમ લાગી રહ્યું છે, કેમ કે આ યોજના માં રજીસ્ટ્રેશન કરવા માટે ની સાઈડ બંધ રહેતા ખેડૂતો જે તે ગ્રામપંચાયત પર ધક્કા ખાઈ રહ્યા છે પરંતુ સાઈડ માં એરર આવતા ઓટીપી આવતો નથી.

વાત કરીએ નાંદોદ તાલુકાના જીતગઢ ગામની તો ઘણા દિવસથી ગ્રામ પંચાયત પર લાભાર્થી ખેડૂત કાર્ડ બનાવવા જાય ત્યારે સાઈડ બંધ હોવાથી ધક્કા ખાઈ રહ્યા છે. સરકાર ની આ યોજના માં વર્ષ ના ત્રણ વખત ૨૦૦૦ નો હપ્તો મળી કુલ ૬૦૦૦ હજાર રૂપિયા ખેડૂતો ને મળે છે પરંતુ તેના માટે



એગ્રિસ્ટેક ફાર્મર રજીસ્ટ્રી હેઠળ પીએમ કિસાનના લાભાર્થીઓએ ૨૫/૧૧/૨૪ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે, જેથી તમામ પીએમ કિસાન ના લાભાર્થીઓએ ગ્રામ પંચાયત ના વી સી પાસે રજીસ્ટ્રેશન ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવા જાય છે પરંતુ ત્યાં આ સાઈડ નહિ ચાલતા રજીસ્ટ્રેશન વિના કોઈ ને લાભ મળે તેમ નથી માટે સરકારે બધી બાબત ઓનલાઈન કરી છે જેમાં આવું અનેક યોજનાઓ માં સર્વર બંધ હોય કે અન્ય કોઈક ને કોઈક કારણોસર રજીસ્ટ્રેશન નહિ થાય તો લાભાર્થીઓ ને યોજના નો લાભ મળતો નથી. માટે દરેક યોજનાઓ માં આવી સમસ્યા આવતા લાભાર્થીઓ હેરાન થાય છે અને તેમને મળવાપાત્ર લાભ થી વંચિત રહે છે.

# શિયાળામાં ચહેરા પર ગ્લો લાવશે મલાઈ



## આ 3 વસ્તુ મિક્સ કરીને બનાવો મલાઈનું ફેસપેક

**શિયાળામાં પણ ત્વચા સુંદર અને ગ્લોઇંગ દેખાય તેવું શક્ય છે. શિયાળામાં ત્વચા ડ્રાય અને ડલ થઈ જાય છે. જો તમે તમારી સ્કિનને મુલાયમ અને ચમકદાર બનાવી રાખવા માંગો છો તો તેના માટે દૂધની મલાઈ ઉપયોગી સાબિત થઈ શકે છે. શિયાળામાં અલગ અલગ બ્યુટી પ્રોડક્ટ નો ઉપયોગ કરવાને બદલે જો તમે દૂધની મલાઈ ના આ ફેસપેક લગાડશો તો ત્વચાની સુંદરતામાં ચાર ચાંદ લાગી જશે. આજે તમને મલાઈનો ઉપયોગ કેવી રીતે કરવો અને મલાઈ ત્વચા ને કેવી રીતે ફાયદો કરે છે તે જણાવીએ. ઘરના રસોડામાં રહેલી ત્રણ વસ્તુઓ સાથે મલાઈ મિક્સ કરીને નિયમિત રીતે ચહેરા પર લગાડવાથી ચહેરા પરના ડાઘ ધબા દૂર થાય છે અને ચહેરાની રંગત પણ સુધરે છે. તો ચાલો તમને પણ જણાવી દઈએ મલાઈ વડે ગ્લોઇંગ ત્વચા કેવી રીતે મેળવી શકાય.?**



### મલાઈ અને હળદર

ચહેરાને ગ્લોઇંગ બનાવવા માટે મલાઈ અને હળદરનો ઉપયોગ કરી શકાય છે. તેનાથી ત્વચાની ડલનેસ દૂર થશે અને ડાઘ પણ દૂર થઈ જશે. સાથે જ ત્વચાનો નિખાર વધશે. તેના માટે બે ચમચી દૂધની મલાઈમાં એક ચપટી હળદર ઉમેરો અને સારી રીતે મિક્સ કરો. હવે આ મિશ્રણને ચહેરા પર લગાવો અને પાંચ મિનિટ માટે હળવા હાથે મસાજ કરો. દસ મિનિટ પછી હુંફાળા પાણીથી ચહેરો સાફ કરી લેવો.



### મલાઈ અને મધ

ત્વચાને હાઈડ્રેટ કરવી હોય તો મલાઈ સાથે મધનો ઉપયોગ કરવો. મલાઈ અને મધ સાથે લગાડવાથી ત્વચાને મોઈશ્ચર મળે છે અને ડેડ સ્કિન પણ દૂર થઈ જાય છે. તેના માટે એક ચમચી મલાઈમાં એક ચમચી મધ મિક્સ કરો. આ મિશ્રણને સારી રીતે હલાવી ચહેરા પર લગાવો અને 15 મિનિટ માટે લગાવી રાખો. ત્યાર પછી હળવા હાથે મસાજ કરીને હુંફાળા પાણીથી ચહેરો સાફ કરવો.



### મલાઈ-ચણાનો લોટ

ત્વચાની સુંદરતા વધારવા માટે મલાઈ અને ચણાનો લોટ ઉપયોગી છે. એક ચમચી મલાઈમાં એક ચમચી ચણાનો લોટ મિક્સ કરીને મિશ્રણ બનાવો. આ પેસ્ટને ચહેરા અને ગરદન પર લગાવો. જ્યારે પેસ્ટ સુકાઈ જાય પછી પાણીથી ચહેરાને સાફ કરી લો. આ ફેસપેક ને અઠવાડિયામાં બેથી ત્રણ વખત લગાવવાથી ત્વચા ગ્લોઇંગ અને બે દાગ બની જશે.

# આ લીલા પાન તમારા બેજાન શરીરને કરશે જીવંત શિયાળામાં તમારા આહારમાં સમાવેશ કરો







શિયાળો એ મોટાભાગના લોકોની પ્રિય ઋતુ છે. પરંતુ આ સિઝન પોતાની સાથે અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓ લઈને આવે છે. ખાસ કરીને, તે લોકો ઠંડી દરમિયાન વધુ પીડાય છે - જેમની રોગપ્રતિકારક શક્તિ નબળી છે. નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો શરદી, ઉધરસ અને ઉધરસથી પીડાય છે. આ તમામ સ્વાસ્થ્ય સમસ્યાઓથી બચવા માટે શિયાળામાં લીલા શાકભાજી ખૂબ જ ફાયદાકારક છે. ન્યુટ્રિશનિસ્ટ નમામી અગ્રવાલ કહે છે કે શિયાળાની સિઝન શરૂ થતાંની સાથે જ પાલક, સોયા, મેથી, બથુઆ અને સરસવના શાક બજારમાં ઉપલબ્ધ થવા લાગે છે. મોસમી શાકભાજી હોવા ઉપરાંત તેમાં ભરપૂર પોષક તત્વો પણ હોય છે. રોગોથી બચવા માટે, તમારે ઓછામાં ઓછા એક વખત તમારા આહારમાં પાંદડાવાળા શાકનો સમાવેશ કરવો જોઈએ. લીલી મેથી ગરમ પ્રકૃતિ ધરાવે છે. શિયાળામાં તેને ખાવાથી સ્વાસ્થ્ય તો જળવાઈ રહે છે પરંતુ શરીરમાં વિટામિન સી, ફાઈબર, પ્રોટીન અને આયર્ન જેવા પોષક તત્વોની ઉણપ રહેતી નથી. આ તમામ તત્વો શરીર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ ખાવાથી પેટ સંબંધિત સમસ્યાઓ થતી નથી. અમરન્થના પાનનું શાક પણ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. જો તમે નિયમિત રીતે અમરન્થનું શાક ખાઓ છો તો શરીરમાં વિટામિન્સ, મિનરલ્સ, કેલ્શિયમ, કાર્બોહાઈડ્રેટ્સ અને પ્રોટીનની ઉણપ નથી થતી. કફ અને પિત્તની સમસ્યાથી પીડિત લોકો માટે આ લીલોતરી ખૂબ જ સારી માનવામાં આવે છે. યુરિક એસિડની સમસ્યાથી પીડિત લોકો માટે બથુઆ ખાવું ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તેમાં વિટામીન A, ફોસ્ફરસ, કેલ્શિયમ અને પોટેશિયમ ભરપૂર માત્રામાં જોવા મળે છે. જો તમે ઈચ્છો તો બથુઆની દાળ પણ ખાઈ શકો છો. પાલકમાં ભરપૂર માત્રામાં આયર્ન હોય છે. આ ખાવાથી હિમોગ્લોબીનની ઉણપ પણ નથી થતી. શિયાળામાં પાલકનું શાક ખાવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. જો કે, નિષ્ણાતો કહે છે કે તમારે તેને મર્યાદિત માત્રામાં જ ખાવું જોઈએ. સરસવ અને કોર્ન રોટલીનું મિશ્રણ ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે. તેમાં એન્ટીઓક્સીડેન્ટ ભરપૂર માત્રામાં જોવા મળે છે. તે શરીરમાંથી ઝેર દૂર કરવાનું કામ કરે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારવામાં પણ મદદ કરે છે.

## ટામેટાં ખાતા પહેલાં 100 વાર વિચારજો!

# નહીં તો હાલત થશે ખરાબ

**આપણામાંથી મોટાભાગના લોકોને ટામેટાં ખાવાનું ગમે છે. શાક હોય કે સલાડ, ટામેટાં વગર બધું અધૂરું છે. જો કે, તમે સાંભળ્યું જ હશે કે કોઈપણ વસ્તુનો અતિરેક નુકસાનકારક હોઈ શકે છે. એવી જ રીતે ટામેટા ખાવા જેટલા ફાયદાકારક છે, તેટલા જ વધારે નુકસાનકારક પણ છે. વાસ્તવમાં, ટામેટાંમાં વિટામિન, પોટેશિયમ અને એન્ટીઓક્સિડન્ટ જેવા ઘણા પોષક તત્વો હોય છે, જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોય છે, પરંતુ જો વધુ માત્રામાં લેવામાં આવે તો તે નુકસાન પણ કરી શકે છે.**



**ગેસની સમસ્યા |** જો તમે પેટમાં ગેસની સમસ્યાથી પરેશાન છો, તો તમારે વધુ પડતા ટામેટાંનું સેવન ટાળવું જોઈએ. જો તમે ગેસની સમસ્યાથી બચવા માંગતા હોવ તો ટામેટાંને મર્યાદિત માત્રામાં જ ખાઓ.

**પથરી થઈ શકે છે |** પથરીના દર્દીઓએ ભૂલથી પણ ટામેટાં ન ખાવા જોઈએ. વાસ્તવમાં ટામેટાના બીજને કારણે પથરી વધવાની સમસ્યા થઈ શકે છે. બીજી તરફ, જો તમે ટામેટાં ખાઓ છો, તો તેના બીજને અલગ કરીને ખાઓ.

**જલન |** ટામેટાં જેટલું ફાયદાકારક છે તેટલું જ નુકસાનકારક પણ છે જો તમે તેને વધુ પ્રમાણમાં ખાઓ તો ઘણા લોકોને છાતીમાં જલન મેહસૂસ થઈ શકે છે, કારણ કે ટામેટાંમાં વિટામિન c હોય છે, જે ગેસની સમસ્યા વધારી શકે છે અને છાતીમાં જલનનું કારણ બની શકે છે .

**એસિડિટી વધી શકે છે |** ટામેટાંમાં વિટામિન c ભરપૂર માત્રામાં હોય છે, એટલા માટે ટામેટાંનું વધુ સેવન કરવાથી એસિડિટીની સમસ્યા થઈ શકે છે. માટે ટામેટાં મર્યાદિત માત્રામાં જ ખાવા જોઈએ.

# ખબર નહીં કેમ પરંતુ સ્ટેજ પરથી ભજન કીર્તન ગાતી સ્ત્રી ના નિર્દોષ ચહેરો નજર સામેથી હટવા નું નામ લેતો નહતો



**સગાઈ**

**- રુપાલી દવે**

.....વિષ્ણુભાઈ ની નજર બંગલા ની બાલ્કની પરથી ગાર્ડન ના હીંચકે બેઠા બેઠા જપ કરી રહેલ પત્ની સૂરીલી પર પડતાં વીતેલા દિવસ ની કડવી યાદો યાદ કરતા મનોમન બોલ્યા કે નિર્દોષ પારેવા જેવી પત્ની ને પારકા ની વાત માં આવીને કેટકેટલા ત્રાસ આપ્યા છે પરંતુ સુરીલીના મગજ માં વીતેલા દુઃખદ દિવસો નો રંજ માત્ર નથી.સૂરીલી જેવી પ્રેમાળ અને ભક્તિભાવ વાળી પત્ની ની કદર ના કરી શક્યો એનું દુઃખ મને ઊંડે સુધી છે.અત્યારે આ ભૂલ બદલ સમજાતું નથી કે ત્યારે હું કેવા પ્રકાર નો માણસ હતો કે કદાચ માણસ કહેવાને લાયક જ નથી.કેમ મે બીજાની વાતો માં આવીને ફૂલ જેવી કોમળ પત્ની ની જીંદગી બગાડી નાખી.અરે!!સુરુ તો મને પૂછ્યા વગર બંગલા નાં ગાર્ડન માં પણ જતી નહતી.સવારે પૂજા માટે ઠાકોરજી માટે ફૂલ તોડવા જાતી તો પણ મને કહી ને જાતી હતી.પહલેથી જ વૈષ્ણવ સંસ્કાર ને કારણે એનું મન સંસાર કરતા તો ઠાકોરજીની પૂજામાં વધારે લાગતું હતું છતાં પત્ની પર ભરોશો કરવાના બદલે સાત પેઢી દૂરની બહેન પર વિશ્વાસ કર્યો. એના કહેવાથી સૂરું ને ચરિત્રહીન પણ જાહેર કરી.એ રાતે સુરું કેટકેટલું કરગરી ને ઠાકોરજી ના સોગંધ લઈને કહ્યું હતું કે એના જીવનમાં મારા સિવાઈ અન્ય કોઈ પુરુષ નથી.વિજય તો એને બાળપણ થી બહેન માને છે ને એ વિજયને રાખડી પણ બાંધે છે. ચરિત્રહીન જેવો આટલો મોટો આક્ષેપ લાગ્યા પછી સ્ત્રી સહન ન કરી શકે એટલે તો સુરું,બીજે દિવસે ઘર મા નાનકડી દીકરી જીલને મૂકી ચૂપચાપ નીકળી ગઈ હશે. ચોરવાડ સૂરીલી ને શોધવા જીલ ને લઈને ગયો ત્યારે ખબર પડી હતી કે ખરેખર વિજય તો બે બાળકો નો પિતા છે ને સૂરુ ને એની બહેન જ માને છે.બેત્રણ દિવસ બાદ બહેને સમાચાર આપ્યા કે મુંબઈમાં સગા ફ્લેટમાંસૂરીલી એ બળીને આત્મહત્યા કરી લીધી છે ત્યારે બેન ની વાત પર વિશ્વાસ મૂક્યો એ મારી જીંદગી ની મોટા માં મોટી ભૂલ હતી.એની માની હૂફ જીલ એ મેળવી છે પરંતુ મે મારી ભૂલ ને કારણે મારી પત્ની ને ગુમાવી ને મારી જીદગી એકલતામાં વિતાવી.બહેન ની ભૂલ કરતા તો મારી ભૂલ વધારે છે કે બહેન ના અધમ કૃત્ય ને સાથ સહકાર આપ્યો. સુરતમાં એતો રૂપિયા ની લાલચમાં અને બંગલા પર કબજો જમાવવા ના કાવતરા સાથે આવી હતી એટલે

તો સુરું અને મને અલગ કર્યા. મે તો મારી ફૂલ જેવી જીલ નું બાળપણ બગાડી નાખ્યું. કદાચ ભગવાન મને ક્યારેય માફ નહિ કરે.

જેણે મારા જીવન માં ઝેર ઘોળ્યું છે એને સજા પણ આપી પરંતુ ત્યારે મોડું થઈ ગયું હતું.જે બંગલા અને રૂપિયા પત્ની અને જીલ નો અધિકાર હોય ત્યાં બહેનનો પરિવાર વર્ષોથી કબજો જમાવી બેઠો હતો.વર્ષમાં ૯ મહિના તો વિદેશમાં રહેતો હતો ને માત્ર ત્રણ મહિના ઘરમાં રહેતો હોવાના કારણે એ બહેન ના પરિવારની મીઠો વ્યવહારના કારણે કશું સમજી ના શક્યો.જ્યારે વરસો થી બંગલા ના રહેતા મૂખ્યાજી વીરજી એ ફરિયાદ કરી હતી કે છ મહિના તો બંગલો મેહમાન થી ભર્યો રહે છે ..તમે ના હો ત્યારે નોન વેજ પણ બને છે ને ઠાકોરજી ની પૂજા નથી થતી.નાનો હતો ત્યારથી બાપા ની સાથે ઠાકોરજી ની ભોગ સામગ્રી અને પૂજા કરું છું એટલે ખબર છે કે ઠાકોરજી ના થાળ અને પૂજા નું મહત્વ શું છે.મને રજા આપો કેમકે બંગલાનું રસોડું અપવિત્ર થઈ ગયું છે એટલે મારાથી રસોઈ નહિ થાય.તમારા આવવાની રાહ જોતો હતો.આખરે તમારા ઘરનુ નમક ખાધું છે તમને મળીયા વગર કેમ જઈ શકું? માફ કરજો કંઈ ભૂલ થઈ હોય તો આમ બોલીને પગાર લીધા વગર નીકળી ગયા ત્યારે પણ મારી આંખ ખુલી નહતી બેન ને કીધું તો એણે વીરજી ખોટો પડ્યો.એ રડતા રડતા બોલી કે ભાઈ, મંદિરમાં ઠાકોરજી ની પૂજા ના થતી હોય એવું તમને લાગે છે.જન્મથી મે ,પતિ કે બાળકો એ ક્યારેય લસણ,ડુંગળી કે નોનવેજ ખાધા નથી.આતો વીરજી ને મુંબઈ નાં કોઈ મોટા શેઠ ને ત્યાં નોકરી મળી ગઈ છે.એટલે નોકરી છોડવાનું કઈક તો બાહનું કાઢવું પડે,એટલે અમારા જેવા ગરીબ ના નામ લઈ લીધા.

યુએસ માં વૈષ્ણવ સમાજ ના સત્સંગ માં ભજન નો સુર સાંભળી ને ચોંકી ગયો હતો કેમકે એ મીઠો મધુર અવાજ સુરું ને મળતો આવતો હતો. જ્યારે સ્ટેજ પર ગાનાર વ્યક્તિ તરફ નજર કરી તો મન થી કલ્પી શકતો નહતો કે સુરું જેવો નાક નકશો વાળી સ્ત્રી ભગવાને કેટલી પૃથ્વી પર બનાવી હશે. નાનાજી ના કહેવા પ્રમાણે તો મે મારી સુરું ને જ યુએસ માં પ્રત્યેક્ષ જીવતી જાગતી તો જોઈ હતી પરંતુ મન માનતું નહતું. ઠાકોરજી,શું હું મારી ભૂલ સુધારી નાં શકું?પ્રત્યેક વ્યક્તિ ને ભૂલ સુધારવાનો મોકો મળે છે તો મને પણ મળવો જોઈએ..

ખબર નહીં કેમ પરંતુ સ્ટેજ પરથી ભજન કીર્તન ગાતી સ્ત્રી ના નિર્દોષ ચહેરો નજર સામેથી હટવા નું નામ લેતો નહતો .યુ.એસ થી પરત ફરતા જ રાત્રે મનમાં વિચાર આવ્યો ને વર્ષો પહેલા દયા ખાઈને પોતાના સમજી રાખેલ બહેન ના પરિવાર ને ગામડા ભેગા કરવાનો નિર્ણય કર્યો. રાત્રે તો પત્ની અને દીકરી નો ફોટો જોતા જોતા સુઈ ગયા.વહેલી સવાર નાં પાચ વાગ્યે નોકરો દ્વારા ઘરના ખૂણેખાંચરે થી સાફસફાઈ કરાવવાનું ચાલુ કર્યું ત્યાં તો અવાજ સાંભળીને બહેન આંખો ચોળતી બેડરૂમ ની બહાર આવી બોલી કે,ભાઈ તમે ચિંતા નાં કરો હમણાં આખા બંગલા ની સાફસફાઈ કરાવી નાખું છું.ભાઈ તમે વિદેશ થી રાત્રે જ આવ્યા છો થાક્યા હશો. મારે કે તમારા જમાઈ ને કામ શું હોય છે?બધું થઈ જશે.તમે શાંતિ થી બેસો હમણાં જ તમારી માટે મસ્ત ચા બનાવી લઈ આવું છું. બહેન વાક્ય પૂરું કરે એ પહેલા વીરજી હાથમાં ટ્રે માં ચા લઈને આવ્યા.મુખ્યાજી વીરજી ને જોતાજ બેન બોલવા લાગી કે જોયું આવી ગઈ ને તમારી અક્કલ ઠેકાણે મુંબઈ માં ક્યાંય કામ ના મળ્યું ને ભાઈ દયાળુ છે તે ફરી રાખી લીધા લાગે છે. કામ કરવું હોય ને તો ફરિયાદ ઓછી કરજો ને કામ માં ધ્યાન વધારે આપજો.નોકરો ઘર ના ખૂણેખાંચરે થી બહેન અને એના પરિવાર ની જમાં થયેલ ચીજવસ્તુઓ એકઠી કરીને બેઠકરૂમ માં ભેગી કરી મુકવા લાગ્યા. ખુદની ચીજવસ્તુઓ પેક થતી ને જોઈને પરેશાન થતાં બેને કહ્યું ભાઈ,કેમ બધું એકઠું કરાવી રહ્યા છો?કાઢી મૂકવાનો ઈરાદો તો નથીને..વિષ્ણુભાઈ એ બહેન સામુ જોઈને બોલ્યાં કે સાચું સમજ્યા મારું અને તમારું ઋણાનુબંધ પૂરું થઈ ગયું છે.જલદી તમે,જમાઈ ને બાળકો તૈયાર થઈ જાવ ટ્રક આવતો જ હશે.બહેન કશું બોલ્યાં જતાં હતા ત્યાંજ વિષ્ણુભાઈએ રોક્યા ને કહ્યું કે ગામ નું ખેતર,ઢોર ઢાખર અને ઘર તમારા નામે થઈ ગયું છે એટલે ત્યાં સુખી જીવન વિતાવ જો.આજથી આ બંગલા નાં બારણાં તમારા માટે હમેશા બંધ છે એટલે ભૂલથી પણ મારા ઘરમાં અને જીવન માં ક્યારેય આવશો નહિ..

બહેન કરગરી ને પૂછ્યું હતું કે કંઈ ભૂલ ની સજા આપો છો ત્યારે બોલ્યાં કે તમે ભૂલ નથી કરી,ભૂલ મારી છે.દુનિયાના લોકો ને ઓળખવાની તાકાત તો મારા માં છે પરંતુ પોતાના નજીક ને લોકોને ઓળખવાની ભૂલ કરી બેઠો.ઠાકોરજી ની કૃપા થી 'જાગ્યા ત્યાંથી સવાર પડી ' એ સમજ્યો..

વિચાર માં મગ્ન વિષ્ણુભાઈ ને જીલ એ પાછળથી આવીને કાન નજીક જઈને મોટેથી અવાજ કરતા એ એકદમ ડરી ને આજુબાજુ પોતાની ચોરી પકડાઈ ગઈ હોય એમ જોવા લાગ્યા. પરંતુ જીલ ને બહાર જવા માટે સજજ થયેલી જોતાજ પૂછ્યું કે ક્યાં અત્યારે સવારી ઉપડી? મમ્મી ને પૂછ્યું છે કે નહિ? જીલ એ ધીમેથી શરમાઈ ને કીધું કે ડેડી,નીતિન ને મળવા માટે ક્લબ તરફ જાવ છું તો નવી કાર લઈને જાવ. પ્લીઝ!!પપ્પા,મારે નવી કાર ખુદ ડ્રાઈવ કરીને ક્લબ જવું છે, ના ન પડતાં હા પાડજો. વિષ્ણુભાઈ એ પ્રેમથી જીલ ના ગાલ પર ટપલી મારતાં કહ્યું કે ના બિલકુલ નહિ લગ્ન ની ડેટ નજીક આવી રહી છે એટલે નો રિસ્ક.જીલ એ નારાજગી વ્યકત કરતાં કીધું કે પ્લીઝ પપ્પા.વિષ્ણુભાઈ એ ડ્રાઈવર ને બોલાવી ને નવી કાર માં ક્લબ લઈ જવાનું સૂચવ્યું.બાપ દીકરી ની રકઝક સાંભળી નેબેઠક ખંડ માંથી વરંડા માં આવીને સૂરીલી એ જીલ ને સમજાવ્યું કે ડેડી ની વાત પર દલીલ કરવાનું બંધ કરીને એ જે કહે છે એમ કર ઓકે. જીલ એ મોં ફુલાવી ને નારાજ થતાં થતાં નીચે તરફ જવા પગથિયાં ઉતરવા લાગી. ત્યાં લાસ્ટ પગથિયે સફેદ શર્ટ અને બ્લ્યુ જીન્સ માં નીતિન ને જોતાજ જ આશ્ચર્ય સાથે બોલી ઉઠી બંદર તુ તો..

# એક્ટ્રેસ દિશા પાટનીના પિતા સાથે 25 લાખની છેતરપિંડી

## સરકારી કમિશનના અધ્યક્ષ બનવાની લાલચ ભારે પડી ગઇ, ન તો પોસ્ટ મળી ન તો પૈસા...



બરેલી | બોલિવૂડ એક્ટ્રેસ દિશા પાટનીના પિતા અને રિટાયર્ડ પોલીસ ઓફિસર જગદીશ પાટની સાથે 25 લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. સરકારમાં ઉચ્ચ હોદ્દા મેળવવા અને કમિશનમાં ચેરમેન-વાઈસ ચેરમેન બનાવવાના નામે તેમની પાસેથી પૈસા લેવામાં આવ્યા હતા. આ કેસમાં જૂના અખાડાના આચાર્ય સહિત 5 લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે.

જગદીશ પાટનીને 3 મહિનામાં કામ પૂરું નહીં થાય તો વ્યાજ સહિત પૈસા પરત કરવાની ખાતરી આપવામાં આવી હતી. પરંતુ 6 મહિના પછી પણ કંઈ થઈ શક્યું નથી. જગદીશ પાટનીને ન તો કોઈ પોસ્ટ મળી કે ન તો પૈસા પાછા.

રિટાયર્ડ ડેપ્યુટી એસપી જગદીશ પાટની બરેલીના સિવિલ લાઈન્સ વિસ્તારમાં રહે છે. તેમનું કહેવું છે કે શિવેન્દ્ર પ્રતાપ સિંહ તેમના પરિચિત છે. શિવેન્દ્રએ તેમને જૂના અખાડાના દિવાકર ગર્ગ અને આચાર્ય જય પ્રકાશ સાથે મુલાકાત કરાવી. આ લોકોએ જગદીશ પટણીને ખાતરી આપી હતી કે તેઓ તેમને સરકારી કમિશનમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અથવા અન્ય પ્રતિષ્ઠિત પદો મેળવવામાં મદદ કરી શકે છે. શરૂઆતમાં આ લોકોએ તેમના મોટા રાજકીય સંપર્કોને ટાંકીને જગદીશ પાટનીનો વિશ્વાસ જીત્યો હતો. તેણે જગદીશને કહ્યું કે તેની પાસે ઘણા સંપર્કો છે જે તેને સરકારમાં ઉચ્ચ હોદ્દા પર નિયુક્ત કરી શકે છે.

કુલ રૂ. 25 લાખ લીધા, ઘણા મહિનાઓ સુધી રખડતા રહ્યા આ પછી આરોપીએ જગદીશ પટણી પાસે 25 લાખ રૂપિયાની માંગણી કરી. 5 લાખ રોકડા લીધા અને ત્રણ અલગ-અલગ બેંક ખાતામાં 20 લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા. આ વ્યવહાર બાદ પણ જગદીશ પટણીને તેમનું કામ પૂર્ણ થશે તેવી કોઈ ખાતરી મળી ન હતી. જ્યારે ઘણા મહિનાઓ વીતી ગયા અને કોઈ પરિણામ ન મળ્યું ત્યારે જગદીશ પાટનીને શંકા ગઈ.

મંત્રીના નકલી ઓએસડી બનાવીને તેમનો પરિચય કરાવ્યો દરમિયાન, તેમની યોજનાને વધુ મજબૂત બનાવવા માટે, આરોપીઓએ જગદીશ સાથે એક વ્યક્તિનો પરિચય કરાવ્યો અને તેને મંત્રીના ઓએસડી હિમાંશુ કહીને બોલાવ્યો. આ બેઠકનો હેતુ જગદીશ પટણીનો આત્મવિશ્વાસ વધુ મજબૂત કરવાનો હતો. જેથી કરીને તેઓ વધુ રકમ આપવામાં

3 મહિના સુધી કોઈ કાર્યવાહી ન થતાં પાટનીએ આરોપીનો સંપર્ક કર્યો. શરૂઆતમાં તેઓએ ખાતરી આપી હતી કે કામ થઈ રહ્યું છે. થોડા સમયમાં પૂર્ણ થશે. પરંતુ, બાદમાં તેણે પૈસા પરત કરવાનો ઈનકાર કર્યો હતો અને ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું.

પોલીસ ફરિયાદ અને કાયદેસરની કાર્યવાહી જ્યારે જગદીશ પાટનીને ખાતરી થઈ કે તે છેતરપિંડીનો શિકાર બન્યો છે, ત્યારે તેણે આ અંગે એસએસપીને ફરિયાદ કરી. એસએસપીના આદેશ પર કોતવાલી પોલીસ સ્ટેશનમાં શિવેન્દ્ર પ્રતાપ સિંહ, દિવાકર ગર્ગ, પ્રીતિ ગર્ગ, આચાર્ય જય પ્રકાશ અને ઓએસડી હિમાંશુ વિરુદ્ધ છેતરપિંડી, બનાવટી અને ધાકધમકીનો કેસ નોંધવામાં આવ્યો હતો.

ઈન્સ્પેક્ટર કોતવાલી ડીકે શર્માએ જણાવ્યું - આરોપીઓના લોકેશનની ઓળખ કરવામાં આવી રહી છે. તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પોલીસે તપાસ શરૂ કરી છે. ટૂંક સમયમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવશે તેવી આશા છે.

શક્ય છે કે આરોપીઓએ માત્ર નિવૃત્ત અધિકારી જ નહીં પરંતુ અન્ય લોકો સાથે પણ આવી રીતે છેતરપિંડી કરી હોય. આચાર્ય જય પ્રકાશ અને દિવાકર ગર્ગ જેવા વ્યક્તિઓએ ધાર્મિક અને રાજકીય પ્રભાવનો ફાયદો ઉઠાવીને આ છેતરપિંડી કરી હતી.

એસપીએ કહ્યું- કેસની તપાસ ચાલી રહી છે એસપી સિટી માનુષ પારીકે કહ્યું- પોલીસે આ મામલે ગંભીરતાથી તપાસ શરૂ કરી છે. પોલીસે આરોપીઓના બેંક ખાતા અને મિલકતોની તપાસ કરી છે.

# ભૂષણ કુમારે કર્યો મોટો ખુલાસો

## અજય દેવગન અને રોહિત શેટ્ટી પર લગાવ્યા ગંભીર આરોપ, કહ્યું- 'ભૂલ ભુલૈયા 3 સાથે અન્યાય થયો'

(એજન્સી) મુંબઈ | તા.16

કાર્તિક આર્યનની 'ભૂલ ભુલૈયા 3' અજય દેવગનની 'સિંઘમ અગેઈન' સાથે ટકરાઈ
હતી. આ ફિલ્મ દિવાળીના અવસર પર 1 નવેમ્બરે રિલીઝ થઈ હતી. હાલમાં જ
ટી-સીરીઝના માલિક ભૂષણ કુમારે એક ઈન્ટરવ્યુમાં અજય દેવગન અને રોહિત શેટ્ટી
પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેણે સિંઘમ અગેઈનની ટીમને અનફેર ગણાવી
હતી. કનેક્ટ સિને સાથેની તાજેતરની વાતચીતમાં, ભૂષણ કુમારે ખુલાસો કર્યો,
'ભૂલ ભૂલૈયા 3' અને 'સિંઘમ અગેઈન'ની રિલીઝ પહેલાં, મારી સિંઘમ અગેઇનની
ટીમ સાથે સ્ક્રીનની સમાન વહેંચણીને લઈને દલીલ થઈ હતી.
હું માનતો હતો કે આ બંને ફિલ્મો મોટી છે, તેથી બંનેને સમાન સ્ક્રીન સ્પેસ મળવી
જોઈએ. હું આ મામલામાં નિષ્પક્ષતા ઈચ્છતો હતો, પરંતુ કેટલાક અંગત સ્વાર્થને
કારણે તે થઈ શક્યું નહીં. સિંઘમ અગેઈનની ટીમ આ બાબતે અન્યાયી હતી. જો કે,
હું થિયેટર ચેઈનને દોષ આપવા માંગતો નથી, કારણ કે તેઓ બીજી ફિલ્મના
વિતરકો હતા અને તેમની કેટલીક સમસ્યાઓ હતી. આ પછી પણ તેણે અમને સપોર્ટ
કર્યો.

ભૂષણ કુમારે કહ્યું, 'મેં એડવાન્સ બુકિંગ શરૂ કરવાનું સૂચન કર્યું હતું જેથી ફિલ્મનો
રિસ્પોન્સ જોઈ શકાય. 'ભૂલ ભૂલૈયા 3' મોટી ફિલ્મ હોવા છતાં 36 કરોડથી વધુની
કમાણી કરી હતી. વાસ્તવમાં બંને ફિલ્મોએ સારી કમાણી કરી હતી.
ફિલ્મો વચ્ચેના ક્લેશ અંગે ભૂષણ કુમારે કહ્યું કે, બંને ટીમો અથડામણ ટાળવાનો
પ્રયાસ કરી રહી છે. પરંતુ કોઈપણ ફિલ્મ માટે તેની રિલીઝ ડેટ બદલવી શક્ય ન
હતી. તેણે અજય દેવગન અને રોહિત શેટ્ટીને કહ્યું કે તેણે 'ભૂલ ભૂલૈયા 3' ની
જાહેરાત અગાઉ કરી હતી અને તેણે OTT પ્લેટફોર્મ સાથે કેટલાક
સોદા કર્યા હતા, તેથી તે આ ફિલ્મને આગળ વધારી શક્યો
નહીં. 'સિંઘમ અગેઈન'ની ટીમ આ સમજી ગઈ હતી, પરંતુ
તેમની પાસે પણ તેમના પોતાના કારણો હતા કારણ કે
તેમની ફિલ્મની થીમ રામાયણ સાથે સંબંધિત હતી, અને
તેઓ દિવાળી પર રિલીઝ કરવાનું ચૂકી શક્યા નહીં.
T-Series એ સિંઘમ અગેઈનના ટાઈટલ ટ્રેક પર
હડતાલ પાડી હતી જ્યારે 'સિંઘમ અગેઈન'નું ટાઈટલ
ટ્રેક યુટ્યુબ પર રીલીઝ થયું હતું.

# 'અનુપમા' સિરિયલના સેટ પર લાઇટમેનનું મોત થયું...

## શોની પ્રોડક્શન ટીમ વ્યક્તિની ઓળખ જાહેર કરી રહી નથી, FWICE તરફથી તપાસ શરુ...

(એજન્સી) મુંબઈ | તા.16

સ્ટાર પ્લસનો લોકપ્રિય શો 'અનુપમા' હંમેશા ટીઆરપી અને સ્ટોરીને લઈને સમાચારોમાં રહે છે. પરંતુ આ વખતે આ ટીવી શો એક મોટી દુર્ઘટનાને કારણે હેડલાઈન્સમાં છે. વાસ્તવમાં રૂપાલી ગાંગુલી સ્ટારર ટીવી શો 'અનુપમા'ના ક્રૂ મેમ્બરનું ઈલેક્ટ્રીક શોક લાગવાથી મોત થયું છે. વીજ કરંટ લાગતાં તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે ક્રૂ મેમ્બર કેટલીક ટેકનિકલ વસ્તુઓ સંભાળી રહ્યો હતો અને તે દરમિયાન તેણે અકસ્માતે વીજ વાયરને સ્પર્શ કર્યો.

FWICE તપાસ કરી રહી છે દિવ્ય ભાસ્કરે આ અંગે ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (FWICE)ના પ્રમુખ બીએન તિવારી સાથે વાત કરી હતી. બીએન તિવારીએ કહ્યું- ગુરુવારે રાત્રે 9.30 વાગ્યે અનુપમા સિરિયલના સેટ પર શોર્ટ સર્કિટના કારણે એક લાઈટમેનનું મોત થયું હતું. અમે સમગ્ર મામલો જાણવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અત્યારે અમને તે લાઈટમેનનું નામ પણ જણાવવામાં આવ્યું નથી. પ્રોડક્શન ટીમ આ બાબતને કેમ છુપાવવા માંગે છે તેની તપાસ કરવામાં આવી રહી છે. જો બેદરકારી હશે તો તેને સાંખી લેવામાં આવશે નહીં.

જો કે, હજુ સુધી રાજન શાહીની પ્રોડક્શન ટીમ 'ડિરેક્ટર્સ કટ પ્રોડક્શન'એ આ સમગ્ર મામલે કોઈ નિવેદન આપ્યું નથી. પ્રોડક્શન ટીમે હજુ સુધી વ્યક્તિનું નામ અને ઉંમર જાહેર કરી નથી.



આ શો ટીઆરપી લિસ્ટમાં પાછળ રહી ગયો શોની ટીઆરપીની વાત કરીએ તો આ વખતે 'અનુપમા' ટીઆરપી લિસ્ટમાં બીજા સ્થાને પહોંચી ગઈ છે. લાંબા સમયથી ટોપ પર રહેલો આ શો આ વખતે 2.2 ટીઆરપી સાથે પાછળ રહી ગયો છે, જ્યારે 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' ટીઆરપી લિસ્ટમાં ટોપ પર છે. રૂપાલી ગાંગુલીનો તેની સાવકી પુત્રી સાથે ચાલી રહેલો વિવાદ 'અનુપમા'ની લીડ એક્ટ્રેસ રૂપાલી ગાંગુલી હાલમાં તેની સાવકી દીકરી ઈશા વર્માને લઈને વિવાદમાં છે.



# અણબનાવના અહેવાલો વચ્ચે અલ્લુ અર્જુનનો વીડિયો વાઇરલ...

## કાકા પવન કલ્યાણના વખાણ કરતા જોવા મળ્યો; આંધ્રપ્રદેશની ચૂંટણી દરમિયાન અણબનાવના અહેવાલ હતા...



(એજન્સી) મુંબઈ | તા.16

છેલ્લા કેટલાક સમયથી સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુન અને તેના કાકા પવન કલ્યાણ વચ્ચે અણબનાવના સમાચાર આવી રહ્યા છે. આ દરમિયાન, અભિનેતાનો એક જૂનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તે તેના કાકા પવન કલ્યાણના વખાણ કરતો જોવા મળી રહ્યો છે.

ખરેખર, અલ્લુ અર્જુન NBK સિઝન 4 સાથે અનસ્ટોપેબલના એપિસોડમાં દેખાયો હતો. આ દરમિયાન અલ્લુ અર્જુનની તેના કાકા પવન કલ્યાણની તસવીર સ્ક્રીન પર બતાવવામાં આવી હતી. તેના પર અલ્લુ અર્જુને કહ્યું, 'કલ્યાણ ગૌડાનું સન્માન. મને તેમની હિંમત ગમે છે. જ્યારે હું તેમને લાઈવ જોઉં છું, ત્યારે મને તેમની બહાદુરી ગમે છે. તેઓ સૌથી હિંમતવાન વ્યક્તિ છે.

આખો મામલો જાણો છો? 2024ની આંધ્રપ્રદેશની ચૂંટણી બાદ અલ્લુ અર્જુન અને તેના કાકા પવન કલ્યાણ વચ્ચેના સંબંધોમાં તણાવની અફવાઓ ચાલી રહી છે. પવન કલ્યાણ, જે હાલમાં આંધ્ર પ્રદેશના ડેપ્યુટી સીએમ છે, તેમણે સિલ્પા રવિચંદ્ર કિશોર રેડ્ડી સામે વિધાનસભા ચૂંટણી લડી હતી. તે જ સમયે, ચૂંટણી પહેલા અલ્લુ અર્જુન YSR કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્ય સિલ્પા રવિચંદ્ર કિશોર રેડ્ડીના સમર્થનમાં નંદ્યાલ ગયા હતા. ત્યારથી એવા અહેવાલો આવ્યા હતા કે પવન કલ્યાણ અને અલ્લુ અર્જુન વચ્ચેના પારિવારિક સંબંધો સારા નથી.

'પુષ્પા-2'ના મેકર્સે કહ્યું- બંનેના પરિવારમાં બધું બરાબર છે તાજેતરમાં, પુષ્પા 2 ફિલ્મના નિર્માતાઓ, નવીન યેર્નેની અને યાલામાનચિલી રવિશંકરે હૈદરાબાદમાં એક પ્રેસ મીટમાં હાજરી આપી હતી. આ દરમિયાન બંનેને પૂછવામાં આવ્યું કે જ્યારે પરિવારના ચાહકો એકબીજામાં વહેંચાયેલા છે તો શું ફિલ્મ સારી કમાણી કરી શકશે? તેના પર નિર્માતાઓએ કહ્યું, 'ચૂંટણી દરમિયાન નાની-નાની ઘટનાઓ બની હશે. પરંતુ રાજકારણ સિવાય, મને ખાતરી છે કે તેમના તમામ ચાહકો આ ફિલ્મ જોવા માંગશે. અર્જુન અને પરિવારના અન્ય સભ્યો વચ્ચે કોઈ અણબનાવ નથી. અલ્લુ કોઈપણ પક્ષને સમર્થન આપતો નથી.

'પુષ્પા-2' 5મી ડિસેમ્બરે રિલીઝ થશે ફિલ્મ 'પુષ્પા-2'નું ટ્રેલર 17 નવેમ્બરે પટનાના ગાંધી મેદાનમાં લોન્ચ કરવામાં આવશે. કાર્યક્રમને સફળ બનાવવા ભવ્ય તૈયારીઓ કરવામાં આવી છે. સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુન પોતે ફિલ્મનું ટ્રેલર લોન્ચ કરશે. તેની સાથે ફિલ્મની હિરોઈન રશ્મિકા મંદાના પણ બિહાર આવશે. 'પુષ્પાઃ ધ રાઈઝ'એ બિહારમાં સારો બિઝનેસ કર્યો હતો. શ્રીવલ્લી ગીતે ઘણી હેડલાઈન્સ બનાવી હતી. જે બાદ મેકર્સે 'પુષ્પા 2'નું ટ્રેલર બિહારમાં લોન્ચ કરવાનો નિર્ણય લીધો છે.

# 'આવો દંભ શા માટે?':ટીવી પર સલમાને કરોડપતિ બિઝનેસમેને ઝાટકી નાખ્યા, શાર્ક ટેન્ક અશનીર ગ્રોવરનો બદલાઈ ગયો સૂર...



(એજન્સી) મુંબઈ | તા.16

સુપરસ્ટાર સલમાન ખાનનો રિયાલિટી શો 'બિગ બોસ 18' સતત ચર્ચામાં રહે છે. હવે 'શાર્ક ટેન્ક ઈન્ડિયા'ના પૂર્વ જજ અને ભારત પેના સહ-સ્થાપક અશનીર ગ્રોવર આ શોમાં જોવા મળશે. નિર્માતાઓએ 'વીકેન્ડ કા વાર' એપિસોડનો એક પ્રોમો શેર કર્યો છે, જેને જોઈને એવું લાગે છે કે શોમાં અશનીર ગ્રોવરનો ક્લાસ લેવાઈ જવાનો છે, કારણ કે થોડા સમય પહેલા તેણે સલમાન ખાન વિશે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું.

'વીકેન્ડ કા વાર'ના પ્રોમોમાં સલમાન ખાન અશનીર ગ્રોવરને કહે છે, 'મેં સાંભળ્યું છે કે તમે મારા વિશે કંઈક કહેતા હતા. તમે કહ્યું કે અમે તેને આટલામાં સાઈન કરી લીધો. તમે તેનો આંકડો પણ ખોટો બતાવી દીધો. તો પછી આ બેવડું ધોરણ શા માટે છે?' સલમાન ખાનની વાત સાંભળીને અશનીર ગ્રોવર ગભરાઈ ગયો અને પછી તેણે વિનમ્રતાથી જવાબ આપ્યો, 'જ્યારે અમે તમને બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા હતા, ત્યારે મને લાગે છે કે તે સૌથી સ્માર્ટ નિર્ણય હતો.' સલમાન ખાન સામે બદલાઈ ગયો એટીટ્યૂડ આ પછી સલમાન ખાન કહે છે, 'પરંતુ તમે જે રીતે વાત કરી રહ્યા છો, તે વીડિયોમાં નહોતું.' આ પછી અશનીર ગ્રોવરે કહ્યું, 'કદાચ મેં જે કહ્યું તે પોડકાસ્ટમાં યોગ્ય રીતે બતાવવામાં આવ્યું નથી .' આ પછી સલમાન ખાન કહે છે, 'પણ અહીં બધું બરાબર આવી રહ્યું છે.'

શું છે સમગ્ર મામલો? નોંધનીય છે કે, એક જૂના ઈન્ટરવ્યૂમાં અશનીર ગ્રોવરે સલમાન ખાન સાથે જોડાયેલી એક ઘટના જણાવી હતી. તેણે કહ્યું હતું કે, તે એક સ્પોન્સર્ડ એડના શૂટ દરમિયાન સલમાનને મળ્યો હતો. તે સમયે સલમાનના મેનેજરે અશનીરને કહ્યું હતું કે સુપરસ્ટાર તેની સાથે ફોટો ક્લિક કરાવશે નહીં. અશનીર ગ્રોવરે કહ્યું હતું કે, 'હું સલમાન ખાનને મળ્યો છું. અમે તેને સ્પોન્સર તરીકે રાખ્યો હતો. તેથી તેના શૂટ માટે મળ્યા હતા. હું શૂટ પહેલા તેને મળ્યો હતો જેથી કંપની શું છે તેની જાણકારી આપી શકે. તેથી હું ત્રણ કલાક તેની સાથે બેઠો. તેના મેનેજરે કહ્યું કે તે ફોટો પાડવાનો નથી, સાહેબ થોડા નારાજ થઈ જાય છે.'

# પલક તિવારીએ ઈબ્રાહિમ અલી સાથેના સંબંધો પર ખુલાસો કર્યો:કહ્યું, તેની સાથે સમય પસાર કરવાનું પસંદ છે; ડેટિંગ સમાચાર નકાર્યા...

(એજન્સી) મુંબઈ | તા.16

ટીવી એક્ટ્રેસ શ્વેતા તિવારીની દીકરી પલક તિવારી પોતાની પર્સનલ લાઈફને લઈને ઘણી ચર્ચામાં રહે છે. પલક તિવારીનું નામ ઘણીવાર સૈફ અલી ખાનના પુત્ર ઈબ્રાહિમ સાથે જોડાય છે. બંને ઘણી વખત સાથે જોવા મળ્યા છે. પલકે એક શોમાં ઈબ્રાહિમ અલી ખાન સાથેના તેના સંબંધો વિશે વાત કરી હતી.

ઈબ્રાહિમ - પલક સાથે સમય વિતાવવાનું પસંદ કરે છે પલકે સિદ્ધાર્થ કાનનના શોમાં જણાવ્યું હતું કે તે અને ઈબ્રાહિમ માત્ર જાહેર અને સામાજિક મેળાવડામાં જ મળે છે. બંને સંપર્કમાં નથી રહેતા, તેણે કહ્યું કે અમે ક્યારેય મેસેજ પર પણ વાત કરતા નથી. પલકનું કહેવું છે કે ઈબ્રાહિમ અલી ખાન માત્ર તેનો મિત્ર છે અને તે ઈબ્રાહિમ સાથે સમય પસાર કરવાનું પસંદ કરે છે. તેણે કહ્યું કે મારું જીવન એકદમ બોરિંગ છે, સોશિયલ મીડિયા પર મારું નામ સાત છોકરાઓ સાથે જોડવામાં આવ્યું હતું. પણ એવું કંઈ નહોતું. ઈબ્રાહિમના ડેબ્યૂ પર બોલી પલક વાતચીત દરમિયાન પલકે ઈબ્રાહિમ અલી ખાનના ડેબ્યુ વિશે પણ વાત કરી. તેણે કહ્યું, 'ઈબ્રાહિમ તેના કામમાં ખૂબ જ સારો છે. તે પણ ક્યારેક ડેબ્યુ કરવા જઈ રહ્યો છે.' નોંધનીય છે કે, પલકનો આ ઈન્ટરવ્યૂ ઘણો જૂનો છે, આ પછી પણ બંને ઘણી વખત સાથે જોવા મળ્યા છે. થોડા દિવસો પહેલા જ ઈબ્રાહિમ અને પલક અબુ જાની અને સંદીપ ખોસલાની દિવાળી પાર્ટીમાં સાથે જોવા મળ્યા હતા. આ દરમિયાન ઈબ્રાહિમે પલકનો પરિચય તમન્ના ભાટિયા અને વિજય વર્મા સાથે પણ કરાવ્યો હતો. ઈબ્રાહિમ ફિલ્મ 'સરઝમીન'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરશે પલકના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તેણે ઘણા મ્યુઝિક વીડિયો કર્યા છે.

## દિલજીત દોસાંઝ ગ્લોબલ આઈકન બની ગયો છે. લંડનમાં હલચલ મચાવ્યા બાદ આ દિવસોમાં ગાયક ભારતના પ્રવાસે છે. તેણે દિલ્હી અને જયપુરમાં જબરદસ્ત પરફોર્મન્સ કર્યું છે..

# 'દારૂ નહીં, કોકની બોટલ ખૂલી': નોટિસ મળ્યા બાદ દિલજીતે બદલ્યા ગીતના શબ્દો, કોન્સર્ટ હિટ

(એજન્સી) મુંબઈ | તા.16



દિલજીત દોસાંઝ ગ્લોબલ આઈકન બની ગયો છે. લંડનમાં હલચલ મચાવ્યા બાદ આ દિવસોમાં ગાયક ભારતના પ્રવાસે છે. તેણે દિલ્હી અને જયપુરમાં જબરદસ્ત પરફોર્મન્સ કર્યું છે.

દિલજીતે 15 નવેમ્બરની સાંજે હૈદરાબાદમાં એક કોન્સર્ટ કર્યો હતો. કોન્સર્ટ પહેલા, ગાયકને તેનાં ગીતોમાં આલ્કોહોલ, ડ્રગ્સ અને હિંસા હોવા બદલ તેલંગાણા સત્તાવાળાઓ તરફથી નોટિસ મળી હતી. અધિકારીઓએ જણાવ્યું કે ગાયકના કોન્સર્ટમાં બાળકો પણ આવે છે. આવી સ્થિતિમાં તેમના આ બધાં ગીતો સાંભળવાં યોગ્ય નથી. નોટિસ મળ્યા બાદ દિલજીતે પોતાનાં ગીતોમાં પણ ફેરફાર કર્યા છે. દિલજીતે 'શરાબ' શબ્દ હટાવીને ગીતમાં 'કોકા કોલા' શબ્દ ઉમેર્યો છે. હવે સિંગરના પરફોર્મન્સના વીડિયો સોશિયલ મીડિયા પર આવવા લાગ્યા છે. તેની સ્ટાઈલ ફેન્સને પસંદ આવી રહી છે.

નવાં ગીતોની સાથે, ચાહકોને દિલજીત દોસાંજ દ્વારા ગાયેલાં ગીતો પણ પસંદ આવી રહ્યા છે. આ સાથે સીંગરનો કોન્સર્ટ હિટ રહ્યો હતો. કોન્સર્ટ પહેલા દિલજીત પણ સૂફી ગાયકો સાથે બેઠો હતો.

દિલજીત દોસાંઝે હૈદરાબાદના સૂફી ગાયકો સાથે બેસીને વાત કરી હતી. તેનાં ગીતો પણ માણ્યા. સિંગરે કેપ્શનમાં એવો સંકેત પણ આપ્યો હતો કે હૈદરાબાદમાં તેના પરફોર્મન્સને કોઈ રોકી શકશે નહીં. ફોટોના કેપ્શનમાં દિલજીતે લખ્યું હતું, 'આજની રાત હૈદરાબાદમાં. આંધી રોકે તો અમે તૂફાન...તૂફાન રોકે તો અમે આગનો દરિયો..'

# ભારતે 135 રનથી ચોથી T20 જીતીને સિરીઝ કબજે કરી

## સા. આફ્રિકાની સૌથી મોટી હાર, અર્શદીપે 3 વિકેટ લીધી

(એજન્સી) ડરબન તા 16

ચોથી T20માં ભારતે સાઉથ આફ્રિકાને 135 રનના વિશાળ અંતરથી હરાવ્યું છે. T-20માં સાઉથ આફ્રિકાની આ સૌથી મોટી હાર છે. ભારત તરફથી તિલક વર્મા અને સંજુ સેમસને સદી ફટકારીને સ્કોર 283 રન સુધી પહોંચાડ્યો હતો. આ સાઉથ આફ્રિકા વિરૂદ્ધ T20નો સર્વોચ્ચ સ્કોર પણ હતો.મોટા ટાર્ગેટની સામે હોમ ટીમ 18.2 ઓવરમાં 148 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ટ્રિસ્ટન સ્ટબ્સે 43 રન, ડેવિડ મિલરે 36 રન અને માર્કો યાન્સેને 29 રન બનાવ્યા હતા. ભારત તરફથી અર્શદીપ સિંહે 3 અને વરુણ ચક્રવર્તીએ 2 વિકેટ ઝડપી હતી. ચોથી T20 જીતીને ભારતે સિરીઝ પણ 3-1થી જીતી લીધી હતી. 'સેન્ચુરી ઓર ડક', એવું લાગે છે કે ટીમ ઈન્ડિયાનો વિકેટકીપર-બેટ્સમેન સંજુ સેમસન હાલમાં ફક્ત આ જ વિચાર સાથે રમી રહ્યો છે. સંજુ સેમસનની આ જ સ્ટાઈલ સાઉથ આફ્રિકા સામેની ટી20 સીરીઝમાં જોવા મળી રહી છે. શાનદાર સદી સાથે T20 શ્રેણીની શરૂઆત કરનાર સંજુએ આશ્ચર્યજનક ઈનિંગ રમી હતી અને છેલ્લી મેચમાં પણ સદી ફટકારી હતી. છેલ્લી સતત બે મેચમાં ખાતું ખોલવામાં નિષ્ફળ ગયેલા સંજુએ જોહાનિસબર્ગમાં ફરી પોતાનું આક્રમક વલણ દાખવ્યું અને દક્ષિણ આફ્રિકાના બોલરોને બરબાદ કરી દીધા. સંજુએ તેની કારકિર્દીની ત્રીજી સદી અને આ શ્રેણીની બીજી સદી માત્ર 51 બોલમાં ફટકારી હતી. આ સ્ટાર બેટ્સમેને માત્ર 28 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી અને આ પછી પણ તેનું બેટ અટક્યું નહીં. તિલક વર્માના આગમન બાદ સંજુની ગતિ થોડી ધીમી પડી હોય તેવું લાગી રહ્યું હતું પરંતુ તેમ છતાં તેણે પોતાની કારકિર્દીની ત્રીજી સદી અને આ શ્રેણીની બીજી સદી માત્ર 51 બોલમાં ફટકારી હતી. સંજુએ સદી સુધી પહોંચતા પહેલા 7 ચોગ્ગા અને 8 છગ્ગા ફટકાર્યા હતા. માત્ર સંજુ જ નહીં, પરંતુ તિલક વર્માએ પણ તેને પૂરો સાથ આપ્યો અને તેનું શાનદાર ફોર્મ ચાલુ રાખ્યું અને સતત બીજી સદી ફટકારી. છેલ્લી મેચમાં જ તિલકે ત્રીજા નંબર પર રમીને કારકિર્દીની પ્રથમ સદી ફટકારી હતી અને હવે જોહાનિસબર્ગમાં પણ તેણે આ જ પોઝિશન પર રમીને આ જ કારનામું બતાવ્યું હતું. જો કે, તિલકને દક્ષિણ આફ્રિકાના ફિલ્ડરોનો પણ પૂરો સાથ મળ્યો, જેણે બે કેચ છોડ્યા, જ્યારે સંજુએ પણ એક કેચ છોડ્યો. તિલકે તેનો પૂરો ફાયદો ઉઠાવ્યો અને માત્ર 41 બોલમાં વિસ્ફોટક સદી ફટકારી.




## સાઉથ આફ્રિકાની સૌથી મોટી હાર

284 રનના ટાર્ગેટ સામે સાઉથ આફ્રિકાની ટીમ 18.2 ઓવરમાં માત્ર 148 રન જ બનાવી શકી હતી. ટીમ ચોથી T20માં 135 રનથી હારી ગઈ હતી. T20માં આ તેમની સૌથી મોટી હાર છે. આ પહેલાં 2023માં ઓસ્ટ્રેલિયાએ ટીમને 111 રને હાર આપી હતી. ભારતે બીજી વખત સાઉથ આફ્રિકાને 100+ રનથી હરાવ્યું છે. ગત વર્ષે પણ ટીમ ઈન્ડિયાએ સા. આફ્રિકા સામે જોહાનિસબર્ગમાં જ 106 રનથી મેચ જીતી હતી.

## બે મેચમાં ખાતું ખોલવામાં નિષ્ફળ

છેલ્લી કેટલીક મેચોથી ઓપનિંગની જવાબદારી સંભાળી રહેલા સંજુ સેમસને આ સ્થાન પર આવીને પોતાની સાચી ક્ષમતા બતાવી છે અને બોલરોને બાઉન્ડ્રી પાર લઈ જવાની પ્રક્રિયા ચાલુ રાખી છે. સેમસન છેલ્લી સતત બે મેચમાં ખાતું ખોલવામાં નિષ્ફળ રહ્યો હતો. આ બંને મેચમાં તે માર્કો જેન્સન દ્વારા પહેલી જ ઓવરમાં બોલ્ડ થયો હતો. આવી સ્થિતિમાં, દરેકના મનમાં એક પ્રશ્ન હતો કે શું તે ત્રીજી વખત સમાન ભાગ્યનો સામનો કરશે કે પછી તે પુનરાગમન કરશે? પહેલી જ ઓવરમાં બોલ બેટની કિનારી લઈને સ્લિપની નજીક ગયો પરંતુ કેચ ફિલ્ડરથી થોડો દૂર રહ્યો અને તે બચી ગયો.

## સંજુની કારકિર્દીની ત્રીજી સદી

આ પછી સેમસનનું બેટ બોલતું રહ્યું અને ભારતીય બેટ્સમેને કારકિર્દીની ત્રીજી સદી ફટકારી. સંજુએ અભિષેક શર્મા સાથે મળીને પાવરપ્લેમાં 73 રનની વિસ્ફોટક ભાગીદારી કરીને ટીમને ઝડપી શરૂઆત અપાવી હતી. અભિષેક મોટી ઈનિંગ્સ રમી શક્યો નહોતો પરંતુ સંજુએ આક્રમણ ચાલુ રાખ્યું હતું. જેણે બે કેચ છોડ્યા, જ્યારે સંજુએ પણ એક કેચ છોડ્યો. તિલકે તેનો પૂરો ફાયદો ઉઠાવ્યો અને માત્ર 41 બોલમાં વિસ્ફોટક સદી ફટકારી.

# ફિલ્ડરની એક ભૂલ અને આફ્રિકાને થયું મોટું નુકશાન



(એજન્સી) જોહાનિસબર્ગ તા 16

ટીમ ઈન્ડિયાના યુવા બેટ્સમેન તિલક વર્માએ પણ સાઉથ આફ્રિકા સામે ટી20 સીરીઝની ચોથી મેચમાં સદી ફટકારી હતી. તેણે છેલ્લી મેચમાં પણ સદી ફટકારી હતી. તે સતત બે T20 મેચમાં સદી ફટકારનાર બીજો ભારતીય બન્યો છે. આ પહેલા સંજુ સેમસને આ સિદ્ધિ મેળવી હતી. મહત્વનું છે કે આફ્રિકાના બોલરની આ ભૂલને કારણે તિલક વર્માએ 120 રન ફટકાર્યા હતા. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે 4 મેચની T20 શ્રેણીની છેલ્લી મેચ જોહાનિસબર્ગના વાન્ડરર્સ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. આ મેચમાં ભારતીય બેટ્સમેનોની વિસ્ફોટક બેટિંગ જોવા મળી હતી. છેલ્લી મેચના હીરો તિલક વર્માએ પોતાનું શાનદાર ફોર્મ જારી રાખ્યું અને આ મેચમાં પણ સદી ફટકારી. તિલક વર્માની ટી20 કારકિર્દીની આ બીજી સદી છે. છેલ્લી મેચમાં તેણે 51 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. પરંતુ આ વખતે તેણે તેનાથી પણ ઓછા બોલ લીધા. તિલક વર્માએ જોહાનિસબર્ગમાં માત્ર 41 બોલમાં સદી ફટકારવાની સિદ્ધિ મેળવી હતી. પોતાની સદી સુધી પહોંચવા માટે તેણે 6 ફોર અને 9 સિક્સર ફટકારી હતી. તેણે લગભગ 250ની સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા. તમને જણાવી દઈએ કે, આ ઈનિંગમાં પણ કેપ્ટન સૂર્યકુમાર યાદવની જગ્યાએ તિલક વર્મા બેટિંગ કરવા આવ્યા હતા. વાસ્તવમાં, સૂર્યકુમાર યાદવ T20માં ત્રીજા નંબર પર રમે છે, પરંતુ છેલ્લી બે મેચમાં તિલક વર્મા આ નંબર પર રમી રહ્યો છે અને તે બંને વખત સદી ફટકારવામાં સફળ સાથે એક મોટો રેકોર્ડ પણ પોતાના T20 મેચમાં સદી ફટકારનાર ભારતનો બીજો બેટ્સમેન બની ગયો છે.

# આઈપીએલના ઓક્શન માટે 574 ખેલાડીઓની એન્ટ્રી, 366 ભારતીય

## 13 વર્ષના ભારતીય ક્રિકેટરનું નામ પણ સામેલ

(એજન્સી) મુંબઈ તા 16

BCCIએ શુક્રવારે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના ઓક્શન માટે 574 ખેલાડીઓની અંતિમ યાદી જાહેર કરી. જેમાં 366 ભારતીય અને 208 વિદેશી ખેલાડીઓ સામેલ છે. 81 ખેલાડીઓની બેઝ પ્રાઇસ 2 કરોડ રૂપિયા છે. ઇંગ્લેન્ડના ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર અને ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર કેમરૂન ગ્રીનનું નામ ઓક્શનની લિસ્ટમાં સામેલ કર્યું નથી. સાઉદી અરેબિયાના જેદ્દાહ શહેરમાં 24 અને 25 નવેમ્બરે ઓક્શન થશે. 10 ટીમમાં 204 ખેલાડીઓની જગ્યા ખાલી છે, ટીમ 70 વિદેશી ખેલાડીઓને ખરીદી શકે છે. બિહારનો 13 વર્ષનો વૈભવ સૂર્યવંશી સૌથી યુવા ખેલાડી છે જ્યારે ઇંગ્લેન્ડનો 42 વર્ષનો ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસન સૌથી મોટી ઉંમરનો ખેલાડી છે. જેમ્સની મૂળ કિંમત 1.25 કરોડ રૂપિયા છે. વૈભવ બિહારમાં ડોમેસ્ટિક ક્રિકેટ રમે છે. ઓક્શન બપોરે 3 વાગ્યે શરૂ થશે IPL મેગા ઓક્શન 24 નવેમ્બરે બપોરે 3 વાગ્યે શરૂ થશે. ઓક્શન બીજા દિવસે પણ બપોરે 3 વાગ્યાથી શરૂ થશે. 574 ખેલાડીઓમાંથી, 244 કેપ્ડ છે, જ્યારે 330 અનકેપ્ડ છે. કેપ્ડ ખેલાડીઓમાં 48 ભારતીય, 193 વિદેશી અને 3 સહયોગી દેશોના ખેલાડીઓ હશે. અનકેપ્ડ ખેલાડીઓમાં ભારતના 318 અને વિદેશના 12 ખેલાડીઓ છે.

### 2 કરોડની બેઝ પ્રાઈસમાં 81 ખેલાડીઓ

અનકેપ્ડ ખેલાડીઓની બેઝ પ્રાઇસ 30 લાખ રૂપિયા રાખવામાં આવી છે, જેમાં 320 ખેલાડીઓ છે. આ વખતે પણ ઓક્શનમાં સૌથી મોટી બેઝ પ્રાઇસ 2 કરોડ રૂપિયા છે, જેમાં 81 ખેલાડીઓના છે. 1.50 કરોડની બેઝ પ્રાઈસમાં 27 ખેલાડીઓ, 1.25 કરોડની બેઝ પ્રાઈસમાં 18 ખેલાડીઓ અને 1 કરોડની બેઝ પ્રાઈસમાં 23 ખેલાડીઓ છે.




### પંત અને શ્રેયસની બેઝ પ્રાઇસ 2 કરોડ રૂપિયા

ઓક્શનમાં માર્કી પ્લેયર્સની 2 યાદી હશે. રિષભ પંત, કાગીસો રબાડા, જોસ બટલર, શ્રેયસ અય્યર, અર્શદીપ સિંહ અને મિચેલ સ્ટાર્કના નામ પ્રથમ યાદીમાં સામેલ છે. બીજી યાદીમાં યુઝવેન્દ્ર ચહલ, લિયામ લિવિંગ્સ્ટન, ડેવિડ મિલર, કેએલ રાહુલ, મોહમ્મદ શમી અને મોહમ્મદ સિરાજનો સમાવેશ થાય છે.

# સંજુ સેમસગની સિક્સ ફેન્સના મોઢા પર વાગી

(એજન્સી) જોહાનિસબર્ગ તા 16



ચોથી T20માં ભારતે દક્ષિણ આફ્રિકાને 135 રને હરાવ્યું. આ સાથે ટીમે ચાર મેચોની સિરીઝ 3-1થી જીતી લીધી હતી. ભારત તરફથી તિલક વર્મા અને સંજુ સેમસને સદી ફટકારીને સ્કોર 283 રન સુધી પહોંચાડ્યો હતો. જવાબમાં આફ્રિકાની ટીમ 148 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

મેચમાં ઘણી મોમેન્ટ્સ જોવા મળી... અભિષેક શર્માએ સ્ટેડિયમની બહાર બોલ માર્યો, મિલરે 110 મીટરમાં સિક્સર ફટકારી, સંજુની સિક્સ ફેનને વાગી, બિશ્નોઈએ જગલિંગ કરતી વખતે કેચ ઝડપ્યો. ટીમ ઈન્ડિયાના કેપ્ટન સૂર્યકુમાર યાદવે જોહાનિસબર્ગમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. તેઓએ સિરીઝમાં પ્રથમ વખત ટોસ જીત્યો હતો,

પરંતુ ટીમે સતત ચોથી ટી20માં જ બેટિંગ કરી હતી. દક્ષિણ આફ્રિકા અને ભારત બંનેએ તેમના પ્લેઈંગ-11માં કોઈ ફેરફાર કર્યો નથી. રીઝા હેન્ડ્રીક્સે શૂન્યના સ્કોર પર અભિષેકનો કેચ છોડ્યો હતો. મેચની પહેલી જ ઓવરમાં અભિષેક શર્માને જીવતદાન મળ્યું હતું. અહીં ઓવરના ચોથા બોલ પર અભિષેક શર્માએ ફુલ લેન્થ બોલ પર ડ્રાઈવ રમી હતી. બોલ બેટની બહારની ધારને અડીને સ્લિપમાં રહેલા રીઝા હેન્ડ્રિક્સના હાથમાં ગયો. તેણે શૂન્યના સ્કોર પર અભિષેકનો સરળ કેચ છોડ્યો હતો.ભારતીય ઈનિંગ્સની પાંચમી ઓવરના પહેલા બોલ પર અભિષેક શર્માએ મેદાનની બહાર બોલને ફટકાર્યો હતો. અહીં અભિષેક આગળ આવ્યો અને એન્ડીલે સિમેલેનના બોલ પર ઈનસાઈડ આઉટ શોટ રમ્યો. બોલ કવર બાઉન્ડ્રી પર સ્ટેડિયમની બહાર ગયો હતો. આ ઓવરમાં અભિષેકે 3 સિક્સ અને 1 ફોરની મદદથી 24 રન બનાવ્યા હતા. પાવરપ્લેની છેલ્લી ઓવરમાં જેરાલ્ડ કુટ્ઝી પગમાં હેમસ્ટ્રિંગની ઈજાને કારણે એક પણ બોલ ફેંકી શક્યો ન હતો.

# હરિયાણાના અંશુલે કેરળ સામે એક ઈનિંગમાં 10 વિકેટ ઝડપી

(એજન્સી) હરિયાણા તા 16

હરિયાણાના અંશુલ કંબોજે રણજી ટ્રોફી 2024-25ના પાંચમા રાઉન્ડમાં કેરળ સામે પહેલી ઈનિંગમાં 10 વિકેટ લીધી હતી. તે ટુર્નામેન્ટના ઈતિહાસમાં એક ઈનિંગમાં 10 વિકેટ લેનારો ત્રીજો બોલર બની ગયો છે. કેરળ સામે લાહલીમાં રમાઈ રહેલી રણજી મેચમાં તેણે પહેલી ઈનિંગમાં 49 રન આપીને તમામ ખેલાડીઓને પેવેલિયન મોકલી દીધા હતા. કંબોજે ગુરુવારે રણજીના બીજા દિવસની રમતના અંત સુધીમાં કેરળના આઠ ખેલાડીઓને પેવેલિયનમાં મોકલી દીધા હતા. શુક્રવારે સવારે, તેણે થમ્પીને પ્રથમ ઓવરમાં આઉટ કરીને તેની નવમી વિકેટ લીધી અને શોન રોજરને આઉટ કરીને તેની 10મી વિકેટ પૂરી કરી,



જેના કારણે કેરળની ટીમ પહેલી ઈનિંગમાં 291 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.કંબોજ પહેલા રણજીમાં બે ખેલાડીઓએ પહેલી ઈનિંગમાં 10 વિકેટ લેવાની સિદ્ધિ મેળવી હતી. બંગાળના પ્રેમાંગસુ મોહન ચેટર્જી 1956-57 સિઝનમાં આ સિદ્ધિ હાંસલ કરનાર પ્રથમ બોલર હતા. જ્યારે સિઝનમાં વિદર્ભ સામેની મેચમાં એક ઈનિંગમાં તમામ 10 વિકેટો લીધી હતી.

# IPL 2025 મેગા ઓક્શનમાં 13 વર્ષનો ખેલાડી સામેલ

(એજન્સી) નવી દિલ્હી તા 16

IPL 2025 પહેલા મેગા ઓક્શન 24 અને 25 નવેમ્બરે સાઉદી અરેબિયાના જેદ્દાહમાં યોજાશે. આ વખતે કુલ 1,574 ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. નોંધણી કરાવનારા ખેલાડીઓમાં 1,165 ભારતીય અને 409 વિદેશીઓનો સમાવેશ થાય છે. IPL ગવર્નિંગ કાઉન્સિલે 574 ખેલાડીઓની યાદી જાહેર કરી છે જેઓ હરાજીમાં જોવા મળશે. એટલે કે 1000 ખેલાડીઓ હરાજીમાંથી બહાર થઈ ગયા છે. કોઈપણ ટીમ આ ખેલાડીઓ પર દાવ લગાવવા માંગતી નથી. હરાજી માટે પસંદ કરાયેલા 574 ખેલાડીઓમાં 13 વર્ષીય ક્રિકેટરનો પણ સમાવેશ થાય છે.IPL ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા જાહેર કરવામાં આવેલી હરાજીની યાદીમાં 366 ભારતીય અને 208 વિદેશી ખેલાડીઓનો સમાવેશ થાય છે. આમાંથી એક નામ બિહારના સમસ્તીપુરના વૈભવ સૂર્યવંશીનું છે.

વૈભવ સૂર્યવંશી હજુ માત્ર 13 વર્ષનો છે. આ નાની ઉંમરે તેણે રણજી ટ્રોફી, હેમંત ટ્રોફી, કૂચ બિહાર ટ્રોફી અને વિનુ માંકડ ટ્રોફી રમી છે. હાલમાં જ તેની ભારતીય અંડર-19 ટીમમાં પણ પસંદગી થઈ હતી. વૈભવ સૂર્યવંશી વિશે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે તેણે અલગ-અલગ ટૂર્નામેન્ટ સહિત એક વર્ષમાં કુલ 49 સદી ફટકારી છે.

# સાઉથીએ ટેસ્ટમાંથી નિવૃત્તિની જાહેરાત

(એજન્સી) ન્યૂઝીલેન્ડ તા 16

ન્યૂઝીલેન્ડનો ફાસ્ટ બોલર ટિમ સાઉથી 28 નવેમ્બરથી ઈંગ્લેન્ડ સામે શરૂ થનારી સિરીઝના અંતે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેશે. સાઉથી તેની છેલ્લી ટેસ્ટ મેચ 15 ડિસેમ્બરે હેમિલ્ટનના સેડન પાર્ક ખાતે તેના હોમ ગ્રાઉન્ડ પર રમશે. 35 વર્ષીય સાઉથીએ કહ્યું- જો અમારી ટીમ WTC ફાઈનલમાં ક્વોલિફાય થશે તો હું ઉપલબ્ધ રહીશ. સાઉથી ત્રણેય ફોર્મેટમાં ન્યૂઝીલેન્ડનો સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. તેના નામે 770 આંતરરાષ્ટ્રીય વિકેટ છે. ન્યૂઝીલેન્ડનું પ્રતિનિધિત્વ કરવાનું મારું બાળપણનું સપનું હતું. 18



વર્ષથી બ્લેક કેપ્સ માટે રમવું એ સૌથી મોટું સન્માન અને વિશેષાધિકાર છે, પરંતુ હવે સમય આવી ગયો છે કે હું તે રમતથી દૂર થઈ જઉં જેણે મને ઘણું બધું આપ્યું છે. ટેસ્ટ ક્રિકેટ મારા હૃદયમાં એક વિશેષ સ્થાન ધરાવે છે, તેથી મારી છેલ્લી ટેસ્ટ એ જ દેશ સામે રમવી જે આટલા વર્ષો પહેલા મારી ટેસ્ટ કારકિર્દીની શરૂઆત થઈ હતી તે મારા માટે ખૂબ જ ખાસ છે. હું મારા પરિવાર, મિત્રો, કોચ, અમારા પ્રશંસકો અને રમત સાથે સંકળાયેલા દરેકનો હંમેશા આભારી રહીશ જેણે મને અને મારી કારકિર્દીને વર્ષોથી સાથ આપ્યો છે. આ એક અદ્ભુત યાત્રા રહી છે અને હું તેના વિશે કંઈપણ બદલીશ નહીં.ટિમ સાઉથી ન્યૂઝીલેન્ડનો સૌથી સફળ બોલર રહ્યો છે. સાઉથીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં ન્યૂઝીલેન્ડ માટે સૌથી વધુ 770 વિકેટ લીધી છે. સાઉથીએ અત્યાર સુધીમાં વન-ડે અને 125 T20 મેચ રમી છે. ટેસ્ટમાં 385, વન-ડેમાં 221 અને T-20માં 164 વિકેટ લીધી છે.

# પાકિસ્તાનને ઝટકો, PoKમાં નહીં થાય ચેમ્પિયન્સ ટ્રોફી ટૂર

## ભારતની આપત્તિ પર ICCએ મનાઈ ફરમાવી દીધી; અગાઉ પાડોશી દેશ આયોજન કરવાનું હતું

(એજન્સી) દુંબઈ તા 16

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે BCCIના વાંધા બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ચેમ્પિયન્સ ટ્રોફીની ટૂર કરવાનો ઈનકાર કરી દીધો છે. સમાચાર એજન્સી IANSએ એક અહેવાલને ટાંકીને આ દાવો કર્યો છે. આ મામલે PCB તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. ICCના એક અધિકારીએ ભાસ્કરને જણાવ્યું હતું કે ચેમ્પિયન્સ ટ્રોફી ટૂરનો પ્લાન ICC દ્વારા જ જારી કરવામાં આવે છે. આવી સ્થિતિમાં, ટ્રોફી ટૂરને લઈને કંઈપણ નકારવાનો કે સ્વીકારવાનો પ્રશ્ન જ નથી. અત્યારે અમે ટ્રોફી ટૂરના શિડ્યૂલની ચર્ચા કરી રહ્યા છીએ. એક સૂત્રએ સમાચાર એજન્સી ANIને જણાવ્યું કે, BCCI સેક્રેટરી જય શાહે PoKમાં ચેમ્પિયન્સ ટ્રોફી ટૂર યોજવાની PCBની જાહેરાત સામે વાંધો વ્યક્ત કર્યો છે. શાહે આ મામલો ICC સમક્ષ ઉઠાવ્યો છે. તેમણે કહ્યું કે આ મામલે કોઈ રાજકીય હસ્તક્ષેપ ન થવો જોઈએ. ICCએ આ અંગે કાર્યવાહી કરવી જોઈએ.



**ચેમ્પિયન્સ ટ્રોફી પાકિસ્તાનમાં રમાશે :** પાકિસ્તાન ફેબ્રુઆરી 2025માં ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની કરવાની છે, પરંતુ ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાન જવાનો ઈનકાર કરી દીધો છે. ICCએ BCCIને પૂછ્યું- ટીમ ઈન્ડિયાને પાકિસ્તાન ન મોકલવાનું કારણ જણાવો ICC એ ભારતીય ટીમને ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન ન મોકલવા પર BCCI પાસે લેખિત જવાબ માંગ્યો છે. ANIએ પાકિસ્તાની ચેનલ જિયો ન્યૂઝના અહેવાલને ટાંકીને લખ્યું છે કે, PCBએ ICCને ભારતના જવાબની કોપી આપવા વિનંતી કરી છે.

### 12 નવેમ્બર: PCBએ ICCને લખ્યું- પાકિસ્તાન ભારત કેમ ન આવી શકે?

ત્રણ દિવસ પહેલાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ICC પાસે ટીમ ઈન્ડિયાના પાકિસ્તાન ન જવા અંગે જવાબ માંગ્યો હતો. ક્રિકબઝના અહેવાલ મુજબ, PCBના પ્રવક્તાએ કહ્યું હતું કે જો ભારત અને પાકિસ્તાન સુરક્ષા મુદ્દાઓને કારણે નથી આવી રહ્યા, તો ન્યૂઝીલેન્ડ, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની ટીમે તાજેતરમાં પાકિસ્તાનની મુલાકાત લીધી છે. તો પછી ટીમ ઈન્ડિયા કેમ મુશ્કેલીનો સામનો કરી રહી છે? મુંબઈમાં આતંકવાદી હુમલાને કારણે ભારતે 16 વર્ષથી પાકિસ્તાનની મુલાકાત લીધી નથી ભારતીય ટીમે 2007-08થી પાકિસ્તાનનો પ્રવાસ કર્યો નથી. 2008માં મુંબઈ પર થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાનમાં ક્રિકેટ રમવાની ના પાડી દીધી હતી. ત્યારથી બંને ટીમ માત્ર ICC અને ACC ટુર્નામેન્ટમાં જ રમે છે. 2013 થી, બંને ટીમ તટસ્થ સ્થળો પર 13 ODI અને 8 T20 મેચ રમી

### 09 નવેમ્બર: પાકિસ્તાને હાઈબ્રિડ મોડલનો ઈનકાર

BCCI ઈચ્છે છે કે ટીમ ઈન્ડિયાની મેચ UAE અથવા દુબઈમાં યોજવામાં આવે, જોકે PCB પહેલાથી જ સ્પષ્ટ કરી ચૂક્યું છે કે તે હાઈબ્રિડ મોડલમાં ચેમ્પિયન્સ ટ્રોફી નહીં યોજે. હાઈબ્રિડ મોડલનો અર્થ એ છે કે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત સામેની મેચ તટસ્થ સ્થળોએ રમવી જોઈએ અને બાકીની ટુર્નામેન્ટ પાકિસ્તાનમાં રમવી જોઈએ.

### એશિયા કપની ફાઈનલમાં ભારતે શ્રીલંકાને 10 વિકેટે હરાવ્યું

ગત વર્ષે એશિયા કપની યજમાની પાકિસ્તાનને મળી હતી. ત્યારે પણ ભારતે પાકિસ્તાનમાં રમવાની ના પાડી દીધી હતી. આ પછી ટૂર્નામેન્ટ 'હાઈબ્રિડ મોડલ' પર યોજાઈ હતી. ભારત સામેની મેચ શ્રીલંકામાં યોજાઈ હતી. કોલંબોમાં રમાયેલી ફાઈનલ મેચમાં ભારતીય ટીમે શ્રીલંકાને 10 વિકેટે હરાવીને ચેમ્પિયનશિપ જીતી લીધી હતી.અગાઉ, PCBએ ગુરુવારે તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર ટ્રોફી ટૂરને લઈને એક પોસ્ટ શેર કરી હતી. ભારતનો પાકિસ્તાનનો છેલ્લો પ્રવાસ 2008માં હતોઃ ટીમ ઈન્ડિયાએ છેલ્લે 2008માં પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હતો. 3 ટેસ્ટ મેચની તે સિરીઝ ભારતીય ટીમે 1-0થી જીતી હતી. આ સિરીઝની 2 મેચ ડ્રો રહી હતી.

**તેની પાસે હવે 266 ઈલેક્ટોરલ વોટ**

## "કોઈ આટલી મહેનત નથી કરી શકતુ" ટ્રમ્પની પૌત્રીએ ટ્રમ્પ માટે કહી આ મોટી વાત

(એજન્સી) અમેરિકા તા 16



કાઈ મેડિસન ટ્રમ્પ, ડોનાલ્ડ ટ્રમ્પની પ્રથમ પૌત્રી અને ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર અને વેનેસા ટ્રમ્પની પુત્રી છે. જુલાઈમાં રિપબ્લિકન નેશનલ કન્વેન્શનમાં તેની તેના ગ્રાન્ડ પા માટેની સ્પિચે હેડલાઈન્સ બનાવી હતી ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પૌત્રી કાઈ ટ્રમ્પ એ તેના ગ્રાન્ડ પા ટ્રમ્પને ચૂંટણી જીતવાને લઈને અભિનંદન પાઠવ્યા હતા. રિપબ્લિક નેતા યુએસ પ્રમુખપદની ચૂંટણીમાં ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને હરાવી ચૂંટણીમાં જીત મેળવી હતી. કાઈ મેડિસન ટ્રમ્પ, ડોનાલ્ડ ટ્રમ્પની પ્રથમ પૌત્રી અને ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર અને વેનેસા ટ્રમ્પની પુત્રી છે. જુલાઈમાં રિપબ્લિકન નેશનલ કન્વેન્શનમાં તેની તેના ગ્રાન્ડ પા માટેની સ્પિચે હેડલાઈન્સ બનાવી હતી, જ્યાં તેણીએ 78 વર્ષીય ટ્રમ્પના જીવનના એક અલગ પાસા પર પ્રકાશ પાડ્યો હતો ત્યારે લોકો તેને જોતા જ રહી ગયા. તેણે કહ્યુ મારા દાદાની એક અલગ બાજુ શેર કરવા માટે બોલી રહી છું જે લોકો વારંવાર જોતા નથી," તેણીએ કહ્યું. "મારા માટે, તે એક સામાન્ય દાદા છે. જ્યારે અમારા માતા-પિતા ન જોતા હોય ત્યારે તે અમને કેન્ડી અને સોડા આપાવે છે. તે હંમેશા જાણવા માંગે છે કે અમે શાળામાં કેવું કરી રહ્યા છીએ."

# મસ્કના DOGE વિભાગે વેકેન્સી બહાર પાડી

## હાઈ IQ, અઠવાડિયામાં 80 કલાકથી વધુ કામ કરનારા લોકોની શોધ

### બીજી વખત ચૂંટણી જીત્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે સરકારી નોકરશાહીને ખતમ કરવા અને સરકારના પૈસા બચાવવા માટે આ વિભાગ શરૂ

(એજન્સી) વોશિંગ્ટન તા 16




ટેસ્લાના ચીફ ઈલોન મસ્ક અને બિઝનેસમેન વિવેક રામાસ્વામીએ યુએસ સરકારના નવા DoGE (ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્નમેન્ટ એફિશિયન્સી) વિભાગ માટે ભરતીની જાહેરાત કરી છે. આ માહિતી સોશિયલ મીડિયા X પર આપવામાં આવી છે. DoGE ના ઓફિસિયલ X હેન્ડલ તરફથી થયેલી પોસ્ટમાં લખ્યું છે કે, તેઓ એવા લોકોની શોધમાં હોય છે જેમને સુપર હાઈ આઈક્યુ હોય. તેઓ એવા લોકોની શોધમાં છે જે અઠવાડિયામાં 80 કલાકથી વધુ કામ કરી શકે. જો કોઈમાં આ ગુણો હોય તો તે DoGE ના મેસેજમાં પોતાનો બાયોડેટા મોકલી શકે છે. જો કે, ફક્ત તે શકે છે જેમની પાસે X નું વેરિફાઈડ એકાઉન્ટ છે. અમેરિકામાં તેની કિંમત દર મહિને 8 ડોલર (675 રૂપિયા) છે. મસ્ક અને વિવેક રામાસ્વામી સીવી મોકલનારા ટોચના 1% ઉમેદવારોની સમીક્ષા કરશે. રામાસ્વામીએ કહ્યું- આ સરકારી નોકરી જેવી નોકરી નથી પોસ્ટમાં DoGE માં નોકરી માટે અરજદારને કેવો અનુભવ હોવો જોઈએ તેનો ઉલ્લેખ નથી.

### DoGE વિભાગ બહારથી સરકારને સલાહ આપશે

DoGE વિભાગ બહારથી સરકારને સલાહ આપશે. ટ્રમ્પે DoGEની જવાબદારી બે મોટા બિઝનેસમેન ઈલોન મસ્ક અને વિવેક રામાસ્વામીને આપી છે.

મસ્કે કહ્યું- સરકાર નવા વિભાગથી 2 ટ્રિલિયન ડોલર બચાવશે ટ્રમ્પે સપ્ટેમ્બરની શરૂઆતમાં DoGE ની રચનાનો પ્રસ્તાવ મૂક્યો હતો. અગાઉ ઓગસ્ટમાં તેમણે કહ્યું હતું કે જો તેઓ રાષ્ટ્રપતિ બનશે તો તેઓ મસ્કને કેબિનેટ પદ અથવા તેમના વહીવટમાં સલાહકારની ભૂમિકા આપવા પર વિચાર કરશે. મસ્કે સોશિયલ મીડિયા પર આ પ્રોજેક્ટને 'અમેરિકાની છેલ્લી તક' ગણાવી છે.

## આતંકીની નાવમાં સવાર પાકિસ્તાન! હિન્દુ તીર્થયાત્રીની ગોળી મારીને હત્યા



### પાકિસ્તાનમાં હિન્દુઓ પર અત્યાચાર!

(એજન્સી) પેશાવર તા 16

પાકિસ્તાનમાં એક હિન્દુ તીર્થયાત્રીની ગોળી મારીને હત્યા કરવાનો મામલો સામે આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે આ વ્યક્તિ તેના મિત્રો અને સંબંધીઓ સાથે નનકાના સાહિબ જઈ રહ્યો હતો. આ દરમિયાન તેનો રસ્તો રોકી દેવામાં આવ્યો હતો અને તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનના નનકાના સાહિબમાં એક હિન્દુ તીર્થયાત્રીની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે તે વ્યક્તિ ગુરુ નાનક દેવના 555મા પ્રકાશ પર્વની ઉજવણીમાં ભાગ લેવા જઈ રહ્યો હતો. દરમિયાન, એક પાકિસ્તાની હિંદુ યાત્રાળુની લૂંટારાઓએ ગોળી મારીને હત્યા કરી હતી.

### અજાણ્યા લોકો સામે કેસ નોંધાયો

મૃતક રાજેશ કુમારના સંબંધીની ફરિયાદ પર પાકિસ્તાન પીનલ કોડની સંબંધિત કલમો હેઠળ અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે શુક્રવારે ગુરુદ્વારા જન્મસ્થાન નનકાના સાહિબમાં ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વના મુખ્ય સમારોહનું આયોજન ભારતમાંથી 2,500 થી વધુ શીખો અને મોટી સંખ્યામાં સ્થાનિક અને વિદેશી ભક્તોએ પણ તેમાં ભાગ લીધો હતો.

# ચૂંટણી જીત્યા બાદ પહેલીવાર વિદેશી નેતાને મળ્યા ટ્રમ્પ

(એજન્સી) અમેરિકા તા 16



ચૂંટણી જીત્યા બાદ પહેલીવાર કોઈ વિદેશી નેતાને મળ્યા ટ્રમ્પ, જાણો કોની સાથે કરી આ ખાસ મુલાકાત અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણી જીત્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ ગુરુવારે પહેલીવાર કોઈ વિદેશી નેતાને મળ્યા હતા. અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ટ્રમ્પે આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર માઈલી સાથે તેમના માર-એ-લાગો ક્લબમાં વાત કરી હતી. એક અધિકારીએ નામ ન આપવાની શરતે આ માહિતી આપી કારણ કે આ મીટિંગ વિશે કોઈ જાહેર જાહેરાત કરવામાં આવી નથી. સૂત્રએ જણાવ્યું કે બંને નેતાઓ વચ્ચેની બેઠક સફળ રહી અને આ પછી માઈલી રોકાણકારોને પણ મળ્યા હતા. માઈલી વારંવાર ટ્રમ્પના વખાણ કરે છે માઈલી એક સ્વ-ઘોષિત 'અરાજક-મૂડીવાદી' છે અને તેમણે ઘણીવાર ટ્રમ્પની પ્રશંસા કરી છે. ટ્રમ્પને મળ્યા બાદ માઈલીએ 'માર-એ-લાગો' ખાતે 'અમેરિકા ફર્સ્ટ પોલિસી ઈન્સ્ટિટ્યૂટ ગાલા'ને સંબોધીત કર્યું હતું. આ દરમિયાન, તેમણે ડાબેરી વિચારધારાઓની ટીકા કરી અને X (અગાઉ ટ્વિટર) ના માલિક એલોન મસ્કની પ્રશંસા કરતા કહ્યું કે તેમનું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ માનવતાને 'બચાવ' કરવામાં મદદ કરી રહ્યું છે. નવેમ્બર 2023માં માઈલી આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ બન્યા બાદ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું હતું.

**માઈલી અને ટ્રમ્પ ફેબ્રુઆરીમાં પહેલી વાર મળ્યા હતા : :** માઈલી અને ટ્રમ્પ પહેલીવાર ફેબ્રુઆરીમાં વોશિંગ્ટનમાં 'કન્ઝર્વેટિવ પોલિટિકલ એક્શન કોન્ફરન્સ' (CPAC)માં મળ્યા હતા. માઈલી એ ટ્રમ્પને જોતાની સાથે જ ગળે લગાવી, 'પ્રેસિડેન્ટ, પ્રેસિડેન્ટ.. ' એવી બૂમો પાડી અને તેમની સાથે તસવીરો ખેંચાવી. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ માઈલી તેમના વિચિત્ર વ્યક્તિત્વ માટે જાણીતા છે. ટીવી પર આર્જેન્ટિનાની 'રાજકીય જાતિ' સામે અવાજ ઉઠાવનાર તે સૌપ્રથમ હતા.

**ઉત્તર કોરિયાના 7000થી વધુ સૈનિકોને તૈનાત કર્યા**

# મુઝે તો તેરી લત લગ ગઈ! કોરિયન સૈનિકોને લાગી એડલ્ટ વીડિયો જોવાની લત

(એજન્સી) ઉત્તર કોરિયા તા 16



ઉત્તર કોરિયાના સૈનિકો તાજેતરમાં રશિયાની બાજુમાં યુક્રેન-રશિયા યુદ્ધમાં જોડાયા છે. પરંતુ રશિયા પહોંચ્યા બાદ આ સૈનિકો યુદ્ધ લડવાને બદલે કંઈક અન્ય પર ધ્યાન આપી રહ્યા છે. હા, રશિયા પહોંચી ગયેલા ઉત્તર કોરિયાના સૈનિકો આ દિવસોમાં ઓનલાઈન અશ્લીલ વીડિયો જોઈ રહ્યા છે. ઉત્તર કોરિયાના સૈનિકોને રશિયામાં અનલિમિટેડ ઈન્ટરનેટ મળી રહ્યું છે, જે તેમના માટે તદ્દન નવું છે. ધ ફાઈનાન્સિયલ ટાઈમ્સના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આના પરિણામે સૈનિકો આ અનલિમિટેડ ઈન્ટરનેટનો લાભ લઈ રહ્યા છે અને ઓનલાઈન એડલ્ટ વીડિયોના વ્યસની બની ગયા છે. અહેવાલ મુજબ ઉત્તર કોરિયામાં સંપૂર્ણ પ્રતિબંધિત ઈન્ટરનેટમાં રહેવા ટેવાયેલા દેશના સૈનિકો એડલ્ટ વીડિયો જોઈ રહ્યા છે. જ્યારે રશિયામાં ઈન્ટરનેટ એક્સેસ ઉપયોગ કરવા દે છે.

### આર્મી લેફ્ટનન્ટ કર્નલે કહી આ વાત

જો કે કિમ જોંગ ઉન દ્વારા યુક્રેન મોકલવામાં આવેલા ઉત્તર કોરિયાના સૈનિકોની ઈન્ટરનેટ આદતોની માહિતી તેઓએ કેવી રીતે મેળવી તે અંગેની કોઈ માહિતી આ રિપોર્ટમાં આપવામાં આવી નથી. ન્યૂયોર્ક પોસ્ટના અહેવાલ અનુસાર યુએસ સંરક્ષણ વિભાગના પ્રવક્તા આર્મી લેફ્ટનન્ટ કર્નલ ચાર્લી ડાયટ્ઝે પણ કહ્યું કે, તેઓ ઉત્તર કોરિયાની ઈન્ટરનેટ આદતો અથવા વર્ચ્યુઅલ પ્રવૃત્તિઓની પુષ્ટિ કરી શકતા નથી.

## સુપ્રીમ કોર્ટમાં બોમ્બ વિસ્ફોટ

(એજન્સી) બ્રાઝિલ તા 16

સુપ્રીમ કોર્ટમાં બોમ્બ વિસ્ફોટ, પાર્કિંગમાં પણ ધડાકો : બ્રાઝિલમાં મચ્યો ખળભળાટ બ્રાઝિલની સુપ્રીમ કોર્ટની બહાર એક-પછી એક બે બોમ્બ ધડાકા થતાં અફરાતફરી મચી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, બ્રાઝિલમાં સુપ્રીમ કોર્ટની બહાર એક વ્યક્તિએ સુપ્રીમ કોર્ટની બહાર સ્થિત એક સ્ટેચ્યુ પર બોમ્બ ફેંક્યો હતો. પરંતુ તે બોમ્બ પાછો ઉછળીને તેની પાસે જ આવતાં તેમાં તેનું મોત થયુ હતું. આ સિવાય અન્ય કોઈ જાનહાનિ થઈ ન હતી. આ સિવાય સંસદના પાર્કિંગમાં પણ બોમ્બ ધડાકો થયો હતો. બ્રાઝિલના સુપ્રીમ કોર્ટે જણાવ્યા પ્રમાણે સેશન પૂર્ણ થયા બાદ સાંજે લગભગ સાડા સાત વાગ્યે જોરદાર વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો.

# આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનમાં પડી તિરાડો, 50 જગ્યાએ લીકેજ

(એજન્સી) અમેરિકા તા તા 16



નાસા પણ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)ને લઈને ટેન્શનમાં આવી ગયું છે. છેલ્લા પાંચ વર્ષથી ISSમાં થોડાં-થોડાં લીકેજ હતા. જો કે, હવે એવું જાણવા મળ્યું છે કે ISSમાં ઓછામાં ઓછા 50 જગ્યાએ લીકેજની સમસ્યા સર્જાઈ છે. આ સિવાય ISSમાં તિરાડો પણ દેખાઈ રહી છે. નાસાનો એક તપાસ રિપોર્ટ લીક થઈ ગયો હતો જેમાં ખુલાસો થયો કે ISS મોટા ખતરામાં છે. આ ઉપરાંત સુનિતા વિલિયમ્સ સહિત અહીં રહેતા અવકાશયાત્રીઓના જીવ પણ જોખમમાં મૂકાયા છે. માઈક્રો વાઈબ્રેશનનો દાવો કરાયો રશિયાએ પૃથ્વીની આસપાસ ફરતી લેબમાં માઈક્રો વાઈબ્રેશનનો પણ દાવો કર્યો છે. નાસાનું કહેવું છે કે સ્પેસ સ્ટેશનમાંથી મોટી માત્રામાં હવા નીકળી રહી છે, જે ખતરાની ઘંટડી છે. જો કે લોકોના જીવ બચાવવા અને ઉકેલ શોધવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ ISSમાં છેલ્લા પાંચ વર્ષથી લીકેજની સમસ્યા છે. ક્યાંથી લીકની શરૂઆત થઈ પ્રથમ લીક સ્પેસ સ્ટેશનમાં હાજર યવેઝદા મોડ્યુલમાંથી શરૂ થયું હતું, જે ડોકિંગ પોર્ટ તરફ દોરી જતી ટનલ છે. આ ભાગનું નિયંત્રણ રશિયાના હાથમાં છે. જોકે, નાસા અને રશિયન એજન્સી રોસકોમોસ વચ્ચે આ સમસ્યાનું સાચું કારણ શું છે તે અંગે હજુ સુધી કોઈ સહમતિ નથી બની શકી. જાણીતા મીડિયા અનુસાર, નાસાના અવકાશયાત્રી બોબ કબાનાએ કહ્યું કે સ્પેસ એજન્સીએ આ લીકેજ અંગે ચિંતા વ્યક્ત કરી છે. કબાનાએ જણાવ્યું હતુ કે લીકેજને રોકવા માટે ઓપરેશન ચલાવવાથી થોડા સમય માટે રાહત મળી શકે છે પરંતુ તે કાયમી ઉકેલ નથી. અમેરિકા કહે છે કે આ સુરક્ષિત નથી. લીકેજ પ્રથમ વખત 2019 માં શોધી કાઢવામાં આવ્યું હતું. આ પછી, એપ્રિલ 2024 થી, દરરોજ 1.7 કિલોના દરે હવા લીક થવા લાગી. સામાન્ય રીતે સાતથી દસ અવકાશયાત્રીઓ ISSમાં રહે છે. રશિયન એન્જિનિયરોએ માઈક્રો વાઈબ્રેશન વિશે વાત કરી છે. નાસાએ આ ખતરાને ટાળવા માટે કેટલાક પગલાં લીધાં છે.

**પાડોશી દેશ પાસે માંગી મદદ**

# યુદ્ધ ભારે પડ્યું પુતિનને: રશિયાની 30 એરલાઈન્સ દેવાળું ફૂંકવાની તૈયારીમાં

(એજન્સી) રશિયા તા 16



યુદ્ધ ભારે પડ્યું પુતિનને: રશિયાની 30 એરલાઈન્સ દેવાળું ફૂંકવાની તૈયારીમાં, પાડોશી દેશ પાસે માંગી મદદ યુક્રેન યુદ્ધને લગભગ 3 વર્ષ થવા આવ્યાં છે. બંને દેશો એક બીજા ઉપર હુમલા કરી રહ્યા છે. આ યુદ્ધ લાંબુ ખેંચવા માટે પુતિન ઉપર આક્ષેપો મુકાય છે. તેવામાં રશિયાનો વિમાન ઉદ્યોગ એક તાજા સંકટમાં ફસાયો છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે દૈનિક ઈઝવેષ્ટિયામાં કહેવામાં આવ્યું છે કે રશિયાની 30 એરલાઈન્સ કંપનીઓ દેવાળુ ફૂંકવાની કગારે પહોંચી ગઈ છે. આ 30 કંપનીઓ દેશના 25 ટકા યાત્રીઓને લઈ જાય છે. પરંતુ વિત્તીય બોજાને લીધે 2025માં તે દેવાળું ફૂંકે તેમ છે. યુક્રેન યુદ્ધ શરૂ થતાં પશ્ચિમના દેશોએ રશિયા ઉપર આર્થિક પ્રતિબંધો મુક્યા યુક્રેન યુદ્ધ શરૂ થતાં પશ્ચિમના દેશોએ રશિયા ઉપર આર્થિક પ્રતિબંધો મુક્યા છે. તેથી રશિયાને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. આ 25 પૈકી મોટા ભાગની કંપનીઓએ હવે ભાડા પટ્ટે વિમાનો લેવાનું બંધ કરવું પડયું છે. પુતિને તે કંપનીઓ માટે દેવાં માફીની કશીક યોજના બનાવી છે. પરંતુ તે કંપનીઓ ઉપર ટેક્ષનો બોજ ઘણો વધી ગયો છે. આ કંપનીઓ ઉપર 25 ટકા ટેક્ષ લાગે છે. મૂળ તો 28 ટકા હતો. જે ઘટાડવો પડયો છે.

**પાયલોટને પગાર આપવાનાં ફાંફાં :** એ-320 વિમાનોની સંભાળ માટે માસિક 80 હજારથી 1 લાખ 20 હજાર ડોલરનો ખર્ચ થાય છે. આથી ઘણી આંતરિક વિમાન સેવા રદ કરવી પડી છે. પાયલોટને પગાર આપવાનાં ફાંફાં છે તેથી તેઓ નોકરી છોડી રહ્યા છે. તેથી વિમાનોના પરિચાલનમાં મુશ્કેલી થાય છે. સ્ટાફની ઘટને લીધે, શેરેમેત્યેવો ઈંટરનેશનલ એરપોર્ટ પરની 68 ઉડાનો રદ કરવી પડી છે. આ સંકટમાંથી બહાર નીકળવા રશિયા નાના નાના પાડોશી દેશો પાસેથી મદદ માગે છે તે કઝાકિસ્તાન અને ઉઝબેકિસ્તાન સહિત કેટલાયે મધ્ય એશિયાઈ નાના દેશો પાસેથી મદદ માગે છે.

**જેમાં ટ્રેન અને ફલાઈટ્સ પર પણ પ્રતિબંધ**

# આ છે વિશ્વની સૌથી અઘરી પરીક્ષા, જે 8 કલાક ચાલે છે



**પરીક્ષાના દિવસે, સમગ્ર દેશ ધ્યાન રાખે છે કે વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રો પર પહોંચવામાં વિલંબ ન થાય. સરકાર અને સ્થાનિક ટ્રાફિક પોલીસ ટ્રાફિક ઘટાડવા માટે કામ કરે છે. આ વખતે પરીક્ષા માટે 10,000થી વધુ પોલીસ અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા,પરીક્ષાના દિવસે શેરબજાર પણ મોડું ખૂલે છે**

(એજન્સી) સાઉથ કોરિયા તા 16

સાઉથ કોરિયામાં આ દિવસોમાં ચારે બાજુ શાંતિ છે. દેશભરના પાંચ લાખ વિદ્યાર્થીઓએ તેમના જીવનની સૌથી મહત્ત્વપૂર્ણ પરીક્ષા આપી હતી. વિશ્વની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક ગણાતી આ પરીક્ષા 8 કલાક સુધી ચાલે છે. આ યુનિવર્સિટી પ્લેસમેન્ટ ટેસ્ટ સુનેંગ ટેસ્ટ અથવા કૉલેજ સ્કોલાસ્ટિક એબિલિટી ટેસ્ટ (CSAT) તરીકે ઓળખાય છે. સાઉથ કોરિયામાં આ પરીક્ષા ગુરુવારે લેવામાં આવી હતી. જેને ધ્યાનમાં લઈને ત્યાંની સરકારે કન્સ્ટ્રક્શનની કામગીરી અટકાવી દીધી હતી, તેમજ વાહનોના હોર્ન મારવા પર પણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. આટલું જ નહિ ત્યાંના લોકો માટે આ પરીક્ષાની ગંભીરતા એટલી વધુ છે કે ફ્લાઈટ્સ પર પણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. એવામાં જાણીએ કે શું છે આ સુનેંગ ટેસ્ટ અને તેને શા માટે દુનિયાની સૌથી અઘરી પરીક્ષા કહેવામાં આવે છે. 80થી 107 મિનિટ એક વિષય માટે ફાળવવામાં આવે છે. તેમજ પરીક્ષામાં દરેક વિષય વચ્ચે 20 મિનિટનો ટૂંકો બ્રેક અને 50 મિનિટનો લંચ બ્રેક આપવામાં આવે છે. લંચ બ્રેક બાદ અંગ્રેજી પરીક્ષામાં સાંભળવાની પરીક્ષા હોય છે, જે દરમિયાન ઉમેદવારોએ જે સાંભળ્યું તેના આધારે જવાબો લખવાના હોય છે. આથી આ દિવસે ફ્લાઈટ્સ પણ બંધ કરવામાં આવે છે. તેમજ આ પરીક્ષામાં એકાગ્રતાની જરૂર હોવાથી વિદ્યાર્થીઓને જંક ફૂડ ન ખાવાની પણ સલાહ આપવામાં આવે છે. પરીક્ષાને ધ્યાનમાં રાખીને એક ડઝનથી વધુ વધારાની ટ્રેનોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી હતી. તેમજ ટ્રાફિકને ઘટાડવા માટે કંપનીઓને પણ સામાન્ય દિવસ કરતાં મોડું કામ શરુ કરવાની સૂચના આપવામાં આવે છે. આ દિવસે શેરબજાર પણ મોડું ખૂલે છે.

# અમેરિકામાં બેરોજગારીનું સંકટ..!: આ કારણે વિવેક રામાસ્વામીનો ચોંકાવનારો ખુલાસો

**નવા વિચારોને અવરોધે છે અને વિકાસને અવરોધે છે.**

(એજન્સી)અમેરિકા તા 16

લાખો બિનજરૂરી નોકરીઓ હટાવાશે! અમેરિકામાં આ વખતે તમામ સાત સ્વિંગ સ્ટેટ્સ જીત્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સમર્થકોની મજબૂત ટીમ તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે. ટ્રમ્પના નજીકના સહયોગી રામાસ્વામીએ ફ્લોરિડામાં એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, એલન મસ્ક અને હું ડીસી બ્યુરોક્રેસીમાંથી લાખો બિનજરૂરી નોકરીઓ દૂર કરવા જઈ રહ્યા છીએ. અમેરિકામાં સત્તા પરિવર્તન બાદ સંઘીય સરકારી નોકરીઓમાં ભારે ઘટાડો થઈ શકે છે. આંત્રપ્રિન્યોરમાંથી રાજકારણી બનેલા વિવેક રામાસ્વામીએ આ સંદેશ આપ્યો છે. રામાસ્વામીને ટેસ્લાના માલિક એલોન મસ્ક સાથે સરકારના કાર્યક્ષમતા વિભાગના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ભારતીય-અમેરિકન રામાસ્વામીએ ફ્લોરિડામાં એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, એલન મસ્ક અને હું ડીસી નોકરશાહીમાંથી લાખો બિનજરૂરી નોકરીઓ દૂર કરવા જઈ રહ્યા છીએ. આ રીતે આપણે આ દેશને બચાવીશું. તેણે આગળ કહ્યું, મને ખબર નથી કે તમે એલનને ઓળખો છો કે નહીં, પરંતુ તે છીણી નથી લાવતો, તે ચેનસો (મોટું કટર) લાવે છે. અમે તેને નોકરિયાત પાસે લઈ જઈશું અને તે ખૂબ જ મજા આવશે. બાઈડેનના શાસન પર કટાક્ષ કરતા રામાસ્વામીએ કહ્યું કે, અમે છેલ્લા ચાર વર્ષમાં સમજવા લાગ્યા છીએ કે અમે એક નબળું રાષ્ટ્ર છીએ, જેમ કે અમે રોમન સામ્રાજ્યના પતન સમયે હતા. પરંતુ હવે મને લાગે છે કે આપણે ફરી એક મહાન દેશ બનવા માટે આગળ વધી રહ્યા છીએ, જ્યાં આપણા સારા દિવસો આવવાના બાકી છે. રામાસ્વામીએ વધુમાં જણાવ્યું હતું કે હવે અમેરિકામાં બાળકોને શીખવવામાં આવશે કે તેઓ તેમની મહેનત, પ્રતિબદ્ધતા અને સમર્પણથી આગળ વધી શકે છે અને સૌથી લાયક વ્ત્તિને નોકરી મળશે, પછી ભલે તે કોઈપણ રંગનો હોય. રામાસ્વામીએ એ વાત પર વિશેષ ધ્યાન આપ્યું કે વધુ પડતી અમલદારશાહી નવા વિચારોને અવરોધે છે અને ખર્ચમાં વધારો કરે છે. તેમણે ખાસ કરીને યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ), ન્યુક્લિયર રેગ્યુલેટરી કમિશન (એનઆરસી) અને અન્ય એજન્સીઓની ટીકા કરતા કહ્યું કે આ એજન્સીઓ તેમની રોજિંદી ક્રિયાઓ દ્વારા નવા વિચારોને અવરોધે છે અને વિકાસને અવરોધે છે. સરકારના માળખામાં આ ફેરફાર એ સંદેશ આપે છે કે અમેરિકામાં મોટું પરિવર્તન થવાનું છે. આ વખતે તમામ સાત સ્વિંગ સ્ટેટ્સ જીત્યા બાદ ટ્રમ્પે પોતાના સમર્થકોની એક મજબૂત ટીમ તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે.



## હાઈકોર્ટે એસસી-એસટી એક્ટ હેઠળ જાતિ સૂચક શબ્દોને હટાવતાં કહ્યું

# ‘અપશબ્દો મનાતા આ શબ્દો જાતિ સૂચક નથી…’ રાજસ્થાન હાઈકોર્ટ

(એજન્સી) જેસલમેર । તા.16

રાજસ્થાન હાઈકોર્ટે અનુસૂચિત જાતિ-જનજાતિ એક્ટ હેઠળ નોંધાયેલા મામલામાં મોટો નિર્ણય સંભળાવ્યો છે. હાઈકોર્ટે એસસી-એસટી એક્ટ હેઠળ જાતિ સૂચક શબ્દોને હટાવતાં કહ્યું કે ભંગી, નીચ, ભિખારી અને મંગની જેવા શબ્દ જાતિસૂચક નથી.આ મામલો દબાણ હટાવવાની કાર્યવાહી દરમિયાન સરકારી કર્મચારીઓની સાથે થયેલી ચર્ચા સાથે જોડાયેલો છે. તે બાદ મામલો કોર્ટમાં પહોંચ્યો. કોર્ટે આ શબ્દોનો ઉપયોગ કરનાર ચાર આરોપીઓ વિરુદ્ધ લાગેલી એસસી-એસટી એક્ટની કલમને હટાવી દીધી. જજ વીરેન્દ્ર કુમારની બેન્ચે આ નિર્ણય 13 વર્ષ જૂના મામલે સંભળાવ્યો છે.મામલો જેસલમેર પોલીસ સ્ટેશનનો છે. અહીં 31 જાન્યુઆરી 2011એ એસસી-એસટી એક્ટ હેઠળ મામલો નોંધવામાં આવ્યો હતો. હરિશચંદ્ર અન્ય અધિકારીઓની સાથે અચલ સિંહ દ્વારા કરવામાં આવેલા દબાણની તપાસ કરવા ગયા હતા. જ્યારે તે વિસ્તારમાં સાઈટ માપી રહ્યા હતા ત્યારે અચલ સિંહ સરકારી અધિકારી હરીશ ચંદ્રને અપશબ્દ જેમાં મંગની, ભિખારી, નીચ અને ભંગી જેવા શબ્દ કહ્યાં હતાં. આની પર સરકારી અધિકારીઓ તરફથી અચલ સિંહ વિરુદ્ધ એસસી-એસટી એક્ટ હેઠળ પોલીસમાં કેસ નોંધાવ્યો હતો.



### અપીલકર્તાને કર્યા મુક્ત

હાઈકોર્ટે આદેશ આપ્યો કે ભંગી, મંગની, ભિખારી અને નીચ શબ્દ જાતિસૂચક નથી. આ એસસી, એસટી એક્ટમાં સામેલ હશે નહીં. દરમિયાન જાતિસૂચક શબ્દોના આરોપના મામલે અપીલકર્તાને મુક્ત કરવામાં આવ્યા.

### એસસી-એસટી એક્ટ હેઠળ લાગેલા આરોપને પડકાર આપ્યો

મામલામાં ચાર લોકો પર આરોપ લગાવવામાં આવ્યા હતા. આ ચારેયે એસસી-એસટી એક્ટ હેઠળ લાગેલા આરોપને પડકાર આપ્યો હતો. અપીલકર્તાઓનું કહેવું હતું કે પીડિતની જાતિ વિશે તેમને જાણકારી નહોતી. મામલાની સુનાવણીમાં અપીલકર્તાના વકીલ લીલાધર ખત્રીએ કહ્યું કે અપીલકર્તાની જાતિ વિશે જાણકારી નહોતી. આના કોઈ પુરાવા પણ મળ્યા નથી કે આવા શબ્દ બોલવામાં આવ્યા હોય અને આ ઘટના પણ જનતાની વચ્ચે થઈ હોય, દરમિયાન પોલીસની તપાસમાં જાતિસૂચક શબ્દોથી અપમાનિત કરવાનો આરોપ સાચો માનવામાં આવ્યો નથી.

## જમ્મુ-કાશ્મીરમાં આર્ટિકલ 370 મુદ્દે કોંગ્રેસનો યુ-ટર્ન, I.N.D.I.A.નો સાથીદાર ભડકતાં રાજકારણ ગરમાયું

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા આર્ટિકલ 370ને ફરી લાગુ કરવાની માગ બાદ જમ્મુ અને કાશ્મીરના કોંગ્રેસ પ્રમુખ તારિક હામિદ કર્રએ યુટર્ન લીધો છે. તેમણે કહ્યું કે, વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલા પ્રસ્તાવમાં આર્ટિકલ 370ને પાછી લાગુ કરવાની કોઈ માગ કરવામાં આવી નથી. અને તેનો ઉલ્લેખ પણ થયો નથી. કોંગ્રેસના આ યુટર્નની સત્તાધારી નેશનલ કોન્ફરન્સે ટીકાઓ કરી છે.નેશનલ કોન્ફરન્સના નેતા અને સાંસદ અગા રૂહુલ્લાએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં કહ્યું કે, વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલા પ્રસ્તાવને ખોટી રીતે રજૂ ન કરે. અગાએ જણાવ્યું કે, કોંગ્રેસે સ્પષ્ટતા કરવી જોઈએ કે, તેણે આર્ટિકલ 370ને પાછી અમલમાં મુકવા શું સ્ટેન્ડ લે છે. જમ્મુ અને કાશ્મીરના કોંગ્રેસ પ્રમુખ તારિક હામિદ કર્રએ જણાવ્યું કે, આ સપ્તાહે જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં આર્ટિકલ 370ને પરત અમલમાં મુકવાની માગ કરતો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. પરંતુ કોંગ્રેસે યુટર્ન લેતાં કહ્યું કે, આર્ટિકલ 370 પર સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ તેઓએ હવે કેવળ પૂર્ણ રાજ્યનો દરજ્જો પાછો મેળવવાની માગ કરી છે.ગત સપ્તાહે જમ્મુ અને કાશ્મીર વિધાનસભાને પૂર્ણ રાજ્યનો દરજ્જો અને બંધારણીય ગેરેંટીઓને પાછી અમલમાં મૂકવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આ પ્રસ્તાવનો ભાજપે વિરોધ કર્યો હતો. પરંતુ કોંગ્રેસના તમામ છ ધારાસભ્યોએ તેને સમર્થન આપ્યું હતું. કર્રએ જણાવ્યું કે, અમે પહેલાં જ કહી ચૂક્યા છીએ કે, સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ સૌથી મોટી માગ રાજ્યનો દરજ્જો આપવાની છે. ભાજપ આ મુદ્દાને તોડીમરોડી રજૂ કરી રહ્યું છે.

## 24 કલાક દરમિયાન ઘાટીના ઉપરના વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદ ચાલુ રહેશે

# સિઝનની પહેલી હિમવર્ષા, ઘાટીમાં બરફની ચાદર છવાઇ

(એજન્સી) જમ્મુ-કાશ્મીર । તા.16

શુક્રવારે જમ્મુ-કાશ્મીરમાં ઘાટીના ઉપરના વિસ્તારોમાં ફરી એકવાર હિમવર્ષા અને વરસાદ શરૂ થયો છે. જ્યારે નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ સાથે દિવસભર આકાશ ગાઢ વાદળછાયું રહ્યું હતું. જમ્મુ-કાશ્મીરમાં હવામાનની પેટર્ન બગડી છે. શુક્રવારે ઘાટીના ઉપરના વિસ્તારોમાં ફરી એકવાર હિમવર્ષા અને વરસાદ શરૂ થયો છે. જ્યારે શ્રીનગર સહિતના નીચાણવાળા વિસ્તારોમાં દિવસભર વરસાદ સાથે આકાશ ગોરંભાયેલું રહ્યું હતું. ઘાટીમાં બરફની ચાદર છવાઇ મળતી માહિતી મુજબ, હિમવર્ષા અને વરસાદને કારણે બાંદીપોરા-ગુરેઝ અને મુગલ રોડ પર વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો હતો, જ્યારે તાપમાનમાં ઘટાડો થતાં ઠંડીમાં વધારો થયો છે. ફરી એકવાર હિમવર્ષા અને વરસાદ શરૂ થયો. આ સાથે હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી 24 કલાક દરમિયાન ઘાટીના ઉપરના વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદ ચાલુ રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અફ્રાવત, રાજદંતોપ, સાધના ટોપ, સોનમર્ગ, ગુરેઝ, તંગદાર અને મુગલ રોડ પર વહેલી સવારથી શરૂ થયેલી હિમવર્ષા સતત ચાલુ રહી હતી.

હવામાન વિભાગે 17 નવેમ્બરથી હવામાનમાં સુધારો થવાની સંભાવના વ્યક્ત કરી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે સોમવારે હવામાનમાં પલટો આવ્યો હતો અને અફ્રાવત, ગુરેઝ, તુલાઈ, સોનમર્ગ, મુગલ રોડ સહિત મોટાભાગના ઊંચા પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા થઈ હતી જ્યારે ગયા મહિને સૂકું વાતાવરણ હતું.



### કાશ્મીરની ખીણો બરફની સફેદ ચાદરથી ઢંકાયેલી છે

કાશ્મીરની ખીણો બરફની સફેદ ચાદરથી ઢંકાયેલી છે. હિમવર્ષાના કારણે પ્રવાસીઓમાં ખુશીની લહેર જોવા મળી રહી છે અને તેઓ હિમવર્ષાની મજા માણવા કાશ્મીર પહોંચી રહ્યા છે. પૃથ્વી પરના સ્વર્ગને જોવા માટે પ્રવાસીઓ આવી રહ્યા છે.

## બજાજ એનર્જી અને LPGCLના CSR પ્રયાસોને જળ વ્યવસ્થાપનમાં શ્રેષ્ઠતા માટે પ્રતિષ્ઠિત CII નેશનલ એવોર્ડ મળ્યો




મુંબઈ : બજાજ એનર્જીના એક વિભાગ લલિતપુર પાવર જનરેશન કંપની લિમિટેડ (LPGCL)ને બજાજ ફાઉન્ડેશનના CSR કાર્યક્રમો હેઠળ વર્ષ 2024 માટે જળ વ્યવસ્થાપનમાં ખાતરીપૂર્વકની શ્રેષ્ઠતા માટે CII રાષ્ટ્રીય પુરસ્કારના રૂપમાં વિશેષ માન્યતા પ્રાપ્ત થઈ છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કાર હેઠળ, LPGCLને સમુદાય વિકાસ, જળ સંસાધન વ્યવસ્થાપન અને ટકાઉ કૃષિ ક્ષેત્રે તેના સમર્પિત પ્રયાસો માટે ‘બિયોન્ડ ધ ફેન્સ‘ શ્રેણીમાં ઓળખવામાં આવી હતી, જે બજાજ જૂથની જળ સંરક્ષણ અને ટકાઉ વિકાસ પ્રત્યેની જબરદસ્ત પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે . બજાજ ફાઉન્ડેશને વર્ધા અને લલિતપુરમાં ચાલતા વિવિધ પ્રોજેક્ટ્સ દ્વારા જળ સંસાધન વિકાસ દ્વારા સ્થાનિક સમુદાયોના આત્મનિર્ભરતા અને વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. LPGCL- EHS વિભાગ તરફથી P.K. બજાજ ફાઉન્ડેશન, લલિતપુરના સિંઘ અને રાજેન્દ્ર સિંહ ખાટેરિયાએ આ મહત્વપૂર્ણ સન્માન સ્વીકાર્યું, જે બજાજ જૂથની અનન્ય દ્રષ્ટિ અને સમુદાય સેવા પ્રત્યેના સમર્પણનો ઉત્તમ પ્રમાણપત્ર છે. બજાજ ગ્રૂપના સ્થાપક જમનાલાલ બજાજની સામાજિક સેવા અને ઉદારતાના મહાન વારસાને સમૃદ્ધ બનાવતા, બજાજ ફાઉન્ડેશન તેની CSR પ્રવૃત્તિઓ દ્વારા ટકાઉ વિકાસને આગળ ધપાવવાનું ચાલુ રાખે છે. આ પ્રયાસોના સંદર્ભમાં એલપીજીસીએલના સીઈઓ એ. એન. સારે કહ્યું, “આ પુરસ્કાર અમારા સમર્પિત કર્મચારીઓની પ્રતિબદ્ધતા અને વિઝનની માન્યતા છે.

## ડિજિટલ અરેસ્ટનો શિકાર થયા વૃદ્ધ, પાર્સલમાં પ્રતિબંધિત દવા છે કહીને 10 કરોડ પડાવી લીધા

**ડિજિટલ એરેસ્ટ જેવું કશું નથી : છતાં લોકો ગભરાય છે**

દિલ્હી : દિલ્હીના રોહિણીમાં રહેતા એક 70 વર્ષીય વૃદ્ધની જીવનભરની કમાણી છેતરપિંડી આચરનારાઓએ થોડીક જ મિનિટોમાં છીનવી લીધી હતી. આ માટે સાયબર અપરાધીઓએ સૌથી પહેલા વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કર્યા હતાં અને ત્યારબાદ 10 કરોડ રૂપિયાથી વધુ રકમ ટ્રાન્સફર કરાવી લીધી હતી. ડિજિટલ એરેસ્ટ જેવું કશું જ નથી તેમ સરકારો અને કેન્દ્રીય એજન્સીઓના વારંવાર કહેવા છતાં લોકો ગભરાય છે અને છેતરાઈ જાય છે.

સાયબર ક્રિમિનલોએ વૃદ્ધને જણાવ્યું હતું કે તેમના નામે આવેલા પાર્સલમાં તાઈવાનથી અનેક પ્રતિબંધિત દવાઓ આવી છે. વૃદ્ધ ડરી ગયા અને પછી ક્રિમિનલોએ પોલીસ બનીને ખાતાઓમાં જમા રકમ એક હજારથી વધારે અલગ અલગ ખાતાઓમાં જમા કરાવી લીધી હતી.ક્રિમિનલોએ રિટાયર્ડ એન્જિનિયર પાસેથી 10 કરોડ 30 લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા છે. પોલીસ અત્યાર સુધીમાં ફક્ત 60 લાખ રૂપિયાની જ રકમ ફ્રીઝ કરાવી શકે છે. ક્રિમિનલોએ લગભગ અડધા કલાક સુધી પીડિતને વીડિયો કેમેરાની સામે બેસી રહેવા મજબૂર કર્યા હતાં આ દરમિયાન સમગ્ર પરિવારને કેસમાં ફસાવવાની ધમકી આપી હતી.

## લગ્નનો માહોલ માતમમાં ફેરવાયો, કારની ટક્કરમાં ટેમ્પો ખીણમાં ખાબકતાં યુપીમાં 7નાં દર્દનાક મોત

યુપી : ના બિજનૌરના ધામપુર વિસ્તારમાં એક પૂરપાટ ઝડપે દોડતી કારે ટેમ્પોને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે ટેમ્પોમાં મુસાફરી કરી રહેલા 7 લોકોના દર્દનાક મૃત્યુ થઈ ગયા હતા. જ્યારે બેની હાલત ગંભીર જણાવાઈ રહી છે. મૃતકોમાં એક વરરાજા અને દુલ્હન પણ સામેલ હોવાની જાણકારી મળી છે. માહિતી મળતા પોલીસ ઘટનાસ્થળે ધસી આવી હતી અને ઘાયલોને હોસ્પિટલ પહોંચાડ્યા હતા. તમામ મૃતદેહોને કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. બિજનૌરના ધામપુર પોલીસ સ્ટેશન વિસ્તારના બાયપાસ રોડ પર મોડી રાતે 2 વાગ્યે એક પૂરપાટ ઝડપે દોડતી કારે ટેમ્પોને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર બાદ ટેમ્પો રોડની બાજુમાં ખીણમાં ખાબકી ગઈ હતી.

## મહારાષ્ટ્રમાં ટ્રકનુ ચેકીંગ કરતા પોલીસ દંગ, 80 કરોડની ચાંદી મળી

**શંકાના આધારે પોલીસે વાહનને રોકીને તેની તલાશી લીધી હતી**

મુંબઈ : ચૂંટણી આડે આંગળીના ટેરવે ગણી શકાય તેટલા દિવસો બાકી છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં 20 નવેમ્બરે મતદાન યોજાવાનું છે. ચૂંટણીને ધ્યાનમાં રાખીને તમામ તપાસ એજન્સીઓ હાલ કામે વળગી ગઇ છે. પોલીસ તમામ નાની નાની ગતીવિધીઓ પર અને ચપ્પા ચપ્પા પર બાઝ નજર રાખી રહી છે. આ તમામ વચ્ચે મુંબઇ પોલીસના હાથે એક ટ્રક ચઢ્યો જેમાં 8,476 કિલો ચાંદી મળતા જ પોલીસની આંખો પહોળી થઇ ગઇ હતી.આ ચાંદીની કિંમત 80 કરોડની હોવાનું માનવામાં આવી રહ્યુ છે. આટલા મોટા પ્રમાણમાં આ ચાંદી આવી ક્યાંથી તમામ એજન્સીઓ આ વાતને લઈને એલર્ટ થઈ ગઇ છે. મહારાષ્ટ્રમાં ચૂંટણી ટાણે જ કેશ અને અવૈધ સંપત્તિ પર વિશેષ નજર રાખવામાં આવી રહી છે.પ્રાપ્ત વિગતો અનુસાર માનખુર્દ પોલીસે વાશી ચેકપોસ્ટ પાસે નાકાબંધી કરી હતી. આ દરમિયાન પોલીસની ટીમ આવતા-જતા વાહનોનું ચેકિંગ કરી રહી હતી. પોલીસના જણાવ્યા અનુસાર શુક્રવારે મોડી રાત્રે વાશી ચેકપોસ્ટ નજીકથી એક શંકાસ્પદ ટ્રક પસાર થઈ રહ્યો હતો. શંકાના આધારે પોલીસે વાહનને રોકીને તેની તલાશી લીધી હતી.

## પાંચ વર્ષમાં ભારતમાં ૩.૩૮ કરોડ નવી નોકરીઓનું સર્જન થશે : રિપોર્ટ

નવી દિલ્હી : ભારતમાં ૨૦૨૮ સુધી નોકરીઓની સંખ્યામાં જોરદાર ઉછાળો થવાનો અંદાજ એક રિપોર્ટમાં મૂકવામાં આવ્યો છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે આગામી પાંચ વર્ષમાં ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કારણે લાખો નવી નોકરીઓ પેદા થશે. સર્વિસનાઉના રિપોર્ટ અનુસાર ભારતમાં ૨૦૨૮ સુધી નોકરિયાતોની સંખ્યા વધીને ૪૫.૭૨ કરોડ થઈ જશે. જ્યારે ૨૦૨૩માં આ સંખ્યા ૪૨.૩૭ કરોડ હતી.

**પશ્ચિમ રેલ્વે**

**બાંધકામનું કામ**

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) II, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004 ટેન્ડર નંબર આમંત્રિત કરે છેઃ- Dy.CE(C)/BRC/DB-SMLA/08. કામનું નામ :- સ્ટેશન બિલ્ડિંગનું બાંધકામ, કવરિંગ શેડ, પેસેન્જર/સામાન પ્લેટફોર્મ પેસેન્જર સુવિધાઓ, ફૂટ ઓવર બ્રિજ, ઈલેક્ટ્રિકલ/એસ એન્ડ ટી સ્ટ્રક્ચર્સના સર્વિસ બિલ્ડિંગનું બાંધકામ, સ્ટાફ ક્વાર્ટર્સ, ફરતો વિસ્તાર, આરસીસી રોડ, હેડ ટાંકી ઉપર આરસીસી, યાર્ડ વચ્ચે ગેજ રૂપાંતરણના સંબંધમાં સૂચિત લોટના સ્ટેશન (બી-ક્લાસ) પર ગટર અને અન્ય પરચુરણ કામો પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન પર MYG-DB-SMLA GC(96.46 કિમી) પ્રોજેક્ટ. કાર્યનું અંદાજીત ખર્ચ :- રૂ: 17,44,61,360.22. ઈએમડી :- રૂ: 1022300/-. બિડિંગ માટે ઓનલાઈન ટેન્ડર ની ઉપલબ્ધતા:- 21-11-2024 એ 11:00 કલાક થી 06-12-2024 એ 15:00 કલાક સુધી . અન્ય માહિતી માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો . 0747

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## દિલ્હીમાં પ્રદૂષણની અસર : સરકારી વિભાગોના સમયમાં ફેરફાર

નવી દિલ્હી : ટ્રાફિકની સમસ્યા ઘટાડવા અને પ્રદૂષણના વધતા સ્તરને ઓછું કરવા દિલ્હીના વિભિન્ન વિભાગો માટે ઓફિસ આવવા અને જવાના સમયમાં ફેરફારની જાહેરાત કરવામાં આવી છે. દિલ્હીના મુખ્યપ્રધાન આતિશીએ એક્સ પર એક પોસ્ટમાં આ સંબધમાં માહિતી આપી હતી. આ નવા આદેશ અનુસાર ટ્રાફિક અને વાયુ પ્રદૂષણને ઘટાડવામાં મદદ માટે દિલ્હી સરકારની ઓફિસો વ્યસ્ત સમયમાં અલગ અલગ કામના કલાકોનું પાલન કરશે. આ આદેશ તાત્કાલિક અસરથી અમલમાં મૂકવામાં આવ્યો છે. નવા આદેશ મુજબ દિલ્હી નગર નિગમના કર્મચારીએ માટે ઓફિસનો સમય સવારે ૮.૩૦થી સાંજે ૫.૦૦ સુધી રહેશે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ઓફિસનો સમય સવારે ૯.૦૦ થી સાંજે ૫.૩૦ સુધી રહેશે.

# દેશના અનેક શહેરોના તાપમાનમાં ઘટાડો, આગામી દિવસોમાં પડશે હાડ થીજવતી ઠંડી

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ગુજરાતમાં ધીમે ધીમે ઠંડી પડવાની શરૂઆત થઈ રહી છે. જો કે, કેટલાક શહેરોમાં બપોરના સમયે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.

પરંતુ ઘણાં વિસ્તારોમાં સાંજ પડતાની સાથે ઠંડી પડવા લાગી છે. નવેમ્બરના 15 દિવસ વીતી ચૂક્યા છે, પરંતુ હજુ પણ અપેક્ષિત ઠંડી શરૂ થઈ નથી. માત્ર સવારે અને રાત્રે જ હળવી ઠંડી હોય છે. જેના કારણે ગુજરાતમાં બેવડી ઋતુનો અહેસાસ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ચાર-પાંચ દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. હવામાન વિભાગે અનુસાર, અમરેલી, નલિયા, વડોદરા અને મહુવામાં લઘુત્તમ તાપમાન 18 ડિગ્રીથી નીચે નોંધાયું હતું. જ્યારે



અમદાવાદમાં સૌથી વધુ તાપમાન 34.5 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 19.9 ડિગ્રી નોંધાયું હતું. અમરેલીમાં 17 ડિગ્રી, નલિયામાં 17.5 ડિગ્રી, મહુવામાં 17.5 ડિગ્રી, વડોદરામાં 17.6 ડિગ્રી, કંડલા પોર્ટમાં 18.2 ડિગ્રી, ડીસામાં 19 ડિગ્રી, પોરબંદરમાં 19 ડિગ્રી, ગાંધીનગરમાં 19.2 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કેશોદમાં 19.4 ડિગ્રી, ભાવનગરમાં 19.8 ડિગ્રી, અમદાવાદમાં 19.9 ડિગ્રી, ભુજમાં 19.9 ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં 20 ડિગ્રી, સુરતમાં 23.1 ડિગ્રી, દેવભૂમિ દ્વારકામાં 23.4 ડિગ્રી અને ઓખામાં 25 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી અનુસાર, આગામી દિવસોમાં રેકોર્ડ બ્રેક ઠંડી પડે તેવી શક્યતા છે. જ્યાં સુધી મજબૂત પશ્ચિમી વિક્ષેપ નહીં આવે ત્યાં સુધી ઠંડી પડવાની શક્યતા નહીંવત છે.

**ઉજ્જિવન સ્મોલ ફાઇનાન્સ બેંક**

રજિસ્ટર્ડ ઓફિસ :- ગ્રેપ ગાર્ડન , નં 27, 3જો એ ક્રોસ , 18મી મેઈન , 6ઠો માળ , કોરામંગલા, બેંગલુરુ 560095 કર્ણાટક
રિજનલ ઓફિસઃ- 7મો માળ, અલમોન્ટે આઈટી પાર્ક , ક્રમ નં 8, ખારડી-મુંઢાવા બાયપાસ , ખારડી ગામ, પૂણે 411014

**પઝેશન નોટિસ**

જ્યારે ઉજ્જિવન સ્મોલ ફાઇનાન્સ બેંકના અધિકૃત અધિકારી નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઈઝેશન અને પુનઃનિર્માણ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002ના અમલ અને કલમ 13(12) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ હેઠળ જારી કરાયેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો 2002ના નિયમ 3 સાથે વાંચે છે. ઉધાર લેનારા/કો-ઉધાર લેનારાઓને ડિમાન્ડ નોટિસ, ઉધાર લેનારાઓને સંબંધિત નામો સામે ઉલ્લેખિત રકમ સાથે તેના પર વ્યાજ સાથે ચૂકવણી કરવા માટે આહવાન કરવામાં આવે છે, જે ઉક્ત નોટિસમાં ઉલ્લેખિત છે તે પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર લાગુ પડે છે. ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી લાગુ પડતાં ભાવિ વ્યાજ સાથે નોટિસ, આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જ વગેરે.

| ક્રમ નં. | લોન નં. | ઉધાર લેનાર/સહ-ઉધાર લેનાર/જામીનદાર/ગીરવે મુકનાર ના નામ | 13(2) મુજબ નોટિસ તારીખ/બાકી નિકળતાં લેણાં (રૂ મા) | કબજેની તારીખ અને પ્રકાર |
|---|---|---|---|---|
| 1 | 44483230050000004 | 1) સિધ્ધિ વિનાયક એન્ટરપ્રાઈઝ જે નિવાસી છે , એ 184, માર્કેટિંગ યાર્ડ, બેડી ગામ, રાજકોટ ગુજરાત 3600003 2) અમલાણી નારણભાઈ વિષ્ણુભાઈ, 3) અમલાણી જીલ નારણભાઈ , 4) અમલાણી ચેતન નારણભાઈ, 5) અમલાણી શીલા જીલભાઈ,જેઓ બધા રહે છે , કુબેર , 12/8 કોર્નર , જંકશન પ્લોટ , શાંતિ ક્લીનિક હોસ્પિટલ સામે , રાજકોટ ગુજરાત 360001 | 27-09-2024 / રૂ:1,25,35,355 21-08-2024ના રોજ | 12-11-2024 / કબ્જે |

**સ્થાવર મિલકતનું વર્ણન :-** સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ જેમાં 970-02 ચોરસ મીટર સામૂહિક રીતે પ્લોટ નંબર 1 બિછાવેલી 1757-77 ચોરસ મીટર જમીન પર બાંધવામાં આવેલ અને રેવન્યુ સર્વે નંબર 68/ પર સ્થિત કોલ્ડ સ્ટોરેજનો સમાવેશ થાય છે. મોરબી જીલ્લા ગુજરાતના ટંકારા તાલુકાના છાતર ગામની 5. ઉત્તર તરીકે બાઉન્ડેડઃ- રોડ, સોહ6:- વિશેષણ સર્વે નંબર 68 પાઈકી, પૂર્વ:- વિશેષણ સર્વે નંબર 65 પાઈકી, પશ્ચિમઃ- સામાન્ય પ્લોટ, અમલાણી જીલ નારણભાઈની માલિકીનો.

જ્યારે ઉપરોક્ત ઉલ્લેખિત ઋણ લેનાર/સહ ઋણ લેનાર/જામીનદાર/ગીરો, રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. ઉપર દર્શાવેલ તારીખે ઉપરોક્ત નિયમોના નિયમ 8 સાથે વાંચેલા આ અધિનિયમની કલમ 13(4) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાના ઉપયોગ માટે અહીં વર્ણવેલ મિલકતો/સુરક્ષિત અસ્કયામતોનો કબજો. ઋણ લેનાર અને સહ-ઉધાર લેનાર/ગીરોનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં અધિનિયમની કલમ 13 ની પેટા-કલમ (8) ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે. ઉપરોક્ત ઉપરોક્ત ઉધાર લેનારા/સહ-ઉધાર લેનાર/જામીનદારો/ગીરોને ખાસ કરીને અને સામાન્ય રીતે લોકોને આથી ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત અસ્કયામતો સાથે વ્યવહાર ન કરવો તે ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેંકના ચાર્જને આધીન રહેશે.

સ્થળઃ- ગુજરાત, તારીખ :- 12-11-2024 Sd/- અધિકૃત અધિકારી,ઉજ્જીવન સ્મોલ ફાઇનાન્સ બેંક

**પ્રેશર સેન્સિટિવ સિસ્ટમ (ભારત) લિમિટેડ**

CIN:- L90002GJ1987PLC143792
રજિસ્ટર્ડ ઓફિસ :- 441, બ્લોક સી 1/1 ટીપીએસ 14, સુમેલ 11, ઈન્ડિયન ટેક્સટાઈલ પ્લાઝા , શાહિબાગ, અમદાવાદ , અમદાવાદ સિટી , ગુજરાત ભારત 380004
એડ્મિનિસ્ટ્રેશન ઓફિસ :- 441, બ્લોક સી 1/1 ટીપીએસ 14, સુમેલ 11, ઈન્ડિયન ટેક્સટાઈલ પ્લાઝા , શાહિબાગ, અમદાવાદ , અમદાવાદ સિટી , ગુજરાત ભારત 380004
ઈમેલ :- pressuresensitive@gmail.com

**30 સપ્ટેમ્બર 2024 ના રોજ સમાપ્ત થયેલા ક્વાર્ટર માટે બિન-ઓડિટેડ એકલ નાણાકીય પરિણામોનો અર્ક**

(રૂપિયા લાખમાં ઈપીએસ સિવાય)

| ખાસ | 30-09-2024 ના રોજ સમાપ્ત થયેલ ક્વાર્ટર | 31-03-2024 ના રોજ સમાપ્ત થયેલ વર્ષનું | 30-09-2023 ના રોજ સમાપ્ત થયેલ ક્વાર્ટર |
|---|---|---|---|
| | અન-ઓડિટેડ | ઓડિટેડ | અન-ઓડિટેડ |
| કામગીરીમાંથી કુલ આવક. | 548.83 | 13.25 | - |
| કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો (અસાધારણ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી). | 155.01 | (0.49) | - |
| કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો (અસાધારણ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી.) | 118.31 | (0.49) | - |

**30 સપ્ટેમ્બર 2024 ના રોજ સમાપ્ત થયેલા ક્વાર્ટર માટે બિન-ઓડિટેડ એકીકૃત નાણાકીય પરિણામોનો અર્ક**

(રૂપિયા લાખમાં ઈપીએસ સિવાય)

| ખાસ | 30-09-2024 ના રોજ સમાપ્ત થયેલ ક્વાર્ટર | 31-03-2024 ના રોજ સમાપ્ત થયેલ વર્ષ | 30-09-2023 ના રોજ સમાપ્ત થયેલ ક્વાર્ટર |
|---|---|---|---|
| | અન-ઓડિટેડ | ઓડિટેડ | અન-ઓડિટેડ |
| કુલ કામગીરી થી આવક | 548.83 | 34,917.87 | 3,497.50 |
| સમયગાળા માટે ચોખ્ખો નફો/(નુકસાન) (કર અસાધારણ અને/અથવા અસાધારણ વસ્તુઓ પહેલાં) | 137.62 | 14,148.78 | 3,366.24 |
| કર પહેલાના સમયગાળા માટે ચોખ્ખો નફો/(નુકસાન) (અસાધારણ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી) | 137.62 | 14,148.78 | 3,366.24 |
| કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો/(નુકસાન) (અસાધારણ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી) | 100.92 | 14,148.78 | 3,366.24 |
| સમયગાળા માટે કુલ વ્યાપક આવક [તે સમયગાળા માટે નફો/(નુકશાન) (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી)] | 100.92 | 14,148.78 | 3,366.24 |
| ઈક્વિટી શેર મૂડી | 1483.27 | 1483.27 | 1483.27 |
| અનામત (પાછલા વર્ષની ઓડિટેડ બેલેન્સ શીટ મુજબ પુનઃમૂલ્યાંકન અનામત સિવાય) | - | 3,440.95 | - |
| શેર દીઠ કમાણી (ચાલુ અને બંધ કામગીરી માટે) મૂળભૂતઃ- (સમાપ્ત ત્રિમાસિક માટે વાર્ષિક નથી) | 0.07 | 9.54 | 2.27 |
| પાતળું :- (સમાપ્ત ત્રિમાસિક માટે વાર્ષિક નથી) | 0.07 | 9.54 | 2.27 |

નોંધઃ-
1. સેબી (સૂચિબદ્ધ જવાબદારી અને જાહેરાતની આવશ્યકતાઓ) નિયમન 2015 ના નિયમન 33 મુજબ. ઉપરોક્ત પાછલા વર્ષના ઈન્ડ એએસ સુસંગત અનુરૂપ આંકડાઓ સમીક્ષાને આધિન નથી જો કે મેનેજમેન્ટે આવા નાણાકીય પરિણામો સાચા પૂરા પાડે તેની ખાતરી કરવા માટે જરૂરી ખંતનો ઉપયોગ કર્યો છે.
2. બિન-ઓડિટેડ એકલ નાણાકીય પરિણામોની વધારાની માહિતી નીચે મુજબ છે.

પ્રેશર સેન્સિટિવ સિસ્ટમ (ભારત) લિમિટેડ .
Sd/-
અંજલી નાયર
ડાયરેક્ટર
DIN:- 08620386

તારીખ :- નવેમ્બર 14, 2024
સ્થળ :- અમદાવાદ

# સિટી એક્સપ્રેસ

SUNDAY 17 NOVEMBER-2024

AHMEDABAD






# 22 માળના ઈસ્કોન પ્લેટિનમમાં આગ

## એક મહિલાનું મોત, 37નું રેસ્ક્યૂ કરાયું, 21 ઈજાગ્રસ્ત







### કેવી રીતે લાગી આગ?

બિલ્ડિંગમાં આખરે આગ કેવી રીતે લાગી તે અંગે વિવિધ ત્રણ કારણોની ચર્ચા છે. ફાયર વિભાગનું કહેવું છે કે શોર્ટ શર્કિટના કારણે આગ લાગી હતી. જ્યારે સ્થાનિક લોકોનું કહેવું છે કે બાળકોએ ફટાકડા ડક લાઈનમાં નાખ્યા હોવાથી આગ લાગી હતી, જે બાદમાં અન્ય માળમાં ફેલાઈ હતી.તો અન્ય એક કારણ એવું પણ ચર્ચાય છે કે આઠમાં માળ પર આવેલા એક ઘરની બહાર ટેબલ પર મુકવામાં આવેલા દિવાના કારણે આગ લાગી હતી. હાલ તો આગ લાગવાનું સાચુ કારણ જાણવા ફાયર વિભાગ તપાસ કરી રહી છે.

### આગમાં ફસાયેલા 200થી વધુ લોકોનો બચાવ

રહેણાક બિલ્ડિંગ હોવાથી 200થી વધુ લોકો ફસાયા હતા, જેના પગલે ચીફ ફાયર ઓફિસર અને એડિશનલ ચીફ ફાયર ઓફિસર તેમજ ડિવિઝનલ ફાયર ઓફિસર સહિત 50થી વધુ ફાયર જવાનોનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ફાયરબ્રિગેડ દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાના પ્રયાસો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં બિલ્ડિંગમાં ફસાયેલા લોકોને સહી સલામત રેસ્ક્યૂ કરી બહાર કાઢવામાં આવ્યા હતા.



### M અને N બ્લોક જોઈન્ટ હોવાના કારણે મોટી જાનહાનિ ટળી, બચી ગયેલા લોકોએ કહ્યું- 'ધુમાડાના કારણે કંઈ દેખાતુ જ ન હતું'

(એજન્સી) અમદાવાદ । તા.16

અમદાવાદના બોપલ વિસ્તારમાં શુક્રવારે રાત્રે રહેણાંક બિલ્ડિંગમાં ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. 22 માળના ઈસ્કોન પ્લેટિનમ બિલ્ડિંગના M બ્લોકમાં આગ લાગી હતી. બિલ્ડિંગના સાતમાં અને આઠમાં માળ વચ્ચે લાગેલી આગ 22માં માળ સુધી પ્રસરી હતી. ફાયર વિભાગની ટીમ દ્વારા 37 લોકોનું રેસ્ક્યૂ કરાયું હતું. આ ઘટનામાં એક મહિલાના મોતનું મૃત્યુ નિપજ્યું છે. જ્યારે 21 લોકો હજુ સારવાર હેઠળ છે. ફાયર વિભાગની 12 જેટલી ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી. શહેરના બોપલ વિસ્તારમાં 22 માળના ઈસ્કોન પ્લેટિનમ બિલ્ડિંગના M બ્લોકમાં આગ લાગી હતી. આગને કારણે 8માં માળથી 22મા માળ સુધીના દરેક ફ્લોર પરના પહેલા બે ફ્લેટને અસર થઈ હતી. એમ કુલ 30 ફ્લેટને અસર થઈ હતી. આગ લાગતા જ ફાયર વિભાગની 12 જેટલી ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી અને આગ પર કાબુ મળવ્યો હતો. સારવાર દરમિયાન એક મહિલાનું મૃત્યુ ફાયર વિભાગની ટીમ દ્વારા બારીના કાચ તોડીને ફસાયેલા 37 લોકોને સુરક્ષિત બહાર કાઢી લેવાયા હતા. પોલીસની જુદી-જુદી ટીમ બનાવી અશકત અને ઈજા પામેલને સ્ટ્રેચર વડે M તથા N બિલ્ડિંગની સીડી નીચે ઉતારીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. 21 જેટલા લોકો સારવાર હેઠળ હતા, જેમાં 64 વર્ષીય મીનાબેન શાહનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. જ્યારે અન્ય લોકોને જરૂરીયત મુજબ સારવાર ચાલુ રાખી હોસ્પીટલ માથી રજા આપવામાં આવી છે.

### આઠમા માળની આગ 22મા માળ સુધી પહોંચી

ફાયર વિભાગની ભારે જહેમત બાદ બોપલના ઈસ્કોન પ્લેટિનિયમ ફ્લેટમાં લાગેલી આગ કાબૂમાં આવી હતી. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ, આઠમા માળે ઈલેક્ટ્રિક ડકમાં આગ લાગી હતી, જેમાં આગ ધીમે-ધીમે પ્રસરીને 22મા માળ સુધી પહોંચી ગઈ હતી. આઠમા માળની ઈલેક્ટ્રિક ડકની આગે 1 અને 4 નંબરના ફ્લેટને ઝપેટમાં લઈ લીધા હતા. એ આગ વધુ ભીષણ બનતાં આઠમા માળથી 22મા માળ સુધી પહોંચી ગઈ હતી. આ ઘટનામાં 17મા માળનો એક ફ્લેટનો તમામ સરસામાન બળીને ખાખ થઈ ગયો છે, સાથે જ બે લોકોને ઈજા પહોંચતાં 108 મારફત સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.

# ગુજરાતમાં ઠંડીનો ચમકારો! અનેક શહેરોના તાપમાનમાં ઘટાડો

## આગામી દિવસોમાં પડશે હાડ થીજવતી ઠંડી

(એજન્સી) અમદાવાદ । તા.16

ગુજરાતમાં ધીમે ધીમે ઠંડી પડવાની શરુઆત થઈ રહી છે. જો કે, કેટલાક શહેરોમાં બપોરના સમયે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. પરંતુ ઘણાં વિસ્તારોમાં સાંજ પડતાંની સાથે ઠંડી પડવા લાગી છે. નવેમ્બરના 15 દિવસ વીતી ચૂક્યા છે, પરંતુ હજુ પણ અપેક્ષિત ઠંડી શરુ થઈ નથી. માત્ર સવારે અને રાત્રે જ હળવી ઠંડી હોય છે. જેના કારણે ગુજરાતમાં બેવડી ઋતુનો અહેસાસ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ચાર-પાંચ દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી અનુસાર, આગામી દિવસોમાં રેકોર્ડ બ્રેક ઠંડી પડે તેવી શક્યતા છે. જ્યાં સુધી મજબૂત પશ્ચિમી વિક્ષેપ નહીં આવે ત્યાં સુધી ઠંડી પડવાની શક્યતા નહીંવત છે.



### આ શહેરોના તાપમાનમાં ઘટાડો

અમરેલી, નલિયા, વડોદરા અને મહુવામાં લઘુત્તમ તાપમાન 18 ડિગ્રીથી નીચે નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં સૌથી વધુ તાપમાન 34.5 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 19.9 ડિગ્રી નોંધાયું હતું. અમરેલીમાં 17 ડિગ્રી, નલિયામાં 17.5 ડિગ્રી, મહુવામાં 17.5 ડિગ્રી, વડોદરામાં 17.6 ડિગ્રી, કંડલા પૉર્ટમાં 18.2 ડિગ્રી, ડીસામાં 19 ડિગ્રી, પોરબંદરમાં 19 ડિગ્રી, ગાંધીનગરમાં 19.2 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કેશોદમાં 19.4 ડિગ્રી, ભાવનગરમાં 19.8 ડિગ્રી, અમદાવાદમાં 19.9 ડિગ્રી, ભુજમાં 19.9 ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં 20 ડિગ્રી, સુરતમાં 23.1 ડિગ્રી, દેવભૂમિ દ્વારકામાં 23.4 ડિગ્રી અને ઓખામાં 25 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

# શિયાળામાં વિદ્યાર્થીઓને રાહત: ખાસ પ્રકાર-કલરના ગરમ કપડા પહેરવાની શાળાઓ નહીં પાડી શકે ફરજ

(એજન્સી) ગાંધીનગર । તા.16

રાજ્યમાં હાલ શિયાળો અને ઉનાળો બેવડી સિઝનનો અહેસાસ થઈ રહ્યો છે, જેમાં વહેલી સવારે અને રાત્રીના સમયે ઠંડી અને બપોરે ગરમી અનુભવાય છે. જો કે, શિયાળાની ઋતુની શરૂઆતમાં ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે, ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા અમદાવાદની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓને ગણવેશ સિવાયના રંગીન એટલે કે ગરમ કપડા પહેરવાની છૂટ આપવા અંગે શાળાને સૂચના આપવામાં આવી છે. ઠંડીમાં વિદ્યાર્થી ગણવેશ સિવાય કોઈપણ ગરમ કપડા પહેરે તો માન્ય રાખવું રાજ્યમાં અમદાવાદ સહિત અનેક શહેરી અને ગામડાના વિસ્તારોમાં ઠંડીની સાથે-સાથે ઠંડા પવનો પણ ફુંકાઈ છે. તેવામાં અમદાવાદ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીના સ્વાસ્થ્ય અને હિતને ધ્યાનમાં રાખીને મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ઠંડીની સિઝનમાં વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી જે પણ ગરમ કપડા પહેરીને આવે તો તેને માન્ય રાખવા અંગે સૂચના આપવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિરી પ્રમાણે, શાળા દ્વારા વિદ્યાર્થીઓને ફરજીયાતપણે આ રંગના ગરમ કપડા પહેરીને લાવવા તે અંગે દબાણ કરી શકશે નહીં. આ સાથે જો શાળાના ગણવેશમાં સ્વેટર હોય તો અમૂક ચોક્કસ દુકાનોમાંથી ખરીદવા માટે દબાણ કરવું નહીં. જેમાં શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા ઠરાવ વિરુદ્ધમાં કોઈ શાળા જશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# એરપોર્ટ આઈકોનીક રોડલાઈનના અસરગ્રસ્તોને રુપિયા ૪.૫૧ કરોડનો TDR ચૂકવવા નિર્ણય

(એજન્સી) અમદાવાદ । તા.16

અમદાવાદમાં એરપોર્ટ સર્કલથી ઈન્દિરાબ્રિજ સર્કલસુધી આઈકોનીક રોડ બનાવામાં આવ્યો છે. આઈકોનીક રોડ બનાવવા મ્યુનિ. તંત્રે રોડલાઈન અમલ માટે સંપાદીત કરેલી જગ્યાના અસરગ્રસ્તોને રુપિયા ૪.૫૧ કરોડના ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઈટસ ચૂકવવા સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપી છે.રોડલાઈનના અમલ માટે સંપાદીત કરવામાં જગ્યા પૈકી મોટાભાગની સરકારની માલિકી કે સહમાલિકીની છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એરપોર્ટ સર્કલથી ઈન્દિરાબ્રિજ સર્કલ સુધી રુપિયા દસ કરોડથી વધુના ખર્ચથી આઈકોનીક રોડ બનાવવામાં આવ્યો હતો. આઈકોનીક રોડ બનાવતા પહેલાં રોડલાઈનના અમલ દરમિયાન કપાતમાં આવતી મિલકતો સંપાદીત કરવામાં આવી હતી.સમગ્ર રોડલાઈનમાં ચૂકવવામાં થતા વળતર અંગે વેલ્યુઅર દ્વારા વળતરની અંદાજે રુપિયા ૧૦.૩૫ કરોડથી વધુ રકમ ચૂકવવાની થવાનો અંદાજ મુકયો હતો.સર્વે નંબર-૩૭૫ વાળી જગ્યાએ ૩૯૭ ચોરસમીટર જગ્યા માટે ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઈટસનો લાભ લેવામાં આવતા રુપિયા ૨.૭૩ કરોડની રકમ ચૂકવવાની રહેશે નહીં.બિન પરવાનગીવાળા બાંધકામની જગ્યા માટે કે જેની કુલ ૩૮૦.૧૪ ચોરસ મીટર જમીન સંપાદન કરવામાં આવી હતી.તેના વળતરપેટે પ્રતિ ચોરસમીટર રુપિયા ૮૧,૫૦૦ લેખે રુપિયા ૩.૦૯ કરોડ હાલ ચૂકવવાના થશે નહીં. આમ કુલ રુપિયા ૪.૫૧ કરોડનુ વળતર ચૂકવવાનું થશે.સિટી સર્વે ખાતાની નિતી મુજબ, આખેઆખા મહેસૂલી નંબર એટલે કે જે તે સિટી સર્વે નંબરની રોડલાઈનમાં સંપાદન થયેલ જગ્યા અંગે મળવાપાત્ર કોઈએક લાભ એટલે કે એફ.એસ. આઈ. અથવા ટી.ડી.આર.નો વિકલ્પ અસરગ્રસ્તોને આપવાનો થાય.

# ભૂતિયા શિક્ષકો બાદ ભૂતિયા રાશન સંચાલકો પર તવાઈ

## રાજ્યમાં આજથી મૂળ રાશનશોપના સંચાલક જ બાયોમેટ્રીક થંબ આપી લોગીન કરી શકશે, રાશનકાર્ડ ધારકોએ હવે ધક્કા ખાવા નહીં પડે

(એજન્સી) અમદાવાદ । તા.16

રાજ્યમાં રાશનશોપ પર અનેક ગોલમાલ ચાલતી હોવાની ફરિયાદો ઉઠ્યા બાદ સરકાર એકશનમાં આવી હતી અને ગોલમાલ પર લગામ લગાવવા માટે નવી વ્યવસ્થાનો અમલ કરવામાં આવ્યો છે. હવેથી મૂળ રાશન સંચાલક જ બાયોમેટ્રિક થમ્બ આપીને લોગીન કરી શકશે. FPSના સંચાલકોએ દુકાનો ખુલ્લી રાખી છે કે નહીં તેનું ગાંધીનગર સ્થિતિ ઓનલાઈન કંટ્રોલરૂમથી નિરીક્ષણ કરાશે. એટલે હવે રાશનકાર્ડ ધારકોએ અનાજ લેવા ધક્કા ખાવા નહીં પડે. સરકાર દ્વારા રાજ્યના 14,500 FPS સંચાલકો માટે આજથી નવી વ્યવસ્થાનો અમલ કરી દેવામાં આવ્યો છે. ગુજરાતના 73 લાખ NFSA (નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ) કાર્ડધારકો માટે રાજ્ય સરકારે મોટો નિર્ણય કર્યો છે. હવે રેશન લેવા જતી વખતે સસ્તા અનાજની દુકાન બંધ જોવા મળશે નહીં. સસ્તા અનાજની દુકાનો બંધ હોવાની ફરિયાદો મળતા સરકારે આ નિર્ણય કર્યો છે. નવા નિર્ણય મુજબ સરકારી



અધિકારીઓની જેમ હવે રેશન વિતરકોએ પોતાની ગેરહાજરીમાં અન્ય કોઈને ચાર્જ સોંપવો પડશે. આમ રેશનકાર્ડ ધારકોને દુકાનનો ધક્કો ખાવો પડશે થશે નહીં. રાજ્ય સરકારની યોજના હેઠળ અને N.F.S.A.-2013 હેઠળના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક કુટુંબોને પ્રોટીનસભર આહાર મળી રહે તે માટે કાર્ડદીઠ 1 કિ.ગ્રા ચણા રૂ.30 પ્રતિ કિ.ગ્રા.ના રાહતદરે તથા તુવેરદાળ કાર્ડદીઠ 1 કિ.ગ્રા. રૂ.50 પ્રતિ કિ.ગ્રા. ના રાહતદરે વિતરણ કરવામાં આવી રહ્યું છે.

### વિતરકની ગેરહાજરીમાં કોને ચાર્જ સોંપ્યો એની જાણ કરવી પડશે

આ અંગે રેશન વિતરકે બહાર જતી વખતે જિલ્લા પુરવઠા અધિકારીને જાણ કરવી પડશે. વિતરકની ગેરહાજરીમાં અન્ય કઈ વ્યક્તિ દુકાન ચાલુ રાખશે તે અંગે તંત્રને માહિતગાર કરવું પડશે.

### આ સમયે દુકાનો બંધ અને ખુલ્લી હશે

રેશનિંગની દુકાનોનો સમય સવારે 8.30થી 12 અને સાંજે 3.30થી 6 વાગ્યા સુધીનો છે. જ્યારે સોમવાર તેમજ જાહેર રજાના દિવસે દુકાનો બંધ હોય છે.

# અમદાવાદમા સ્ટ્રીટલાઈટના નવા પોલ્સ માટે SOP, 36 મીટરથી વધુ પહોળા રોડ ઉપર ૧૫૦ વોટના ફીટીંગનો ઉપયોગ કરાશે

(એજન્સી) અમદાવાદ । તા.16

અમદાવાદના વિવિધ રસ્તાઓ ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એલ.ઈ.ડી.લાઈટ ફીટીંગ કરવામાં આવ્યુ છે. આમ છતાં રોડ ઉપર પુરતો પ્રકાશ નહીં ફેલાતો હોવાની ફરિયાદ તંત્રને અવારનવાર મળતી રહે છે. આ બાબતને ધ્યાનમાં લઈ સ્ટ્રીટલાઈટના નવા નાંખવામાં આવનારા પોલ્સ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર અમલમાં મુકવા નિર્ણય કરાયો છે.૩૬ મીટરથી વધુ પહોળાઈ ધરાવતા રોડ ઉપર ૧૫૦ તથા ૪૫ મીટર કે તેથી વધુ પહોળાઈ ધરાવતા રોડ ઉપર ૧૭૦ વોટના ફીટીંગનો ઉપયોગ કરાશે.ધાર્મિક સ્થળ આવેલા હોય તેવા રોડ ઉપર ટ્રાફિકની ડેન્સીટી મુજબ એલ.ઈ.ડી.સ્ટ્રીટલાઈટ ફીટીંગ કરાશે.જાહેર કરવામાં આવેલી એસ.ઓ.પી.મુજબ, હેરીટેજ બિલ્ડિંગ તેમજ તેની આજુબાજુના રસ્તા ઉપરાંત આઈકોનીક રોડ માટે કન્સલ્ટન્ટ દ્વારા આપવામાં આવતી ડીઝાઈન મુજબના વોટેજના ફીટીંગ નિયત કરવામાં આવેલી ટેકનીકલ કમિટીની મંજુરી મેળવી ઉપયોગ કરવાનો રહેશે.શહેરમાં રોડની પહોળાઈ મુજબ,જી.આઈ. પાઈપના સ્વેજડ પોલ ઉભા કરવા તથા આઈકોનીક રોડ માટે કે અન્ય ખાસપ્રકારના રોડ માટે કોનીકલ પોલ કે કન્સલ્ટન્ટ દ્વારા આપવામાં આવતી ડીઝાઈન મુજબના પોલ ઉભા કરવાના રહેશે.ગાર્ડન,લેક કે પોન્ડની ડીઝાઈન પ્લાન્ટેશન,એસ્થેટીક લુક,વોક-વે,ગજેબો,ફુવારા, આર્કીટેકચરલ થીમ નકકી કર્યા બાદ સ્થળ પરિસ્થિતિ અનુસાર તેમજ સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં લઈ ગ્લાસ રેઈનફોર્સ્ડ પ્લાસ્ટીકના બનેલા ઈન્ટીગ્રેટેડ જંકશન બોકસ સહીતના પોલનો ઉપયોગ કરવામાં આવશે.

# સફેદ રણ, ધોરડો રણ અને રોડ ટુ હેવન વિસ્તાર 'પ્લાસ્ટિક ફ્રી ઝોન' જાહેર

## કચ્છ જિલ્લાની હદમાં આવેલા ધોરડો રણ ઉત્સવ વિસ્તારના સબરસ બસ સ્ટેન્ડથી વોચ ટાવર સુધીના રસ્તા અને તેની બંને તરફનો 2(બે)-2(બે) કિ.મી.નો વિસ્તાર, વોચ ટાવરની આસપાસનો સફેદ રણ વિસ્તાર અને "રોડ ટુ હેવન" (NH-754kનો કાઢવાંઢ તા.ભુજથી ધોળાવીરા ગામ એન્ટ્રી પોઈન્ટ સુધીનો રસ્તો અને તેની બંને બાજુના રણ વિસ્તારમાં તથા તેને સંલગ્ન રણમાં ભરાયેલ પાણીમાં) વિસ્તારમાં પ્લાસ્ટીકની બોટલ્સ, કોથળીઓ અને અન્ય પ્લાસ્ટીકની સિંગલ યુઝ ચીજવસ્તુઓ જાહેરમાં નાખવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુક્યો છે.

(એજન્સી) ભુજ । તા.16

કચ્છમાં ભૌગોલિક વૈવિધ્યનો ઉત્તમ ખજાનો જોવા મળે છે જેના લીધે કચ્છ જિલ્લો પ્રવાસનની દ્રષ્ટીએ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. રાજ્ય સરકારના સહયોગથી ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા દર વર્ષે ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. જેનો લાભ લેવા માટે દેશ-વિદેશથી પ્રવાસીઓ આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ધોરડો ખાતે રણ ઉત્સવની મુલાકાત લેતા પ્રવાસીઓ ખડીર વિસ્તારમાં આવેલા સફેદ રણમાંથી પસાર થતો રસ્તો કે જે "રોડ ટુ હેવન" (NH-754k નો ભાગ) ના નામે પણ ઓળખાય છે તેની પણ મુલાકાત લે છે.



સફેદ રણ વિસ્તાર, રોડ ટુ હેવનનો વિસ્તાર તેમજ ધોરડો રણ ઉત્સવનો વિસ્તાર પર્યાવરણીય દ્રષ્ટીએ સંવેદનશીલ છે. પ્રવાસીઓ દ્વારા પ્રવાસ દરમિયાન પ્લાસ્ટીકની બોટલ્સ, કોથળીઓ અને અન્ય પ્લાસ્ટીકની સિંગલ યુઝ ચીજવસ્તુઓ જેવો કચરો સફેદ રણ વિસ્તારમાં, રોડ ટુ હેવન વિસ્તારમાં અને તેને સંલગ્ન રણમાં ભરાયેલ પાણીમાં ફેંકવામાં ન આવે તે માટે પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે અને આ સ્થળોના સૌંદર્ય, સ્વચ્છતા અને પર્યાવરણીય પરિસ્થિતિ જાળવવા માટે તેને "Plastic Free Zone" જાહેર કરવા જરૂરી જણાય છે. કચ્છના જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-163 મુજબ જાહેરનામું બહાર પાડીને કચ્છ જિલ્લાની હદમાં આવેલા ધોરડો રણ ઉત્સવ વિસ્તારના સબરસ બસ સ્ટેન્ડથી વોચ ટાવર સુધીના રસ્તા અને તેની બંને તરફનો 2(બે)-2(બે) કિ.મી.નો વિસ્તાર, વોચ ટાવરની આસપાસનો સફેદ રણ વિસ્તાર અને "રોડ ટુ હેવન" (NH-754kનો કાઢવાંઢ તા.ભુજથી ધોળાવીરા ગામ એન્ટ્રી પોઈન્ટ સુધીનો રસ્તો અને તેની બંને બાજુના રણ વિસ્તારમાં તથા તેને સંલગ્ન રણમાં ભરાયેલ પાણીમાં) વિસ્તારમાં પ્લાસ્ટીકની બોટલ્સ, કોથળીઓ અને અન્ય પ્લાસ્ટીકની સિંગલ યુઝ ચીજવસ્તુઓ જાહેરમાં નાખવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુક્યો છે.

# GTUમાં ઈન્ટરવ્યૂ અને મહિલા પ્રોફેસરની જાતીય સતામણીની ફરિયાદ અંગે નિર્ણય લેવાશે

(એજન્સી) અમદાવાદ । તા.16

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં મહિલા પ્રોફેસરે એક પ્રોફેસર સામે સતામણીની ફરિયાદ નોંધાવી છે. આ અંગે તપાસ કમિટી રિપોર્ટ બનાવીને સોંપ્યો છે. આ ઉપરાંત GTUમાં પ્રોફેસર અને આસિસ્ટન્ટ પ્રોફેસરની ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. આ બંને મુદ્દા આગામી BOGની બેઠકમાં મૂકવામાં આવશે, ત્યારબાદ બંને અંગે નિર્ણય કરવામાં આવશે. BOG બેઠકમાં છેડતી મામલે કાર્યવાહી કરાશે GTUમાં ફરજ બજાવતા મહિલા પ્રોફેસરે GTUના એક પ્રોફેસર વિરુદ્ધ PHDના અભ્યાસ દરમિયાન કરેલી જાતીય સતામણી અંગે ફરિયાદ નોંધાવી છે.

જાતીય સતામણીની ફરિયાદ અંગે ICCને તપાસ સોપવામાં આવી હતી. ICC દ્વારા તપાસના 4 મહિને રિપોર્ટ તૈયાર કરીને GTUને સોંપવામાં આવ્યો છે. મહિલા પ્રોફેસરે અક્ષેપિત પ્રોફેસર વિરુદ્ધ મેસેજ અને રેકોર્ડિંગ સહિતના પુરાવા આપ્યા હતા.

જોકે, GTU દ્વારા અગાઉના CCC કૌભાંડની જેમ છેડતી મામલે પણ મૌન રાખવામાં આવ્યું છે. પરંતુ આગામી દિવસમાં મળનારી BOG બેઠકમાં છેડતી મામલે રિપોર્ટના આધારે કાર્યવાહી કરવામાં આવશે.

12 પોસ્ટ પર ભરતીના ઈન્ટરવ્યૂ પૂર્ણ GTUમાં પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર સહિતની અલગ-અલગ 12 પોસ્ટ પર ભરતી કરવા માટે 15 નવેમ્બર સુધી ઈન્ટરવ્યૂ ચાલ્યા હતા. જોકે, આ ઈન્ટરવ્યૂ હવે પૂર્ણ થયા છે. કમિટી દ્વારા ઈન્ટરવ્યૂ બાદ પસંદગી પામેલા ઉમેદવારોના નામ નક્કી કરીને GTUને સોંપ્યા છે. આગામી દિવસોમાં મળનારી BOG બેઠકમાં આ નામ જાહેર કરી લીલી ઝંડી આપીને ભરતી કરવામાં આવશે.